ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૪ જૂન, ૨૦૨૫ શનિવાર

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
માંડવી તાલુકાના સિરવા, મેરાઉ, ગોધરા, મોટા લાયજા, ભીરસરા, બાડા, જનકપર, બાયડ, પદમપર, કાઠરા, દુર્ગાપુર, રાયણ, કોડાય, ડોણ, ત્ડાડીયા, તલવાણા, નાની ખાખર, મસ્કા, ગુંદીયાળી, બિદડા, વાડા, ભાડાઈ, ફરાદી, પુનડી, જખણીયા, આસંબીયા, પીપરી,ભાડીયા, તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
અમરભાઈ વાઢા : 98790 14187
કલ્યાણ કોમ્પલેક્ષ, એસ.ટી. રોડ, માંડવી-કચ્છ.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
અંજાર તાલુકાના ભીમાસર, વરસામેડી, લાખાપર, સતાપર, દુધઈ, મોટા લોહારીયા, સીનુગ્રા, ખંભરા, ચંદીયા, નાગલપર, મેઘપર બોરીચી, તુણા વંઢી, રામપર, બીટા વલાડીયા, ટપ્પર, સંઘડ, માથક,વીરા વલાડીયા, રતનાલ, કોટડા(ચકાર),આંબાપર તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન જાહેરખબર માટે સંપર્ક કરો
ચેતન રાવલ : 98790 14192
નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, અંજાર-કચ્છ

◆અંક નંબર : ૦૨૩◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ વદ-૦૩◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભીષણ યુદ્ધના ભણકારા : વિશ્વ સ્તબ્ધ

## ઈઝરાયેલ પર ઈરાનનો વળતો મોટો પ્રહાર : તેલ અવીવ સહિતના શહેરોને બનાવ્યા નિશાન : તો વળી ઇજરાયેલે પણ ફરીથી ઈરાનના પરમાણું સ્થળો પર કર્યા હુમલા



તેલઅવિવ/ તહેરાન તા.૧૪: શુક્રવારે મોડી રાત્રે ઇઝરાયલી લડાકુ વિમાનોએ ફરી એકવાર ઈરાનના પરમાણુ સ્થળોને નિશાન બનાવ્યા. ઈરાનના રાજદૂતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને જણાવ્યું હતું કે શુક્રવારે ઇઝરાયલી હુમલામાં અત્યાર સુધીમાં ૭૮ લોકો માર્યા ગયા છે અને ૩૫૦ થી વધુ ઘાયલ થયા છે. ઈરાને ઇઝરાયલની વ્યાપારી રાજધાની તેલ અવીવને નિશાન બનાવીને લાંબા અંતરની મિસાઈલોથી બદલો લીધા બાદ રાજદૂતે આ વાત કહી હતી, ત્યારબાદ શનિવારે સવારે જેરુસલેમ અને તેલ અવીવના આકાશમાં સાયરન અને વિસ્ફોટો સંભળાયા હતા, જે કદાચ ઇઝરાયલી ઇન્ટરસેપ્ટર્સ તરફથી આવી રહ્યા હતા. ઇઝરાયલ પર ઈરાની હુમલાઓ ઈરાની સમય મુજબ રાત્રે ૧:૩૦ વાગ્યે શરૂ થયા હતા, જે ઑપરેશનના ત્રીજા તબક્કા હેઠળ કરવામાં આવ્યા છે. તમને જણાવી દઈએ કે પહેલા તબક્કામાં અનેક વ્યૂહાત્મક ઇઝરાયલી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ઇસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ એ ઈરાની અધિકારીઓ દ્વારા ઇઝરાયલ દ્વારા ઈરાન પર "આક્રમક હત્યાઓની શ્રેણી" ગણાવ્યાના ૨૪ કલાકથી ઓછા સમયમાં આ કાર્યવાહીની પુષ્ટિ કરી હતી, જેમાં રાજધાની તેહાનનો પણ સમાવેશ થાય

અનુસંધાન પાના નં.૪ પર

## અમદાવાદ દુર્ઘટના મુદે ગૃહમંત્રી એક્શનમાં : ડીએનએ પરીક્ષણ મુદે યોજી રીવ્યુ બેઠક

### ગૃહવિભાગના સચિવ, આઈબી, આઈજીપી-એફએસએલના ડાયરેક્ટર બેઠકમાં હાજર :

### પ્લેન દુર્ઘટના સાઈટની આજે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ લીધી મુલાકાત



ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી ના અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રીવ્યુ કરવામાં આવ્યો હતો.બેઠક બાદ પત્રકારોને બેઠક અંગેની વિગતો આપ તા ગૃહ રાજ્યમંત્રી હર્ષ

ગાંધીનગર: ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે એફએસએલ ના નિષ્ણાંતો દ્વારા પરિવારોના ડીએનએ ટેસ્ટની કાર્યવાહી કરવામાં આવી રહી છે અને જેટલા પણ પરિવારોના ડીએનએમ ટેસ્ટ મેચ થયા છે તેના રિપોર્ટ સિવિલ હોસ્પિટલને મોકલી આપવામાં આવે છે તેમ રાજ્યના ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી એ જણાવ્યું હતું અમદાવાદ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામેલ મૃતકોના ડીએનએ ટેસ્ટ પ્રક્રિયા અંગે આજે ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે રાજ્યના સંઘવી એ જણાવ્યું હતું કે ઉચ્ચ અધિકારીઓ સાથે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે એક બેઠક યોજી હતી. ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે સમગ્ર રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના નિષ્ણાંતો ની ટીમ રાત દિવસ પરિવારોના ડીએનએ ટેસ્ટની કામગીરી ઝડપથી થાય તે પ્રમાણે કામ કરી રહ્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા પણ મોટી સંખ્યામાં ફોરેન્સિક એક્સપર્ટ ની મદદ મોકલવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે ડીએનએ ટેસ્ટની ત્રણ

અનુસંધાન પાના નં.૪ પર

## ઋષિકેશ પટેલ કોલ્ડ સ્ટોરેજ પહોંચ્યો : ડીએનએ પ્રક્રીયા તેજ બનાવવાની હલચલ

### સિવિલમાં ૧૯૨ એમ્બુલન્સનો ખડકલો : પરીવારજનોને મૃતદેહની આજે થશે સોંપણી



ગાંધીનગર : અમદાવાદમાં પ્લેન ક્રેશની દુર્ઘટનામાં મૃતકોના પરીવારજનોના ડીએનએ ટેસ્ટની કામગીરી કરવામાં આવી રહી છે. વેળાસર જ ત્વરિત ધોરણે પરીવારજનોને ડીએનએ મેચ કરી અને મૃતદેહ વેળાસર જ સોપવામા આવે તે માટે સરકાર હરકતમાં આવી જવા પામી છે. આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર રાજયના આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલ સિવિલમાં પહોચ્યા છે અને તેઓ કોલ્ડસ્ટોરેજમાં પહોચી અને રૂબરૂ સ્થિતીનો ચિત્તાર મેળવ્યો છે. ડીએનએ વેળાસર જ મેચ થઈ જાય અને પરીવારજનોને મૃતદેહ સોપવામા આવે તે માટેની પ્રક્રીયાઓ ઝડપી બનાવવાની સુચના અને નિર્દેશો આપવામા આવ્યા છે. આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર આજે અમદાવાદ સિવિલ હોસ્પિટમાં ૧૯૨ જેટલી એમ્યુલન્સનો પણ ખડકલો થવા પામી ગયો છે અને આજે જ મૃતદેહો સોપી દેવામાં આવે તે અનુસારની સરકાર દ્વારા કાર્યવાહી કરવામા આવી રહી છે. ઋષિકેશ પટેલ સાથોસાથ અન્ય અધિકારીઓ પણ આજ રોજ કોલ્ડ સ્ટોરજ પહોચ્યા છે.

## પ્લેનના કાટમાળમાંથી વધુ એક મૃતદેહ મળ્યો

### પ્લેનના ટેઈલમાંથી મળેલ મૃતદેહ ક્રુ મેમ્બરનો હોવાની વકી : પીએમ માટે સિવિલમાં લઈ જવાયો

અમદાવાદ : વિમાન દુર્ઘટના બાદ રાહત બચાવની કામગીરી સતત ચાલી રહી છે. સ્થળ પર વિવિધ એજન્સીઓ કાર્ય કરી રહી છે તે દરમ્યાન જ મળતી વધુ વિગતો અનુસાર આજ રોજ સવારે પ્લેનના કાટળમાથી વધુ એક મૃતદેહ મળી આવવા પામ્યો છે. પ્લેનના ટેઈલના ભાગમાંથી આ મૃતદેહ મળ્યો છે અને પ્રાથમિક તબક્કે તે પ્લેનના ક્રુ મેમ્બરનો હોવાની વાત સામે આવી રહી છે. મૃતદેહને સિવિલમાં પીએમ માટે લઈ જવામા આવ્યો છે.

## અમદાવાદ વિમાન દુર્ઘટના : કેન્દ્રીય ઉડ્ડયન મંત્રીની અધ્યક્ષતામાં એરસેફટી માટે બેઠકનો ધમધમાટ શરૂ

### એસઓપીનું પાલન અમદાવાદ વાળી ફલાઈટમાં કેવુ કરાયુ હતુ? ઉપરાંત એસઓપીમાં કેવા કેવા પ્રકારના ફેરફાર કરવાની છે જરૂરિયાત : અમદાવાદ દુર્ઘટનાની તપાસની પ્રગતિ માહીતીઓ પણ મેળવાઈ

નવી દીલ્હી : અમદાવાદમાં વિમાન દુર્ઘટના સર્જાઈ છે તેનાથી દેશ-દુનીયાની એવીએશન ઈન્ડીસ્ટ્રીઝ હચમચી જવા પામી છે. ત્યારે આજ રોજ ભારતીય એવીએશન કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી રામમોહન નાડયુ પણ હવે એક્શનમાં આવી જવા પામ્યા છે. તેઓએ આજે સવારે એક હાઈલેવલ કમીટીની બેઠક યોજી અને તેમાં વિવિધ અધિકારીઓ પણ હાજર રહ્યા છે. આ બેઠકમાં ખાસ કરીને એર સેફટીને લઈને સમીક્ષાઓ હાથ ધરવામા આવી છે. હાલમાં કેવા પ્રકારની એસઓપી અમલી બની છે, અમદાવાદ વાળી ઘટનામાં તેની સંપુર્ણ અમલવારી કરવામ આવી હતી કે નહી? આ ઉપરાંત વર્તમાન દુર્ઘટનાને જોતા હવે એસઓપીને લઈને કેવા કેવા વધુ ફેરફારો કરવાની જરૂર છે તે મામલે પણ આ બેઠકમાં વિચાર વિમર્શ કરવામા અવ્યા છે. અમદાવાદમા જે દુર્ઘટના બની છે તેનુ પુનરાવર્તન ન થાય તે માટેના નિર્ણયો પણ આ બેઠકમાં ચર્ચા કરવામા આવ્યા છે.

## ગુજરાત કેડરના ચાર સનદી અધિકારીઓની કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર નિમણૂંક

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર: ગુજરાત કેડરના ૪ સનદી અધિકારીઓને કેન્દ્ર સરકારમાં પ્રતિનિયુક્તિ પર નિમણૂંક આપતા હુકમો કરવામાં આવ્યા છે.રાજ્ય સરકારના પંચાયત ગ્રામ ગ્રહ નિર્માણ વિભાગના સચિવ તરીકે ફરજ બજાવતા મનીષા ચંદ્રની બદલી કરીને તેમને કેન્દ્ર સરકારમાં ડિફેન્સ પ્રોડક્શન વિભાગના સંયુક્ત સચિવ તરીકે નિમણૂક આપવામાં આવી છે. રાજ્ય સરકારના નાણા વિભાગ ખર્ચના સચિવ તરીકે ફરજ બજાવતા કે.કે. નિરાલાની બદલી કરીને તેમને કેન્દ્ર સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે નિમણૂક આપવામાં આવી છે. રાજ્ય સરકારના પ્રવાસન નિગમના એમડી તરીકે ફરજ બજાવતા શૈદીગપુલી. ચાક્યૂઆક ની બદલી કરીને તેમને કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય હેઠળના નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશનમાં સંયુક્ત સચિવ તરીકે નિમણૂક આપ વામાં આવી છે.આ ઉપરાંત રાજ્ય સરકારમાં ડી-સેગ ના મુખ્ય કારોબારી અધિકારી તરીકે ફરજ બજાવતા સુપ્રીત સિંગ ગુલાટી ની બદલી કરીને તેમને કેન્દ્ર સરકારમાં આંકડા અને પ્રોગ્રામ અમલીકરણ મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે નિમણૂક આપવામાં આવી છે.

## જામનગરમાં દાદાનું બુલડોઝર ચાલ્યું

### દબાણો ફરી ફરી મેગા ડીમોલીશનનો આજથી ધમધમાટ

ગાંધીનગર : માથાભારે તત્વો અને શિરજોરો દ્વારા કરવામાં આવેલા દબાણો પર ગુજરાત સરકાર અને મુખ્યપ્રધાન સતત લાલઆંખ કરી રહ્યા છે દરમ્યાન જ મળતી વધુ વીગતો અનુસાર જામગનરમાં દાદાનું બુલડોઝર ફરી ચાલ્યું છે. દબાણોના મેગા ડીમોલીશનનોઆજથી ફરી ધમધમાટ શરૂ થવા પામ્યો છે. રીવફ્રન્ટથી લઈ અને આ માર્ગ પર આવતા દબાણો દુર કરાયા છે.

## રાજકોટના પનોતા પુત્ર વિજયભાઇ રૂપાણીને ભાવાંજલિ : શહેર બપોર સુધી સજ્જડ–સ્વયંભૂ બંધ

**રાજકોટના વિકાસમાં વિજયભાઇનો સિંહફાળોઃ શહેરે ચૂકવ્યું ઋણઃ ૬૫૦ જેટલી ખાનગી-મ્યુ.સ્કુલો મુખ્ય બજારો બંધઃ નગરજનો શોકમાં ગરકાવ : કાલે અંતિમયાત્રા**



અમદાવાદ : બે દિવસ પહેલા અમદાવાદથી લંડન જઈ રહેલ પ્લેન અમદાવાદ એરપોર્ટથી ઉડાન ભર્યા બાદ માત્ર એક સેકન્ડમાં પ્લેનક્રેશ થઈ ગયું હતું. આ ગોઝારી દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરોના મૃત્યુ નિપજ્યા હતા. આ દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીનું પણ અવસાન થયું છે. આ ઘટનાથી રાજ્યભરમાં શોકનો

અનુસંધાન પાના નં.૪ પર

### અમદાવાદ પ્લેન ક્રેશઃ વિજય રૂપાણીના પુત્ર ગાંધીનગર પહોંચ્યા



અમદાવાદ : અમદાવાદ વિમાન દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના નિધનના સમાચાર બાદ રાજકીય શોકનો માહોલ છે. ત્યારે આજે વહેલી સવારે વિજય રૂપાણીના પુત્ર ઋષભ રૂપાણી ગાંધીનગર પહોંચી ગયા છે. ઉલ્લેખનીય છે અંજલિબહેન રૂપાણી શુક્રવારે (૧૩ જૂને) લંડનથી સ્પેશિયલ ચાર્ટડ પ્લેન મારફતે અમદાવાદ એરપોર્ટ પહોંચ્યા હતા, જ્યારે ઋષભ રૂપાણી શનિવારે (૧૪ જૂને) વહેલી સવારે અમેરિકાથી ગાંધીનગર પહોંચ્યા હતા. રાજકીય નેતાઓ ગાંધીનગર ખાતે આવેલા તેમના બંગલે પહોંચી રહ્યા છે. ત્યારે દિવંગત વિજય રૂપાણીના અંતિમ સંસ્કાર રાજકોટમાં કરવામાં આવશે.

## વિમાન દુર્ઘટનાની તપાસ-નવી ભલામણો સુચવવા ઉચ્ચસ્તરીય કમીટીની રચના

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી :અમદાવાદ એરપોર્ટે સર્જાયેલી કરૂણાંતિકાના આઘાતમાંથી દેશ હજી બહાર આવ્યો નથી ત્યારે સરકાર દ્વારા દુર્ઘટનાની તપાસ માટે જુદા જુદા ક્ષેત્રોનાં નિષ્ણાંતોની એક ઉચ્ચ સ્તરીય કમીટીની રચના કરી છે અને ત્રણ મહિનામાં રિપોર્ટ આપ વાની સુચના આપી છે.વિમાન દુર્ઘટનાનું કારણ સુરક્ષાનાં પ્રવર્તમાન પ્રોટોકોલની સમીક્ષા તથા ભવિષ્યમાં આ પ્રકારની દુર્ઘટના રોકવા માટે ભલામણ કરવા તપાસ કમીટીને કહેવામાં આવ્યું છે.કેન્દ્રીય ઉડ્ડયન મંત્રાલય દ્વારા ઈસ્યુ કરાયેલા ઓર્ડરમાં એમ કહેવાયું છે.કે ઉચ્ચ સ્તરીય મલ્ટી-ડીસીપ્લીનરી કમીટી તપાસ માટે ગઠીત કરવામાં આવી છે કમીટી પ્રવર્તમાન એસઓપીની સમીક્ષા કરશે. નવી માર્ગદર્શિકા સુચવશે. એવી ચોખવટ કરવામાં આવી છે કે હાલ તપાસ કરતી એજન્સીઓની કામગીરી યથાવત રહેશે.

## શુભાંશુ શુક્લાનું મિશન ૧૯મી તારીખે લોન્ચ થશે

નવીદિલ્હી : અવકાશની દુનિયામાં એક મોટા સમાચાર આવ્યા છે. તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન સંગઠન, એક્સિઓમ સ્પેસ અને સ્પેસએક્સ વચ્ચે એક બેઠક યોજાઈ હતી, જેમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ બેઠકમાં પુષ્ટિ કરવામાં આવી હતી કે ફાલ્કન ૯ રોકેટમાં પ્રવાહી ઓક્સિજન લીકેજની સમસ્યા નક્કી કરવામાં આવી છે. ઉપ રાંત, એક્સ-૦૪ મિશન માટે નવી તારીખ ૧૯ જૂન ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. ગયા અઠવાડિયે, ૧૦ જૂન ૨૦૨૫ ના રોજ એક્સિઓમ-૪ મિશનનું લોન્ચિંગ મુલતવી રાખવામાં આવ્યું હતું કારણ કે ફાલ્કન ૯ રોકેટમાં પ્રવાહી ઓક્સિજન લીકેજ જોવા મળ્યું હતું.

## રાજ્યભરમાં ટેકાના ભાવે ઉનાળુ મગની ખરીદી શરૂ

અમદાવાદ : ગુજરાતભરમાં આજે, ૧૪મી જૂન, ૨૦૨૫થી ઉનાળુ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ ગઈ છે. આ પહેલનો મુખ્ય હેતુ ખેડૂતોને તેમના ઉત્પાદન માટે વાજબી ભાવ મળે તેની ખાતરી કરવાનો છે. આ ખરીદી પ્રક્રિયા દ્વારા રાજ્યના ૨૩,૪૦૦થી વધુ ખેડૂતોને સીધો લાભ મળશે, જેમણે આ યોજના હેઠળ નોંધણી કરાવી છે.ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ માટે મગ પાક માટે ૮,૬૮૨ પ્રતિ ક્વિન્ટલ (૧૦૦ કિલોગ્રામ)નો ટેકાનો ભાવ જાહેર કર્યો છે.આ ભાવ ખેડૂતોને બજારની અસ્થિરતાથી રક્ષણ આપે છે અને તેમને તેમના પાક માટે સુરક્ષિત વળતર મળે તે સુનિશ્ચિત કરે છે.ઉનાળુ મગના વાવેતર વિસ્તારને ધ્યાનમાં રાખીને, ગુજરાતમાં પ્રતિ ખેડૂત મહત્તમ ૧,૫૦૦ કિલોગ્રામ મગની ખરીદી કરવામાં આવશે. આ મર્યાદા રાજ્યમાં ઉનાળુ મગના સરેરાશ ઉત્પાદકતાને ધ્યાને રાખીને નક્કી કરવામાં આવી છે.વર્ષ ૨૦૨૪-૨૫ના ત્રીજા એડવાન્સ અંદાજ મુજબ, ગુજરાતમાં ઉનાળુ મગનું કુલ વાવેતર ૫૫,૬૧૦ હેક્ટર જેટલું થયું છે. આ વાવેતરમાંથી કુલ ૭૦,૮૭૦ મેટ્રિક ટન (૭.૦૮ કરોડ કિલોગ્રામ) મગનું ઉત્પ ાદન થવાનો અંદાજ છે. રાજ્યમાં ઉનાળુ મગની ઉત્પ ાદકતા ૧૨૭૪.૨૭ કિલોગ્રામ પ્રતિ હેક્ટર નોંધાઈ છે. આ આંકડા ગુજરાતમાં ઉનાળુ મગના નોંધપાત્ર ઉત્પાદનને દર્શાવે છે.ટેકાના ભાવે ઉનાળુ મગના વેચાણ માટે, દ્મઇહ્લઈઙ્ઘ (નેશનલ એગ્રીકલ્ચરલ કોઓપરેટિવ માર્કેટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ)ના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર રાજ્યના કુલ ૨૩,૪૮૮ ખેડૂતોએ સફળતાપૂર્વક નોંધણી કરાવી છે. આ મોટી સંખ્યા દર્શાવે છે કે ખેડૂતો આ યોજનાનો લાભ લેવા માટે ઉત્સુક છે.રાજ્યમાં ઉનાળુ મગના વાવેતરને ધ્યાનમાં રાખીને, પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી કુલ ૧૭,૭૧૩ મેટ્રિક ટન (૧.૭૭ કરોડ કિલોગ્રામ) મગના જથ્થાની ખરીદી કરવામાં આવશે.

## ઈઝરાયલે કાશ્મીરથી અરુણાચલ સુધીનો નકશો ખોટો બતાવ્યો : ભારતીયો ભડકતાં માફી માગી

નવીદિલ્હી : ઈઝરાયલ ડિફેન્સ ફોર્સિસ દ્વારા શુક્રવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરાયેલા એક નકશાએ વિવાદ સર્જાયો છે. આ નકશામાં ઈરાની મિસાઈલોની રેન્જ દર્શાવવામાં આવી હતી, પરંતુ તેમાં ભારતની સરહદને ખોટી રીતે દર્શાવવામાં આવી હતી, જેના કારણે સોશિયલ મીડિયા પર હોબાળો મચી ગયો હતો. નકશામાં જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ અને અરુણાચલ પ્રદેશને ચીનનો ભાગ દર્શાવી દીધો હતો. ત્યારબાદ ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સ વાંધો ઊઠાવતા આઈડીએફએ માફી માંગવી પડી હતી.

અહેવાલો અનુસાર, ૧૩મી જૂનના રોજ આઈડીએફએ એક ગ્રાફિકલ વર્લ્ડ મેપ 'X' પર પોસ્ટ કર્યો હતો. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે, ઈરાનની મિસાઈલો કયા કયા વિસ્તારોમાં હુમલો કરી શકે છે. પોસ્ટમાં લખ્યું 'ઈરાન એક વૈશ્વિક ખતરો છે. ઈઝરાયલ તેનું અંતિમ લક્ષ્ય નથી, તે ફક્ત શરૂઆત છે. અમારી પાસે કાર્યવાહી કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.' જો કે, નકશામાં ભારતની સરહદો સચોટ રીતે દર્શાવવામાં આવી ન હતી, જેના કારણે વિવાદ સર્જાયો હતો.

સોશિયલ મીડિયા યુઝર્સે નકશામાં ભૂલો જોઈ. જમ્મુ-કાશ્મીરને પાકિસ્તાનનો ભાગ અને અરુણાચલ પ્રદેશને ચીનનો ભાગ દર્શાવવામાં આવ્યો હતો, જ્યારે ઉત્તર-પૂર્વીય પ્રદેશ નેપાળ સાથે જોડાયેલો હતો. આ ભૂલથી ભારતીય સોશિયલ મીડિયા યુઝર્સ ગુસ્સે થયા હતા.

::: જાહેરાત :::
માતોશ્રી તારાબેન, પ્રભાબેન પ્રેરિત
નિ:શુલ્ક નોટરી કેન્દ્ર
અમો વર્ષો થી મફત કાનૂની માર્ગ દર્શન લોકોને આપતા આવીએ છીએ અને આપશું પરંતુ આજ અમોએ નોટરી તરીકેની સેવા નિ:શુલ્ક શરૂ કરેલ છે જેનો બહોળી સંખ્યામા લોકોએ લાભ લેવા વિનંતી.
સ્થળ : બી-૮૪૮, સપનાનગર, ગાંધીધામ
ખાસ નોંધ : અરજદારે મો. ૯૮૨૫૧ ૮૭૬૧૮ ઉપર સંપર્ક કરી એપોઈન્ટમેન્ટ લઈને પછી જ રૂબરૂ આવવું અરજદારે સ્ટેમ્પ અને સ્ટેમ્પ પેપરનો ખર્ચ જાતે ભોગવવાનો રહેશે.
રાજેશગર ગોસ્વામી એડવોકેટ એન્ડ નોટરી એસોસિએટ
• આર. એચ. ભાવસાર • એસ. આર. સોનકર
• આર. એચ. રાઠોડ • આર. આર. રાઠોડ
• એ. કે. રાઠોડ • એ. પી. ગોસ્વામી
:: સૌજન્ય ::
કેદાર ગ્રુપ, ગાંધીધામ
ઉમેશ ગુસાઈ, ગુરૂ લોજીસ્ટિક

# ભુજ ખાતે બીએપીએસ સ્વામિનારાયણ મંદિરની જગતીપીઠિકા સ્થાપનનો કાર્યક્રમ ઉજવાયો







ભુજ : શહેર ખાતે એરપોર્ટ રિંગરોડ પર નિર્માણ થઈ રહેલ શાંતિ અને સંવાદિતાનું અભિનવ તીર્થ એવા બીએપીએસ સ્વામિનારાયણ મંદિરનું કામ ઝડપભેર ચાલી રહ્યું છે. પૂજ્ય મહંતસ્વામી મહારાજે ભુજ ખાતે સ્વયં શિખરબદ્ધ મંદિરનો જ્યાં શિલાન્યાસ કરેલ તે મંદિરનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. જ્યાં ભગવાન સ્વામિનારાયણ તથા ગુણાતીતાનંદ સ્વામી સહિત અવતારોના સ્વરૂપો બિરાજમાન થવાના છે તેવા મંદિરમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજે પૂજા કરેલ જગતીપીઠિકાની સ્થાપન વિધિ તાજેતરમાં બીએપીએસ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય આનંદ સ્વરૂપ સ્વામીના કરકમળો દ્વારા ભુજ ખાતે સંપન્ન થઈ હતી.

૧૩ એકર વિશાળ ભૂમિ પર નિર્માણ થનાર આ મંદિર પરિસરમાં સનાતન ધર્મની શાસ્ત્રીય પરંપરા મુજબ અભિનવ તીર્થધામ રચાઈ રહ્યું છે ૧,૧૦,૦૦૦ ઘનફુટ રાજસ્થાની આરસમાંથી નિર્માણ થનાર આ મંદિરમાં હિમાલયના ઉત્તુંગ શિખરો સમાન પાંચ શિખર બે ઘૂમટ તથા ૨૦ ઘુમટીઓ ૧૫૨ સ્તંભો તથા ૧૫૦ ધોરણ અને શ્રીહરિના લીલાશિલ્પોથી શોભતી બેનમૂન જગતીપીઠિકાના પ્રથમ એકમનું સ્થાપન સંપન્ન થયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પીઠીકાની મહાપૂજા વિધિ વેદોક્ત મંત્રોચાર વચ્ચે સંતો દ્વારા સંપન્ન થઈ હતી.

આ પ્રસંગે કચ્છના ધર્મપ્રેમી નાગરિકો, હરિભક્તો ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, પબ્લિક પ્રોસિક્યુટર કલ્પેશભાઈ ગોસ્વામી તથા કચ્છ અને કચ્છ બહારથી વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા તથા રાજકોટ ભાદરા સહિતના મંદિરોના પૂજ્ય કોઠારી સ્વામી સહિતના સંતો ઉપસ્થિત રહ્યા હતા. સનાતન ધર્મના અવતારો, દેવતાઓ, ગાંધર્વો, મહાન ભક્તો તેમજ પરમહંસોના ૪૦૦ થી વધુ સુંદર રૂપશિલ્પો સહિતનું આ મંદિર કચ્છ સહિત સમગ્ર ગુજરાત માટે એક તીર્થસ્થાન બની રહેશે.

આ પ્રસંગે આશીર્વાદમાં પૂજ્ય આનંદ સ્વરૂપ સ્વામીએ સનાતન સંસ્કૃતિમાં શાસ્ત્ર મંદિર અને સંત ની પાયાની ભૂમિકા સુપેરે વર્ણવી હતી તથા મંદિર જીવનમાં પ્રગતિ શાંતિ અને વૈચારિક તથા આધ્યાત્મિક ઉન્નતિ માટે જરૂરી હોવાનું જણાવ્યું હતું ભુજમાં નિર્માણ થનાર મંદિરથી સમગ્ર કચ્છ સત્સંગી થાય અને સર્વની ઉન્નતી થાય તેવા આશીર્વાદ પાઠવ્યા હતા. મંદિર પરિસર ઉપરાંત પ્રેમવતી ઉપહારગૃહ, કચ્છનો ઈતિહાસ અને દેશની અસ્મિતા સાથે ભગવાન સ્વામિનારાયણના કચ્છ પ્રદેશના ચરિત્રોને વિવિધ માધ્યમોથી પ્રદર્શિત કરતું વિશાળ પ્રદર્શન ખંડ, સ્વાગતકક્ષ, અભિષેક મંડપમ, પ્રદક્ષિણા, યાત્રિકો માટે વિશાળ રસોડું અને ભોજનશાળા, ૪,૫૦૦ બેઠકની ક્ષમતા વાળો ભવ્ય સભામંડપ તેમજ બાલ-બાલિકા યુવા-યુવતી અને મહિલા પ્રવૃત્તિના ખંડો, ઉપરાંત સત્સંગ કાર્યાલયો, વિદ્વાન અને સત્સંગસેવા રત સંતો માટેના સંતનિવાસ, સંસ્કાર યુક્ત શિક્ષણ માટે વિદ્યાર્થીઓને રહેવાની સુવિધાસજ્જ છાત્રાવાસ સહિત યાત્રિકો માટે ઉતારાની વ્યવસ્થા સહિતના બાંધકામોનું કાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે. કોઠારી પૂજ્ય વિવેક મંગલ સ્વામીના માર્ગદર્શનમાં કાર્યકરો તથા હરિભક્તોએ વ્યવસ્થા સંભાળી હતી. ધારાસભ્ય કેશુભાઈ પટેલ તથા પબ્લિક પ્રોસિક્યુટર્સ કલ્પેશભાઈ ગોસ્વામી એ પોતાની ભાવોર્મી વ્યક્ત કરી સહયોગની ખાતરી આપી હતી.

# કચ્છના તમામ તાલૂકાઓની અદાલતામોમાં લોક અદાલત યોજાશે

ભુજ : રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તેમજ ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદની સુચના અને માર્ગદર્શન મુજબ આગામી તા. ૧૨-૭ના શનિવારના સમગ્ર કચ્છ જીલ્લાના તમામ તાલૂકાઓની અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટીરીયલ સિટિંગ યોજવામાં આવનાર છે. જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો જેવા કે, ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાઓના કેસ, જમીન સંપાદન વળતર કેસ, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટના કેસ, ગ્રાહક સેવા તકરારની બાબતો, બેંક રીકવરી કેસ, વીજ કંપનીના કેસ, લેબરને લગતા કેસો, મોટર અકસ્માત વળતર કેસ, લગ્ન વિષયક કેસો, દિવાની કેસો વિગેરે જેવા તમામ તમામ કેસો મુકવામાં આવશે. આ ઉપરાંત એવા કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી તેવા પ્રકારના પ્રિલીટીગેશન કેસો, જેમાં પબ્લીક યુટીલીટી સર્વિસીસ જેવી કે, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ના કેસો, બેંક રીકવરી કેસો, લેબર ડીસ્પ્યુટસ, વીજ તથા પાણીના બાકી લેણાંનાં કેસો વિગેરેનો રાષ્ટ્રીય લોક અદાલતમાં આયોજન કરવામાં આવેલ છે. વધુમાં આ લોક અદાલત પૂર્વે વાહન અકસ્માતના કેસોમાં ખાસ પ્રિ કન્સીલીએશન સિટિંગ યોજાયેલ છે.

આ ઉપરાંત ટ્રાફિક નિયમભંગ કરનાર ૮૦૦૦થી વધુ વાહન ચાલકોને નોટીસ પણ પાઠવવામાં આવેલ છે, જેમાં બાકી દંડની રકમ ભરી આપવા તાકીદ કરવામાં આવે છે. કચ્છ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, ભુજની ટીમ, પોલીસ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ભુજ તથા ગાંધીધામની ટીમ દ્વારા મોનીટરીંગ કરી જે લોકો ટ્રાફિક નિયમોનો ભંગ કરે છે. તેવા લોકોને તેમના મેમો અંતર્ગત નોટીસ ઈશ્યુ કરવામાં આવેલ છે. વિગતવાર ચલણ ભરપાઈ અંગેની માહિતી માટે વાહન ચાલકે નેત્રમ કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સિસ્ટમ અથવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય - ભુજનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.લોક અદાલતની વધુ માહિતી માટે જીલ્લા સ્તરે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય - ભુજ (૦૨૮૩૨ - ૨૫૪૯૩૦) તથા તાલૂકા સ્તરે તાલૂકા કાનૂની સેવા સમિતિ, તાલૂકા અદાલત, રાપર / ભચાઉ / ગાંધીધામ / અંજાર / ભુજ / નખત્રાણા / દયાપર / નલિયા / માંડવી / મુન્દ્રા મધ્યે સંપર્ક કરી વિષેશ માહિતી મેળવી શકે છે.

## ૧૪ જૂનથી ગાંધીધામ - જોધપુર એક્સપ્રેસમાં ૬ કોચ ઉમેરવામાં આવ્યા

ગાંધીધામ : રેલવે પ્રશાસન દ્વારા મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને, ટ્રેન સંખ્યા ૨૨૪૮૪ / ૨૨૪૮૩ ગાંધીધામ - જોધપુર સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૬ વધારાના કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. ટ્રેન સંખ્યા ૨૨૪૮૪/૨૨૪૮૩ ગાંધીધામ- જોધપુર- ગાંધીધામ સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૧૪મી જૂન ૨૦૨૫થી ગાંધીધામથી અને ૧૩ જૂન ૨૦૨૫થી જોધપુરથી એક એસી-૨ ટાયર, એક એસી-૩ ટાયર, બે એસી-૩ ટાયર ઈકોનોમી અને બે સ્લીપર ક્લાસ સહિત કુલ ૬ કોચ ઉમેરવામાં આવી રહ્યા છે. વધુ માહિતી માટે રેલવેની વેબસાઈટ જોઈ લેવા યાદીમાં જણાવાયું છે.

# શિક્ષણના માધ્યમથી સમાજ પ્રગતિની હાકલ

## પશ્ચિમ કચ્છ કોલી સમાજ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા 'પ્રથમ સરસ્વતી સન્માન' વિધિ ભવ્ય રીતે યોજાઈ

ભુજ : શિક્ષણ એ સમાજના સશક્તિકરણનું માધ્યમ છે અને તેના દ્વારા સમૂહનો સર્વાંગી વિકાસ શક્ય બને છે આ વિચાર સાથે પશ્ચિમ કચ્છ કોલી સમાજ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ભુજના માધાપર યક્ષ મંદિરના સભાખંડમાં "પ્રથમ સરસ્વતી સન્માન" કાર્યક્રમની ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમમાં પશ્ચિમ કચ્છ કોલી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ તથા સરકારી ક્ષેત્રમાં સેવા આપતા કર્મચારીઓને સન્માનપત્ર, રોકડ ઈનામ, ટ્રોફી અને સાલ અર્પણ કરી ખુબ આદરપૂર્વક સન્માનિત કરવામાં આવ્યા.

વિધિનો આરંભ દીપપ્રાગટ્ય દ્વારા થયો હતો, જે મુખ્ય મહેમાનોના હસ્તે સંપન્ન થયો. જેમાં પ્રોફેસર પિયૂષભાઈ, પી.આઈ. શ્રી બી.આર. કોલી, સમાજના પ્રમુખ વિજયભાઈ, ઉપપ્રમુખ વિશ્રામભાઈ, અંજાર તાલુકા પ્રમુખ ભીખાભાઈ, સમૂહલગ્ન સમિતિના પ્રમુખ દેવજીભાઈ, શિવાજી સેના અધ્યક્ષ ગંગારામભાઈ તથા તેજસ્વી વિદ્યાર્થી વિજય, ધ્રુવ અને વિદ્યાર્થિનીઓ એલિશાબેન અને પલકબેન ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સમાજના આગેવાનો, શિક્ષિત યુવાઓ અને સરકારી કર્મચારીઓ દ્વારા એકજ અવાજે શપથ લેવાયો કે શિક્ષણ દ્વારા સમાજને આર્થિક, સામાજિક અને રાજકીય રીતે મજબૂત બનાવવામાં આવશે. સાથે જ સંગઠનશક્તિ અને એકતાના મહત્વ પર પણ ભાર મૂકાયો હતો. ટ્રસ્ટ તરફથી ભવિષ્ય માટે કેટલીક મહત્વની પ્રવૃત્તિઓ ઘોષિત કરવામાં આવી છે, જેમાં અગાઉ અભ્યાસમાંથી બહાર ગયેલા વિદ્યાર્થીઓને પુનઃ જોડાવવા પ્રયાસ, વાલી મિટિંગનું આયોજન, ઉચ્ચ અને વ્યવસાયિક શિક્ષણ અંગે સેમિનાર, તથા શૈક્ષણિક સ્નેહમિલન જેવા કાર્યક્રમો સામેલ છે.કાર્યક્રમના સફળ આયોજન માટે ટ્રસ્ટીઓ સહિત યુવા ટીમે મહેનતપૂર્વક કામગીરી બજાવી હતી. જેમાં કિશોરભાઈ સરવૈયા, મનીષભાઈ કોલી, રાજેશભાઈ લાડક, ભરતભાઈ કોલી, હિતેશભાઈ કોલી, શાંતિભાઈ કોલી, નીલેશભાઈ કોલી, મહેશભાઈ કોલી, રવિભાઈ ભમ્મર, કાર્તિકભાઈ કોલી, બ્રિજેશભાઈ સમ્રાટ, સુરેશભાઈ કોલી અને દિનેશભાઈ કોલીનો વિશેષ સહયોગ નોંધાયો હતો.

## રંગભુમિના કલાકારોનું સન્માન કરાયો



"માસ્તર" અને કિર્તીભાઈ કોટકની નાટકની સમજ અને રંગભૂમિના અનુભવો સન્માન સાથે ડો.ગૌતમ જોશી લિખિત 'રંગમંચ" પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે તે અનુસંધાને જોરાવરસિંહજી રાઠોડ દ્વારા પ્રકાશિત થયેલી "રંગમંચ" પુસ્તક મઉ ગામ કલાકાર શાંતિલાલભાઈને ડો.ગૌતમ જોશીએ અને કિર્તીભાઈ કોટકને ડો. મધુકાન્તભાઈ આચાર્ય પુસ્તક અર્પણ કર્યું હતું. આ પ્રસંગે તરૂણકાંતભાઈ સોની, દીપકભાઈ પંડ્યા અને કલાકારોના પરિવારજનો હાજર રહ્યા હતા.

# માધાપરના તેરાપંથ સંઘના ભાવિકોએ વ્યાખ્યાનનો લીધો લાભ



ભુજ : તેરાપંથ ધર્મસંઘના અગિયારમાં યુગપ્રધાન આચાર્ય મહાશ્રમણજી ધવલ સેના સાથે સમગ્ર ભારતમાં ૫૫૦૦૦થી વધારે કિ.મી.ની પદયાત્રા કરી વ્યસન મુક્તિ, નૈતિકતા, સદ્ભાવનાની પ્રેરણા આપતા કચ્છમાં પગલાં કરી હાલે અમદાવાદ ચાતુર્માસ માટે એમના ચરણો ગતિમાન છે ત્યારે આચાર્યશ્રીએ કચ્છ ઉપર કૃપા કરી ભુજ અને ગાંધીધામમાં બન્ને જગ્યાએ ચાતુર્માસ ફરમાવેલ છે, જેમાં વિશેષ તરીકે ભુજ ચાતુર્માસ માટે સાધ્વી હેમલતાશ્રીજી આદિ ઠા.૭માં ચાર સાધવીઓ વાગડના બેલા - ફતેહગઢના છે, જેમનો ચાતુર્માસ પહેલા શેષકાળમાં માધાપર તેરાપંથ ભવનમાં બાવીસ દિવસનો પ્રવાસ ખૂબજ સફળ રહ્યો હતો.

માધાપરના આ પ્રવાસ દરમ્યાન સાધ્વી હેમલતાશ્રીજી, સાધ્વી મુક્તિશ્રીજી, સાધ્વી રૂચિરપ્રભાજી, સાધ્વી અર્ચનાશ્રીજી તથા સાધ્વી સાત્વિકપ્રભાજીએ પોતાની વ્યાખ્યાન વાણી દ્વારા તત્ત્વજ્ઞાન, મહાવીર વાણી, પ્રેક્ષાધ્યાન, તેરાપંથ આચાર્યના ઈતિહાસ વગેરે દ્વારા દરરોજ સવાર તથા રાત્રિ પ્રવચનમાં ફેરમાવેલ હતું. ઘણા સમય બાદ કચ્છના સાધ્વીઓ તેમજ વ્યાખ્યાન વાણી ગુજરાતીમાં ફરમાવતા હોવાથી તેરાપંથ સંઘ માધાપર સાથે તેરાપંથ સંઘ ભુજ અને સ્થાનકવાસી સંઘ માધાપરએ બહોળી સંખ્યામાં લાભ લઈ દર્શન - સેવાનો અનુભવ કર્યો હતો. સાધ્વીઓના આ પ્રવાસને સફળ બનાવવા સભા અધ્યક્ષ સુરેશ મહેતા, દિપક સંઘવી, ભરત ખંડોર, જગદીશ શાહે જહેમત ઉઠાવી હતી. આ પ્રવાસ માટે મહિલા મંડળના અધ્યક્ષ સુશીલા મહેતા, દીપાબેન સંઘવી, અલ્કાબેન ખંડોર તથા સમગ્ર સંઘે સહયોગ આપ્યો હતો.

## માધાપરમાં આર્દશ આચારસંહિતાનો અમલ કરાવવા માંગ

ભુજ : માધાપર નવાવાસની ચૂંટણીમાં આદર્શ આચારસંહિતાનો અમલ કરવા રજૂઆત કરાઈ છે. ગામના ધીરજ ગરવાએ આ બાબતે કલેકટરનું ધ્યાન દોર્યું છે. વિકાસશીલ પેનલના પ્રણેતા તથા સરપંચ, સભ્યપદના ઉમેદવારો દ્વારા બેનરો સ્લાઈડો તથા સોશિયલ મીડિયા વોટ્સએપ તથા અન્ય માધ્યમોમાં ચૂંટણીચિન્હ દૂરબીન સાથે વડાપ્રધાનના ફોટા સાથે વાંધાજનક સામગ્રી રાખી મતદારોને પ્રભાવિત કરી રહ્યા છે. રાજકીય રંગ આપી અને મતદાન વ્યવસ્થાને ખોરવી રહ્યા હોવાની રજૂઆત કરાઈ છે.

## હબાયમાં ભીમ અગિયારસ નિમિત્તે ૭૫૨ વર્ષની પરંપરાગત કુંડસફાઈ યોજાઈ

ભુજ : તાલુકાના હબાય ગામે ભીમ અગિયારસના પાવન અવસરે ૭૫૨ વર્ષથી ચાલી આવતી પરંપરાગત કુંડસફાઈ, પૂજનવિધિ અને આરતી કાર્યક્રમો શ્રદ્ધાભેર અને ભવ્ય રીતે યોજાયા હતા. આ પ્રસંગે નવનિર્મિત વાઘેશ્વર ભવનનું લોકાર્પણ પણ ભાવિ સંતાનના શુભહસ્તે કરવામાં આવ્યું હતું.

અગિયારસના દિવસે વહેલી સવારે માઈ ભક્તો અને સેવકો દ્વારા કુંડના પાણીને ખાલી કરી પછી મહંત લક્ષ્મણગિરિ બાપુના માર્ગદર્શન હેઠળ કુંડમાં આવેલ માતાજીના ચરણોની પૂજનવિધિ યોજાઈ. પવિત્ર ધૂપ, દીપ, આરતી અને ભક્તિ ભાવના સાથે વિધિવત્ શાસ્ત્રોક્ત વિધિથી કાર્યક્રમો યોજાયા હતા.

હબાય જાગીર મહંતની આગેવાની હેઠળ નિર્મિત 'વાઘેશ્વર ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું. આશરે રૂા. ૧,૨૨,૦૦,૦૦૦ના ખર્ચે બનેલા આ ભવન માટે મુખ્ય દાતા તરીકે નાડાપાના હરિભાઈ ગોપાલભાઈ ડાંગર પરિવાર દ્વારા ૩૫,૫૧,૦૦૦નું યોગદાન આપવામાં આવ્યું હતું, જયારે પૂર્વ રાજયમંત્રી વાસણભાઈ આહીર દ્વારા રૂા ૩,૫૧,૦૦૦નું યોગદાન આપવામાં આવ્યું હતું. ભવનના અન્ય ૧૧ રૂમો માટે પણ દાતાઓએ યથાયોગ્ય યોગદાન આપ્યું હતું, જેમનું સન્માન કાર્યક્રમ દરમિયાન ખાસ કરીને કરવામાં આવ્યું હતું.આ ભવ્ય ભવનની રચના માટે મુખ્ય ઈજનેર નારણભાઈ ખાસા તથા રમેશભાઈ છાંગાના પ્રયત્નો પ્રસંશનીય રહ્યા હતા. આ તકે ધાણેટી નિવાસી સ્વ. વાલજીભાઈ ભચુભાઈ માતાના સ્મરણાર્થે બનાવવામાં આવેલ પાણીના પરબનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું, જે મંદિર પ્રાંગણમાં પવિત્ર પાવનતાનું અને સેવાકાર્યનું અનોખું પ્રતિક બની રહેશે.

કાર્યક્રમમાં મહામંડલેશ્વર ૧૦૦૮ મૂળજી રાજા કાપડી દાદા, દયારામ દાદા, ગોપાલ દાદા, લાલગિરિ બાપુ, પ્રકાશમુનિ, વેદગિરિ સહિત અનેક સાધુ-સંતો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા, કાનજીભાઈ કેરાસિયા, લખમણભાઈ કેરાસિયા, તેમજ ગામના આગેવાનો, દાતાઓ અને સેવા સમિતિના સભ્યોએ પણ હાજર રહ્યા હતા. આ પાવન પ્રસંગે હબાય સહિત આજુબાજુના કચ્છ, વાગડ પંથકના અનેક ગામડાઓમાંથી ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન પ્રભુભાઈ આહીરએ કર્યું હતું.

## ખારોડ પંથકના ગામોમાં પાણી સમસ્યા ન ઉકેલાય તો આમરણ ઉપવાસની ચિમકી



ભુજ : રૈયાડા જુથ ગ્રામ પંચાયત હેઠળ સમાવિષ્ટ રૈયાડા, લાખારાવાંઢ, ખારોડ વિસ્તારમાં પાણીની તિવ્રત તંગીથી સ્થાનિકો ત્રસ્ત થયા છે. ખારોડ ગામની આસપાસ સાત કિલોમીટર સુધી કોઈ તળાવ પણ ન હોવાથી ૩ હજાર જેટલા પશુધન અને ૪૦૦ની વસતીને પાણી માટે વલખાં મારવા પડે છે. ગ્રામજનોને નાણાં ખર્ચીને પાણીના ટેન્કર મંગાવવા પડે છે.

રૈયાડા ગ્રામ પંચાયતે પાણી પુરવઠા વિભાગને આવેદનપત્ર પાઠવી યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરી હતી. આવેદનમાં જણાવ્યું હતું કે, ગામમાં આપતી પાણીની લાઈન ઘણી જગ્યાએ ખુલ્લી છે. પાણી ચાલુ થતાં બ્લોકેઝ હોય ત્યાંથી લાઈન ફાટી જાય છે, જેથી લાઈન સુધારણાનું કામ કરવામાં આવે, પાણીની લાઈન પર દેખરેખ રાખવા અને પાણીની લાઈન ચાલુ બંધ કરવા વાલ્વમેન રાખવામાં આવે. આ બાબતે સત્વરે કામગીરી કરવામાં નહીં આવે તો જિલ્લા કલેકટર કચેરી સામે આમરણ ઉપવાસ કરવાની ચીમકી ઉચ્ચારી હતી.

# ધામાયનો યુવાન આર્મીની તાલીમ પૂર્ણ કરી પરત ફરતાં ભવ્ય સ્વાગત કરાયું





નખત્રાણા : તાલુકાના ધામાય ગામના જગદિશસિંહ ખુમાનસિંહજી સોઢા ઈન્ડીયન આર્મીની ટ્રેઈનીંગ પૂર્ણ કરીને માદરે વતન આવતા શોભાયાત્રા, સ્વાગત - સત્કાર કાર્યક્રમનું આયોજન કરાયું હતું.

શોભાયાત્રા હરસિધ્ધી માતાજીના મંદિરથી ધામાય ગામ સુધી યોજાઈ હતી. સ્વાગત - સત્કાર પ્રસંગે મોરજર અખાડાના સંત દીલીપ દાદા, પીર મહેન્દ્રસિંહ પીથોરાપીર દાદા મંદિર ભુજ, અગ્રણીઓ ઠક્કર હિતેશભાઈ, પૂર્વ સરપંચ વિરમભાઈ આહીર, જસાભાઈ આહીર, વાલાભાઈ આહીર, તુલસીદાસ પટેલ, જગદિશસિંહ સોઢા, ક્ષત્રિય સમાજના આગેવાનો, આજુ બાજુ વિસ્તારમાંથી બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જગદિશસિંહ ખુમાનસિંહજી સોઢાનું મહેમાનો, સામાજિક કાર્યકરો, રાજકીય આગેવાનો, દ્વારા ફુલ માળા, કચ્છી શાલ સાથે સ્વાગત કરાયું હતું. જીંજાય ગામે ગ્રામજનો દ્વારા ઢોલ, કુમકુમ તીલક સહિતના કાર્યક્રમો યોજાયા હતા.સંત દીલીપ દાદા અને પીર મહેન્દ્રસિંહ પીથોરાપીર દાદા મંદિર ભુજ દ્વારા આશિર્વાદ સાથે આશિર્વચન આપ્યા હતા. સંચાલન સુભાષદાન ગઢવીએ અને આભારવિધિ મુળશંકર જોષીએ કરી હતી.

# શિક્ષણ બોર્ડ દ્વારા કચ્છમાં અનુદાનિત શાળાઓ માટે વિશેષ તપાસ સમિતિની રચના કરાઈ

ભુજ : ગુજરાત રાજ્યની અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના વર્તન અને શિસ્ત સંબંધિત બાબતોમાં યોગ્ય અને સમયસર કાર્યવાહી સુનિશ્ચિત થાય તે હેતુસર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જિલ્લામાં વિશિષ્ટ તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

બોર્ડની કાર્યકારિ સમિતિના ઠરાવના આધારે દરેક જિલ્લામાં શૈક્ષણિક ક્ષેત્રના વિવિધ વર્ગના પ્રતિનિધિઓને સમાવિષ્ટ કરીને તપાસ સમિતિ બનાવવામાં આવી છે. કચ્છ જિલ્લાની અનુદાનિત શાળાઓ માટે પણ અનુભવી અને નિષ્ઠાવાન વ્યક્તિઓની પસંદગી કરીને સમિતિ ઘડવામાં આવી છે, જે શિક્ષકોના વર્તન કે શિસ્તભંગ જેવી ઘટનાઓમાં તપાસ તથા યોગ્ય ભલામણ કરશે.

કચ્છ માટે નિયુક્ત કરવામાં આવેલી આ સમિતિમાં ભરત વૈદ્ય, મૂલેશ કે. દોશી, દિનેશ જી. રૂદાની, દિલીપ દેવજી નરસિંઘાણી આચાર્ય વર્ગમાંથી સંમિલિત થયેલા સભ્યોમાં રણજિતસિંહ એમ. જાડેજા, બ્રિજેશ સી. ઠક્કર, વિષ્ણુભાઈ એમ. ચૌધરી, ઈશ્વર ધનરાજ ચારણ, ઉચ્ચતર માધ્યમિક વર્ગમાંથી સામેલ થયેલા પ્રતિનિધિઓમાં પંકજભાઈ મહેન્દ્રભાઈ દહીંસરિયા, જયદેવસિંહ બળવંતસિંહ જાડેજા, પૂજાબેન રમેશચંદ્ર કેવડિયા, માધ્યમિક વર્ગમાંથી પસંદ કરાયેલા સભ્યોમાં અલ્પેશકુમાર હર્ષદરાય જાની, મનીષ એલ. પટેલ, અજિત કે. ભાનુશાળી, બિનશૈક્ષણિક વર્ગમાંથી નિમણૂક પામેલા પ્રતિનિધિઓમાં બલવીરસિંહ જસુભા રાણા, પોરસભાઈ માંકડની નિમણુક કરવામાં આવી હતી.

સમિતિઓ શાળાઓમાં થતી શિસ્તભંગની ઘટનાઓ અથવા કર્મચારીઓના અનુકૂળ ન હોય તેવા વર્તન અંગે યોગ્ય રીતે તપાસ કરશે અને જરૂરી ભલામણો રાજ્ય શિક્ષણ બોર્ડને આપશે. જિલ્લાસ્તરે આવી સમિતિની રચનાથી શિક્ષણ ક્ષેત્રમાં જવાબદારી અને શિસ્ત સુનિશ્ચિત થઈ શકે તેમ છે, જેથી ભવિષ્યમાં શાળાઓ વધુ કાર્યક્ષમ અને ગુણવત્તાવાળી બની શક છે.

# ભુજમાં ભારત વિકાસ પરિષદનો રવિવારે પ્રાંત અભ્યાસવર્ગ યોજાશે

ભુજ : ભારત વિકાસ પરિષદ - કચ્છ પ્રાંત દ્વારા આયોજિત પ્રાંત અભ્યાસવર્ગ આવતીકાલે તા. ૧૫-૬-૨૦૨૫, રવિવારે ભુજ ખાતે યોજાશે. આ અભ્યાસવર્ગનું આયોજન હોટેલ લા કાસા, ભુજ ખાતે કરાયું છે, જેમાં કચ્છ જિલ્લાના વિવિધ વિસ્તારોની શાખાઓના અગ્રણીઓ હાજર રહેશે. અભ્યાસવર્ગમાં રાપર, વરસામેડી, ભચાઉ, અંજાર, ભારતનગર, ગાંધીધામ, મુંદરા, માંડવી અને ભુજ જેવી શાખાઓના મુખ્ય પ્રતિનિધિઓ હાજરી આપશે.આ અભ્યાસવર્ગમાં ભારત વિકાસ પરિષદના રાષ્ટ્રીય મહામંત્રી ડી.ડી. શર્મા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેશે. તેમજ વિશિષ્ટ ઉપસ્થિત મહેમાનો તરીકે પશ્ચિમ ક્ષેત્રના મહાસચિવ વિનોદભાઈ લાઠિયા, સહસચિવ દિનેશભાઈ વોરા, સંસ્કાર પ્રકલ્પના સંયોજક નરેન્દ્રભાઈ ભાડલિયા, સેવા પ્રકલ્પના સંયોજક અરવિંદભાઈ તુવર તથા મહિલા સંયોજિકા આશાબેન ઠક્કરની ઉપસ્થિતિ રહેશે.અભ્યાસવર્ગના સફળ આયોજન માટે કચ્છ પ્રાંતના પ્રમુખ અમિતભાઈ પટેલ, મહાસચિવ ભૂષણભાઈ ભટ્ટ, કોષાધ્યક્ષ પ્રયેશભાઈ ધોળકિયા તેમજ સમગ્ર પ્રાંતીય ટીમે આયોજનમાં વ્યસ્તતા દાખવી છે.

## રતિયાની ઘટનામાં બેદરકારી દાખવનાર જવાબદારો સામે કાર્યવાહીની માંગ

ભુજ : રતીયામાં શાળાના છતના પોપડા ખરતા ત્રણ બાળકોને ઈજા થતાં ટાંકા લેવામાં આવેલ હતા. ઘટનાની જાણ સ્થાનિક આગેવાન સિકંદર સમેજાને થતા તેઓએ ભુજના સામાજિક અગ્રણીઓ મોહસીન હિગોરજા અને મહમદ લાખાને જાણ કરતા તેઓ તાત્કાલિક હોસ્પિટલ પહોંચ્યા હતા અને સારવારમાં મદદરૂપ થયા હતા. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને માધ્યમિક શિક્ષણાધિકારી હોસ્પિટલમાં પહોંચી આવતા તેઓને ઘટનામાં જેમણે પણ બેદરકારી દાખવી હોય તેવા તમામ જવાબદારો સામે કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ તેવી માંગ આગેવાનોએ કરી હતી અને જણાવ્યું હતું. જો સંપૂર્ણ તપાસ કરવામાં નહીં આવે તો આગામી સમયમાં ફરીથી રજૂઆત કરવામાં આવશે. આગામી ચોમાસાને ઋતુને અનુલક્ષીને જે પણ શાળાઓ ક્ષતિગ્રસ્ત હોય તેવી તમામ પ્રાથમિક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તપાસ કરવામાં આવે અને જો કોઈ ક્ષતિ જણાય તો તાત્કાલિક અસરથી સંબંધિત વિભાગોને જાણ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરી હતી.

# CM ફડણવીસની પોસ્ટે ઊભા કર્યા રાજકીય સવાલોઃ શું ભાજપ-મનસે ગઠબંધન શક્ય?

નવી દીલ્હી : CM ફડણવીસની જન્મદિવસની શુભેચ્છાએ રાજકીય ચર્ચાઓ તીવ્ર થઈ: રાજ ઠાકરે વિશે શું સંકેત મળ્યા? મહારાષ્ટ્રના રાજકારણમાં તાજેતરમાં થયેલી એક મુલાકાત અને ત્યારબાદની એક સોશિયલ મીડિયા પોસ્ટે ભારે ચર્ચા જગાવી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના અધ્યક્ષ રાજ ઠાકરેને તેમના જન્મદિવસે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે શુભેચ્છા પાઠવી છે.

આ સાવ સામાન્ય લાગતી શુભેચ્છા પછાડી રાજકીય અર્થ શોધવામાં આવી રહ્યો છે. કારણ કે આ પોસ્ટની પહેલા, ઝસ ફડણવીસ અને રાજ ઠાકરેબચક તાજ લેન્ડ્સ એન્ડ હોટલમાં લગભગ દોઢ કલાક સુધી બંધ બારણે ચર્ચા કરી હતી.

આ પોસ્ટ માત્ર શિસ્તભર્યું શિષ્ટાચાર છે કે પછી આગામી નાગરિક ચૂંટણીઓ પહેલાં કોઈ સંકેત? રાજ્યની રાજકીય પરિસ્થિતિ એવી છે જ્યાં દરેક પગલાંનું અર્થઘટન થતું રહે છે. ભાજપ અને મનસે વચ્ચે ગઠબંધન અંગેની અટકળો હવે ફરી તીવ્ર બની છે.

ઉલ્લેખનીય છે કે અગાઉ મનસેને ભાજપનું પરોક્ષ સમર્થન પણ આપ્યું હતું, અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સાથે મનસેના સંબંધો સુલભ નહોતા. હવે જો રાજ ઠાકરે ભાજપ તરફ ઝુકે છે, તો મહારાષ્ટ્રમાં રાજકીય ગોઠવણીમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે.

જન્મદિવસની ઉજવણી અંગે રાજ ઠાકરેએ પાર્ટી કાર્યકરોને આગાહી કરી હતી કે તેઓ ૧૪ જૂને ઉપસ્થિત નહિ હોય કારણ કે તેઓ પરિવાર સાથે મુંબઈ બહાર જશે. તેમણે કાર્યકરોને જણાવ્યું કે જન્મદિવસે જનેતાને મળવામાં અસમર્થ હોવા છતાં તેઓ પછીથી બધાને મળશે.

હવે પ્રશ્ન એ છે કે રાજ ઠાકરે ભાજપ સાથે ગઠબંધન તરફ વળી રહ્યાં છે કે નહીં? કે શું ફડણવીસે માત્ર શુભેચ્છા પાઠવી છે અને તેનું કોઈ રાજકીય અર્થ નથી? આ સવાલોના જવાબ નજીકના સમયમાં મળી શકે છે, પણ હાલના સમયે તો મહારાષ્ટ્રના રાજકીય વર્તુળમાં આ ટ્વીટ ભારે ચર્ચાનો વિષય બની છે.

# પૂર્વ કચ્છ એસપીની ટીમ એલસીબીની લાલઆંખ : કુખ્યાત શખ્સને હદપાર કર્યો : શિરજોરોમાં ફેલાયો ફફડાટ



**હદપાર ડરેલ ઈસમનું નામ**
(૧) ઈમરાન ઉર્ફે ઈમલો ઈબ્રાહીમ ડટીયા ઉ.વ. ૩૦ રહે. કિડાણા ગાંધીધામ

## દાખલ થયેલ ગુનાની વિગત

ગુનાની વિગત ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૧૮/૨૩૪.પી.ડો.ડ.૪૫૭,૩૮૦,૧૧૪ ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૦૦૨૩/૨૩ઈ.પી.કો..૩૭૯,૪૪૭,૪૧૧,૧૧૪ ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૦૫૪૭/૨૩ ઈ.પી. કો.ક.૩૮૦,૪૫૭,૧૧૪ ગાંધીધામ બી ડીવી. પો.રટે. ગુ.ર.નં. ૧૨૫/૨૪ બી.એન.એસ.૫.૩૦૫(એ), ૩૩૧(૩)(૪)વી, ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૩૮૩/૨૪ બી.એન. એસ.૫,૩૦૫(એ), ૩૩૧(૪) વી. ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. ગુ.ર.નં. ૧૫૨૪/૨૪ બી.એન.એસ.૫.૩૦૪,૩૩૧(૩)(૪),૫૪

ગાંધીધામ : પૂર્વ કચ્છ એસપી શ્રી સાગર બાગમારની ટીમ એલસીબીએ શિરજોરી કરનારા તત્વોમાં ફફડાટ ફેલાવતી કાર્યવાહી કરી છે. તેઓએ કુખ્યાત શખ્સની સામે હદપારની કાર્યવાહી કરતા શિરજોર તત્વોમાં ફફડાટ જ ફેલાઈ જવા પામ્યો છે.મહે.પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી વિકાસ સહાય સાહેબ ગાંધીનગર નાઓ તરફથી ગુજરાત રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી અસામાછડ પ્રવૃત્તિઓ જેવી કે, સરકારી જમીન ઉપર ગે.કા. દબાણ કરવુ, ગે.કા. વીજ કનેક્શન, ગે.ડા. નાણાડીય વ્યવહાર, ગે.કા. પ્રોહી-જુગારની પ્રવૃત્તિ સાથે રાંડળાયેલા ઈસમો વિરૂધ્ધ ડ કાર્યવાહી કરવા સુચના આપેલ હોય જે અન્વયે મહે.પોલીસ મહાનિરીક્ષક થી ચીરાગ ડોડીયા

### મિલકત સબંધી ગુના આચરતા ગાંધીધામ બી ડીવી. પો.સ્ટે. વિસ્તારના ઇસમને હદપાર કરતી લોકલ કાઇમ બ્રાન્ચ, પુર્વ કચ્છ ગાંધીધામ

સાહેબ, સરહદી રેન્જ-ભુજ તથા મહે.પોલીસ અધિક્ષકશ્રી સાગર બાગમાર સાહેબ, પૂર્વ-ડરચ્છ, ગાંધીધામ નાઓ તરફથી જિલ્લામાં આવી પ્રવૃતિ આચરતા ઈસમો પર રોક લગાવવા અને જરૂરી અટકાયતી પગલા લેવા સુચના આપેલ હોય જેથી પોલીસ ઈન્સપેક્ટર એન. એન.ચુડાસમા એલ.સી.બી. દ્વારા અવારનવાર મિલકત સબંધી ગુના આચરતા નીચે જણાવ્યા મુજબના માથાભારે ઈસમ વિરુધ્ધ હવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવેલ અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટથી અંજારનાઓ દ્વારા હદપારી દરખાસ્ત મંજુર રાખી કચ્છ જીલ્લો તથા કચ્છ જીલ્લાને અડીને આવેલ જીલ્લામાંથી હદપાર કરવા હુકમ કરેલ. જેથી એલ.સી.બી.સ્ટાફ દ્વારા નીચે જણાવેલ આરોપીને હસ્તગત કરી હદપારી હુકમની આજરોજ બજવણી કરેલ છે. આ કામગીરી લોડલ ડાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સપેક્ટર એન.એન.ચુડાસમાતથા પોલીસ સબ ઈન્સપેક્ટર ડી.જી.પટેલ તથા એલ.સી.બી. સ્ટાફ દ્વારા કરવામા આવેલ છે.

## રાજસ્થાનના પૂર્વ મંત્રી પર ઈડીના દરોડા

નવી દિલ્હી : એન્ફોર્સમેન્ટ ડિરેકોરેટ (ઈડી) એ રાજસ્થાનના કોંગ્રેસના પૂર્વ મંત્રી મહેશ જોશી અને સંબંધીઓની રૂ. ૪૭.૮૦ કરોડની મિલકતો ટાંચમાં લીધી હોવાનું જણાવ્યું હતું. ઈડીની જયપુર ઝોનલ કચેરીએ ૧૧ જૂને દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી અને હાલના સ્તરે કૃષિ જમીન, રહેણાક મકાન સહિતની સ્થાવર/જંગમ મિલકતો જપ્ત કરી છે.

## રશિયામાં ૬.૫ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

રશિયાના કુરીલ દ્વીપ સમૂહમાં ૬.૫ની તીવ્રતાનો ભૂકંપ અનુભવાયો છે. યુરોપના ભુમધ્યસાગરીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ જણાવ્યું હતું કે શુક્રવારે આવેલા ભૂકંપનું કેન્દ્રબિંદુ જમીનથી ૧૨ કિલોમીટર નીચે હતું. કુરીલ દ્વીપ રશિયાના સુદુર પૂર્વીય ભાગમાં આવેલા સખાલિન ઓબલ્સાટનો એક દ્વીપ સમુહ છે. આ દ્વીપસમુહ રશિયાના દક્ષિણ કિનારાથી જાપ ાનના ઉત્તર પૂર્વીય ભાગ ૧૨૦૦ કિલોમીટર સુધી ફેલાયેલો છે.

આ ૫૬ દ્વીપ સમૂહ છે. જે ૧૫,૬૦૦ કિલોમીટરમાં ફેલાયેલો છે. આ રેન્જ પ્રશાંત મહાસાગરના ચાર ભૂર્ગભીય પટ્ટીનો ભાગ છે. જેમાં ઓછામાં ઓછા ૧૦૦ જવાળામુખી છે.

# થોડી તો માનવતા રાખો! મારી દીકરી દાખલ છે, હું લાચાર છું... વિમાન દુર્ઘટનાનો ભોગ બનેલા ડોક્ટર પિતાની વ્યથા.

અમદાવાદઃ અમદાવાદ પ્લેન ક્રેશમાં અત્યાર સુધી ૨૭૪ લોકોના મોતના સમાચાર છે. દુર્ઘટના બીજે મેડિકલ કોલેજ હોસ્ટેલની ઉપર થઈ હતી. તેમાં ઘણા નિવાસી ડોક્ટર, વિદ્યાર્થીઓ અને તેના પરિવારજનો હવે આ દુનિયામાં નથી કે પછી જીવન-મરણનો જંગ લડી રહ્યાં છે. સાથે એક જંગ સિસ્ટમ સામે છે. નિવાસી ડોક્ટર અનિલે મીડિયા સામે રડતાં-રડતાં પોતાની વ્યથા ઠાલવી છે, જેનો વીડિયો વાયરલ થયો છે.

ડોક્ટર માંગ કરી રહ્યાં છે કે તેમને થોડો સમય આપવામાં આવે.... તેમણે નિઃસહાય હાલતમાં કહ્યું કે તેમની દીકરી હોસ્પિટલમાં દાખલ છે અને તે અહીં છે.

નિવાસી ડોક્ટર અનિલે મીડિયાને જણાવ્યું કે અમે રૂમમાં ચારથી પાંચ નિવાસી ડોક્ટર છે. કોઈ તે સમયે ડ્યુટી પર હતા, કેટલાક ડ્યુટી પર નહોતા તેના મોત થયા. તેમણે જણાવ્યું કે હવે ડોક્ટરોને બોલાવવામાં આવ્યા છે અને તેનો સામાન ખાલી કરાવવામાં આવી રહ્યો છે. આ યોગ્ય નથી, રાતોરાત અમે આટલો સામાન ન ખાલી કરી શકીએ.

ડોક્ટર અનિલે વિનંતી કરતા કહ્યું કે અમારા લોકોની મજબૂરી સમજો. અમારા કેટલાક લોકો હોસ્પિટલમાં દાખલ છે, મજબૂરી સમજો અમારા લોકોની. તેમણે કહ્યું કે એટલું સરળ નથી, રાતોરાત ઘર ખાલી કરવું. અમને બે-ત્રણ દિવસનો સમય મળવો જોઈએ. હું તમારી સામે હાથ જોડીને કહુ છું કે મારી દીકરી દાખલ છે. મારા ઘરની એક કામવાળી દાખલ છે.

ડોક્ટરે પોતાની વ્યથા સાથે કહ્યું- મહેરબાની કરી ઘર ખાલી કરવા માટે સમય આપો. મારો મેસેજ ઉપર પહોંચાડો, અહીં હું હેલ્પલેસ છું. મારા પરિવારજનો નથી. મને માફ કરી દો, મારી કોઈ ભૂલ નથી. હું હોસ્પિટલમાં કામ કરી રહ્યો હતો. મીડિયાના લોકો મારી મદદ કરો. હું અહીં પરેશાન છું

મારી માંગ એટલી છે કે અમને થોડો સમય આપવામાં આવે, આ સામાન શિફ્ટ કરવા માટે. કાલે આ દુર્ઘટના થઈ છે અને આજે અમને ઘર ખાલી કરાવવામાં આવી રહ્યાં છે. મહેરબાની કરી થોડી માનવતા રાખો. મારી દીકરી દાખલ છે, મારે ત્યાં હોવું જોઈએ પરંતુ હું અહીં છું.

હું ચાર વર્ષથી અહીં છું, ડિગ્રી લીધી છે. હું અને મારી પત્ની અહીં આસિસ્ટન્ટ પ્રોફેસર છીએ, દુર્ઘટના સમયે અમે બંને ડ્યુટી પર હતા. અમારી બાળકી અને મેડ અહીં હતી. ત્યારે તે લોકોને ગાર્ડે બચાવ્યા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા.

# શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ની કામચલાઉ મેરીટ યાદી જાહેર

## ઉમેદવારો યાદીમાં કોઈપણ પ્રકારનો વાંધો તા. ૧૬ જૂનના રોજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી ખાતે રજૂ કરી શકશે

ગાંધીનગરઃ સરકારી માધ્યમિક શાળાઓ અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી -૨૦૨૪ અન્વયે તા.૧૩ જૂન ૨૦૨૫ના રોજ કામચલાઉ મેરીટ મેરીટ યાદી જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત ઉમેદવારને કોઈપણ પ્રકારનો વાંધો હોય તો તેઓએ આગામી તા. ૧૬ જૂન, ૨૦૨૫ના રોજ સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ કલાક સુધી પોતાનો વાંધો જે જિલ્લામાં ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરાવેલ હોય, તે જ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે જરૂરી આધાર પુરાવા સાથે રજૂ કરવાનો રહેશે. આ અન્વયે જરૂરી સૂચનાઓ વેબસાઈટ https://www.gserc.in/ પર પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા માટે ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ-ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# જયપુરથી બેંગલુરુ જતી એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ રદ, ટેકનિકલ ખામીને કારણે ફ્લાઇટ રદ

જયપુરથી બેંગલુરુ જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. ટેકનિકલ ખામીને કારણે ફ્લાઈટ રદ કરવામાં આવી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ ૈંઠ ૨૭૪૯ શુક્રવારે સવારે ૧૧:૩૦ વાગ્યે જયપુરથી બેંગલુરુ જતી હતી. પરંતુ વિમાન ઉડાન ભરી શક્યું નહીં.એરપોર્ટ પર જાહેરાત કરવામાં આવી હતી કે ફ્લાઈટ બપોરે ૩:૦૦ વાગ્યે ઉડાન ભરશે. બાદમાં તેને સાંજે ૫:૦૦ વાગ્યે મુલતવી રાખવામાં આવી હતી.

ફ્લાઈટ સાંજે ૬:૩૦ વાગ્યા સુધી ઉડાન ભરી શકી ન હતી અને બાદમાં રદ કરવામાં આવી હતી. મુસાફરોને ત્રણ વખત વિમાનમાં ચઢાવવાની સૂચના આપવામાં આવી હતી પરંતુ વિમાન ઉડાન ભરી શક્યું ન હતું. એર ઈન્ડિયા એક્સપ્રેસના વિમાનમાં ટેકનિકલ ખામીનો મામલો એવા સમયે પ્રકાશમાં આવ્યો છે જ્યારે ગુરુવારે (૧૨ જૂન) થયેલા વિમાન અકસ્માતે દેશ અને દુનિયાને હચમચાવી દીધા હતા.

ગુરુવારે, અમદાવાદના સરદાર વલ્લભ ભાઈ પટેલ એરપોર્ટથી લંડનના ગેટવિક જઈ રહેલું એર ઈન્ડિયાનું ૭૮૭ ડ્રીમલાઈનર બોઈંગ વિમાન ટેકઓફ થયાના થોડી મિનિટોમાં જ ક્રેશ થઈ ગયું. આ વિમાનમાં કુલ ૨૪૨ લોકો સવાર હતા. જેમાં ૧૬૯ ભારતીયોનો સમાવેશ થાય છે. વિમાન દુર્ઘટના બાદ પીડિતોના પરિવારોમાં શોકનું વાતાવરણ છે.

# MLCમાં ફિન એલનની ધમાકેદાર એન્ટ્રીઃ ૩૪ બોલમાં શતક સાથે ઇતિહાસ રચ્યો

નવી દીલ્હી :અમેરિકા ખાતે ચાલી રહેલી મેજર લીગ ક્રિકેટ (સ્ન્ઝ) ૨૦૨૫ની શરૂઆત જ એક એતિહાસિક પળ સાથે થઈ છે. ન્યુઝીલેન્ડના તોફાની બેટ્સમેન ફિન એલને પ્રથમ મેચમાં જ માત્ર ૩૪ બોલમાં સદી ફટકારી સમગ્ર ક્રિકેટ વિશ્વનું ધ્યાન ખેંચી લીધું છે. તેમણે તેમની ટીમ, સાન ફ્રાન્સિસ્કો યુનિકોર્ન્સ તરફથી રમતાં આકરક ઈનિંગ રમતાં ક્રિસ ગેઈલ, નિકોલસ પૂરન અને વૈભવ સૂર્યવંશી જેવા દિગ્ગજોના રેકોર્ડ તોડી નાખ્યા છે.વોશિંગ્ટન ફ્રીડમ સામે રમાયેલી આ મેચમાં ફિન એલને ઓપનિંગ બેટ્સમેન તરીકે ક્રીઝ પર આવીને બોલર્સ પર આક્રમક હુમલો શરૂ કર્યો. તેમણે માત્ર ૫૧ બોલમાં ૧૫૧ રનની આગ લગાડનારી ઈનિંગ રમી. આ દરમિયાન તેમણે ૧૯ છગ્ગા અને ૫ ચોગ્ગા ફટકાર્યા. તેમનો સ્ટ્રાઈક રેટ ૨૯૬.૦૮ રહ્યો, જે ૨૦ ક્રિકેટ માટે અભૂતપૂર્વ માનવામાં આવે છે.એલનની આ ઈનિંગે નિકોલસ પૂરનની ૨૦૨૩ની ૪૦ બોલમાં સદીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. ઉપ રાંત તેમણે ક્રિસ ગેઈલના ૧૮ છગ્ગાના રેકોર્ડને પણ પછાડ્યો અને એક ઈનિંગમાં ૧૯ છગ્ગા ફટકાર્યા. યુનિકોર્ન્સની શાનદાર જીતઃ વોશિંગ્ટન ફ્રીડમ સામે ૧૨૩ રનની જીતલક્ષ્યનો પીછો કરવા ઉતરેલી વોશિંગ્ટન ફ્રીડમની ટીમ ૧૩.૧ ઓવરમાં માત્ર ૧૪૬ રન પર ઓલઆઉટ થઈ ગઈ.

# જનપથ રોડ સ્થિત CCS બિલ્ડિંગમાં લાગી આગ

નવી દીલ્હી : અત્યારે ક્યાંક કાળઝાળ ગરમી તો ક્યાંક વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગરમી એટલી ભયંકર છે કે ઠેર ઠેર આગ લાગવાના બનાવ બની રહ્યા છે. ત્યારે દિલ્હીના જનપથ રોડ સ્થિત સીસીએસ બિલ્ડિંગમાં આગ લાગી હોવાનું સામે આવ્યું છે. ઘટના સ્થળ પર ફાયર વિભાગની ૧૩ ગાડીઓ પહોંચી છે. દિલ્હી ફાયર સર્વિસિઝએ આ જાણકારી આપી છે.

## દુબઈ મરિના ઈમારતમાં ભયાનક આગઃ 3,૮૦૦ લોકોને સલામત સ્થળે ખસેડાયા

નવી દીલ્હી : દુબઈ મરિના ઈમારતમાં આગ બુઝાવવા માટે ફાયર ફાઈટરોએ કલાકો સુધી કામ કર્યું, હજારો ટાવર બ્લોક ખાલી કરાયા શુક્રવારે રાત્રે ટાઈગર ટાવરના ઉપરના માળે લાગેલી આગને કારણે ૩,૮૦૦ લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા, જેમાં કોઈ ઈજા થઈ નથી.શુક્રવારે રાત્રે દુબઈ મરિના રહેણાંક ઈમારતમાં આગ ફાટી નીકળ્યા બાદ ૩,૮૦૦ થી વધુ લોકોને તેમના ઘરમાંથી બહાર કાઢવામાં આવ્યા.વ્યસ્ત વિસ્તારમાં સ્થિત ટાઈગર ટાવર – જેને મરિના પિનેકલ તરીકે પણ ઓળખવામાં આવે છે – ના ઉપરના માળે રાત્રે લગભગ ૯.૩૦ વાગ્યે આગ ફાટી નીકળી હતી.દુબઈ સિવિલ ડિફેન્સ ટીમો શનિવારે લગભગ ૨.૩૦ વાગ્યા સુધી આગને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ ઈજા થઈ નથી. ધ નેશનલ દ્વારા શૂટ કરાયેલા વિડીયોમાં ઈમારતના એક ભાગને આગ લાગી ત્યારે કટોકટી સેવાઓ ઘટનાસ્થળે પહોંચી રહી હતી.ઈમારતના અન્ય વિસ્તારોમાં ફેલાઈ ગયેલી ભીષણ આગને કાબુમાં લેવા માટે ફાયર બ્રિગેડના એકમો ઘણા કલાકો સુધી ઘટનાસ્થળે રહ્યા હતા.

# અમદાવાદમાં ક્રેશ વિમાનના ઈન્શ્યોરન્સ ક્લેમની રકમ ૧૫૦૦ કરોડ પહોંચવાની શક્યતા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના હાલ ભારતનો સૌથી મોટો અકસ્માત છે, જેમાં મોટી સંખ્યામાં જાનહાનિ અને માલહાનિ નોંધાઈ છે. એવામાં વીમાના ક્લેમની રકમ ઘણી વધારે હોય શકે છે. અનુમાન છે કે, આ રકમ ૧૫૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. ભારતે ૨૦૦૯માં ૧૯૯૯ના મૉન્ટ્રિયલ સંમેલન પર હસ્તાક્ષર કર્યા છે, જેથી હવાઈ સંકટ અને નુકસાન માટે વીમાના ક્લેમ પર વિશેષ નિયમ લાગુ થશે. નોંધનીય છે કે, છૈં ૧૭૧ વિમાન ગુરૂવારે (૧૨ જૂન) મેડિકલ કોલેજના હોસ્ટેલ પર ક્રેશ થયું હતું અને વિમાનમાં સવાર ૨૪૧ મુસાફરોના મોત નિપજ્યા હતાં. જોકે, એક મુસાફર આ અકસ્માતમાં બચી ગયો હતો. અકસ્માતમાં કુલ ૨૬૫ લોકોનો મૃત્યુ થયા હોવાની માહિતી સામે આવી છે.

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં જે પ્રકારે નુકસાન થયું છે, તેના પર વીમા ક્લેમ પર આટલી રકમ કોઈ ચોંકાવનારી નથી. સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વીમા સાથે જોડાયેલી અમુક મુખ્ય વાત જણાવવામાં આવી છે. જે અનુસાર એવિએશન પોલિસીનું નેતૃત્વ ટાટા એઆઈજી જનરલ ઈન્શ્યોરન્સ કરે છે. જેને જીઆઈસી આરઈ, યુનાઈટેડ ઈન્ડિયા, ઓરિએન્ટલ ઈન્શ્યોરન્સ અને આઈસીઆઈસીઆઈ જેવી સહ-વીમા કંપનીઓનો ટેકો છે. લગભગ ૯૫ ટકા સિસ્ક માટે મોટી વૈશ્વિક કંપનીઓ પાસે રિઈન્શ્યોરન્સ છે. તેમાં એઆઈજી, એએક્સએ એક્સએલ અને લંડન તેમજ બરમૂડાના અન્ય રિઈન્શ્યોરન્સ કંપની સામેલ છે.

આ ભયાનક અકસ્માતમાં બોઈંગ ૭૮૭-૮ વિમાન સંપૂર્ણ રીતે નષ્ટ થઈ ચુક્ય છું. તેનો વીમો, તેની ઉંમરના આધારે આશરે ૬૫૦-૭૦૦ કરોડ રૂપિયા થયો છે. મૉન્ટ્રિયલ સંમેલન હેઠળ, મૃત યાત્રીઓના પરિવારોને લગભગ ૧ કરોડ રૂપિયા પ્રતિ પરિવાર મેળવવાનો અધિકાર છે, જેની જાહેરાત પહેલાંથી જ થઈ ચુકી છે. ૨૪૦થી વધુ મોત સાથે, આ ચૂકવણી ૨૪૦ કરોડ રૂપિયાથી વધુ થઈ શકે છે. અંતિમ સેટલમેન્ટ અને કાયદાકીય દાવાના આધારે આ રિસ્ક કવરેજની રકમ ૧૦૦૦ થી ૧૫૦૦ કરોડની રકમ પાર કરી શકે છે.

એર ઈન્ડિયા પોતાના કાફલાના હિસાબે એવિએશન કવર ૮૦૦૦-૧૦૦૦૦ કરોડ રૂપિયા છે. જેનું અંદાજિત વાર્ષિક પ્રીમિયમ આશરે ૨૫૦ કરોડ રૂપિયા છે. અમદાવાદની આ ઘટના ઈન્શ્યોરન્સ માર્કેટ પર પણ અસર પડશે. હાલ ભારતમાં એવિએશન ઈન્શ્યોરન્સ માર્કેટ આશરે ૯૦૦ કરોડ રૂપિયા છે. આગળ આ ઈન્શ્યોરન્સની રકમમાં વધારો થઈ શકે છે. -

## વિમાન દુર્ઘટનામાં અમદાવાદ ઈન્કમટેક્સના પૂર્વ ડેપ્યુટી કમિશનર સુનીલ મહેતા, તેમના પત્ની, પુત્રીએ જીવ ગુમાવ્યાં

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : અમદાવાદમાં મેઘાણીનગર આઈજીપી કંપ ાઉન્ડમાં આવેલા બી.જે. મેડીકલ કોલેજની હોસ્ટેલ અને મેસ પર એર ઈન્ડિયાનું વિમાન ક્રેશ થવાની ઘટનામાં સ્થળ પરથી તપાસ દરમિયાન કુલ ૨૬૮ મૃતદેહ મળી આવ્યા હતા. આ મૃતકોમાં પ્લેનના ૨૪૧ પેસેન્જર્સ અને ક્રુ મેમ્બર્સ તેમજ ચાર વિદ્યાર્થીઓ અને મેસમાં કામ કરતા ત્રણ લોકોનો સ્ટાફ તેમજ અન્ય બાળકનો સમાવેશ થાય છે. પરંતુ, બાકીના ૧૯ મૃતદેહ અંગે ઓળખ થઈ શકી નથી. આ ગોઝારી વિમાન દુર્ઘટનામાંથી અમદાવાદ ઈક્રમટેક્સમાં ડેપ્યુટી કમિશનર તરીકે સેવા આપનાર અને ૧૪ વર્ષ પહેલા નિવૃત્ત થયેલા સુનિલ મહેતા અને તેમના પત્ની વર્ષા મહેતા તથા પુત્રી મેઘા મહેતા પણ ભડથું થઈ ગયા હતા.

મળતી માહિતી અનુસાર, સુનિલ મહેતા૧૪ વર્ષ પહેલા અમદાવાદ ઈક્રમટેક્સમાં ડેપ્યુટી કમિશનર તરીકે નિવૃત્ત થયા હતા. ત્યારબાદ તેમણે ઉત્તર ભારતમાંના તેમના વતનમાં પરત જવાને બદલે અમદાવાદમાં જ સેટલ થઈ જવાનું પસંદ કર્યું હતું. તેમની સાથે જ ડિરેક્ટોરેટ ઓફ ઈક્રમટેક્સ (દરોડા)માં કામ કરતાં અધિકારીઓનું કહેવું છે. સુનિલ મહેતા અત્યંત મૃદુ સ્વભાવના હતા.

## પહેલા પાનાથી...

### ભીષણ યુદ્ધના

છે. અત્યાર સુધીમાં,ઈરાને બે હુમલાઓમાં ઇઝરાયલ પર લગભગ ૧૫૦ બેલિસ્ટિક મિસાઈલો છોડી છે, છર્દ્વં એ અહેવાલ આપ્યો છે. ઈરાનની અર્ધ-સત્તાવાર તીમ સમાચાર એજન્સીએ તેહાનના મેહ્રાબાદ આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર આગની જાણ કરી હતી અને ઠ પર એક વિડિઓ પોસ્ટ કર્યો હતો જેમાં એજન્સીએ એરપોર્ટ તરીકે વર્ણવેલ ધુમાડો અને જ્વાળાઓ ઘેરાઈ ગઈ હતી. તેલ અવીવની ઈચિલોવ હોસ્પિટલે જણાવ્યું હતું કે તેણે બીજા ઈરાની હુમલામાં ઘાયલ થયેલા સાત લોકોની સારવાર કરી હતી; છને નાની ઈજાઓ થઈ હતી અને સાતમાને નાની ઈજાઓ થઈ હતી.

ઈઝરાયલની આયર્ન ડોમ એર ડિફેન્સ સિસ્ટમે તેલ અવીવ પર મિસાઈલો અટકાવવા માટે ફાયરિંગ કર્યું હતું. જ્યારે અન્ય વિસ્ફોટ થયા હતા અને પરમાણુ સ્થળો અને લશ્કરી નેતાઓ પર ઘાતક ઇઝરાયલી હુમલાના બદલામાં ઈરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલા દરમિયાન જેરુસલેમ પર ઉડાન ભરી હતી. ઈરાની હુમલાઓની સૌથી વિનાશક અસર તેલ અવીવમાં જોવા મળી હતી. એક મિસાઈલ ત્યાં ૫૦ માળની ઈમારત પર અથડાઈ હતી. જેના કારણે મોટો વિસ્ફોટ થયો હતો અને ધુમાડાના ગોટેગોટા હવામાં ઉડતા હતા. ઇઝરાયલી ચેનલ ૧૩ એ ઘટના પછીના દ્રશ્યને હૅઅભૂતપૂર્વ વિનાશ તરીકે વર્ણવ્યું હતું, જેમાં વિશાળ આગ, ધરાશાયી થયેલી ઈમારતો અને ઘાયલ નાગરિકો દર્શાવવામાં આવ્યા હતા. રામત ગાનમાં ઓછામાં ઓછી નવ ઈમારતો નાશ પામી હોવાના અહેવાલ છે. જ્યારે અન્ય સેંકડો ઈમારતોને નુકસાન થયું હતું. ગ્રેટર તેલ અવીવ મેટ્રોપોલિટન વિસ્તારના ઘણા વિસ્તારોમાં આગ ફાટી નીકળી હતી, જેમાં જાફા અને ડેન તેલ અવીવનો સમાવેશ થાય છે, જ્યાં કટોકટીના કર્મચારીઓએ બહુમાળી ઈમારતોમાં ફસાયેલા લોકોને મદદ કરી હતી.. ઇઝરાયલી સૈન્યએ નાગરિકોને સલામત સ્થળે ખસી જવા વિનંતી કરી. ઇઝરાયલે કહ્યું કે આયર્ન ડૉમ એર ડિફેન્સ સિસ્ટમે તેલ અવીવ પર મિસાઈલો અટકાવવા માટે ફાયરિંગ કર્યું હતું. જ્યારે અનેક વિસ્ફોટ થયા હતા.

ઇઝરાયલી અને ઈરાની મીડિયા અનુસાર, તેલ અવીવ, જેરુસલેમ (અલ-કુડ્સ), હાઈફા, બીરશેબા, લેક ટિબેરિયાસ, સફેદ અને ૫મી અને મધ્ય ગેલિલીના ભાગો સહિત અનેક ઇઝરાયલી શહેરો તરફ ડઝનબંધ મિસાઈલો છોડવામાં આવી હતી. ઇઝરાયલી સૈન્ય રેડિયો અને ઇઝરાયલ હાયોમે મોટી સંખ્યામાં જાનહાનિનો અહેવાલ આપ્યો હતો, જોકે ઇઝરાયલના હોમ ફ્રન્ટ કમાન્ડના સેન્સરશીપ ઓર્ડર હેઠળ સત્તાવાર આંકડાઓ છુપ ાવવામાં આવ્યા હતા.

અધિકારીઓએ હુમલાથી તબાહ થયેલા વિસ્તારોના ફોટોગ્રાફી અને વિડિયો રેકોર્ડિંગ પર પ્રતિબંધ મૂક્યો છે.અને રહેવાસીઓને વિનાશનું દસ્તાવેજીકરણ ન કરવા વિનંતી કરી છે કારણ કે આમ કરવાથી “દુશ્મન”ને મદદ થવાનું જોખમ રહેલું છે.

### અમદાવાદ દુર્ઘટના

ચાર કલાકની સાયકલ બાદ જે કોઈ મેચ થાય છે તે નંબરો સિવિલ હોસ્પિટલને મોકલી આપવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ઉપરાંત એનએફએસયુ ખાતે પણ ડીએનએ ટેસ્ટની કામગીરી ચાલી રહી છે ત્યાં પણ બેઠક કર્યા બાદ શક્ય તેટલા ઝડપથી ડીએનએ ટેસ્ટની પ્રક્રિયા પૂર્ણ કરીને સિવિલ હોસ્પિટલને મોકલી આપવામાં આવશે.ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આજે FSL અને NFSU ખાતે મુલાકાત લઈ ને દ્ભદ્ગછ પરીક્ષણ પ્રક્રિયા અંગે રિવ્યૂ બેઠક યોજી હતી. જેમાં ગૃહ વિભાગના સચિવ, આઇબીના આઇજીપી તેમજ FSLના ડાયરેક્ટર જોડાયા હતા. આ બેઠકમાં પ્લેન ક્રેશ માં મૃત્યુ પામેલ મૃતકોના ડીએનએ કેસની પ્રક્રિયા ગાંધીનગર ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ખાતે ચાલી રહી છે તેમાં અત્યાર સુધીમાં કેટલા મૃતકોના ડીએનએ ટેસ્ટ થઈ ગયા છે કેટલા બાકી છે તે અંગેની ચર્ચા વિચારણા કરીને જરૂરી માર્ગદર્શન આપીને શક્ય તેટલી ઝડપ થી થતી ડીએનએની કામગીરી પૂર્ણ થાય તે માટે સૂચનાઓ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ત્યાર બાદ ગૃહ મંત્રી હર્ષ સંઘવી ૧૧:૩૦ વાગ્યે પ્લેન ક્રેશ સાઈટની મુલાકાતે લેશે.આ સમયે ગૃહ વિભાગના સચિવ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય અમદાવાદ પોલીસ કમિશનર જીએસ મલિક તેમજ આઈબીના આઈજીપી આ પ્લેન ક્રેશ સાઈટ મુલાકાતમાં જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલા અમદાવાદમાં પ્લેન ક્રેશ ની બનેલી ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સહિત ૨૪૦ થી વધુ મુસાફરોના મૃત્યુ નીપજ્યા હતા. આ તમામ મૃતકોના ડીએનએ ટેસ્ટ અમદાવાદ સિવિલ હોસ્પિટલ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### રાજકોટના પનોતા

માહોલ છવાયો છે. દરમિયાન આજે રાજકોટ શહેરમાં ઉદ્યોગકારો, વેપારીઓએ અડધો દિવસ બંધ પાડી શ્રધ્ધજલી અર્પણ કરી હતી. તો શહેરની ૬૫૦ ખાનગી શાળાઓમાં ગઈકાલે જ રજા જાહેર કરવામાં આવી હતી. રાજકોટ શહેરના સોની બજાર, ધર્મેન્દ્ર રોડ, ૫ ેલેસ રોડ, ગુંદાવાડી સહિતના વિસ્તારો સજ્જડ બંધ રહ્યા હતા.

કેટલીક જગ્યાએ વેપ ારીઓએ મૌનરેલી, મૌનસભાના કાર્યક્રમો પણ યોજાયા હતા. રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ સહિતની સંસ્થાઓ દ્વારા આજે અડધો દિવસ બંધ પાડવા વેપ ારીઓને અપીલ કરવામાં આવી હતી. તો ઉદ્યોગકારોએ પણ બંધ રાખી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. સ્વનિર્ભર શાળા સંચાલકો દ્વારા ગઈકાલે જ જાહેરનામું બહાર પાડી દેવામાં આવ્યું હતું. આજે રાજકોટ શહેરની અંદાજે ૬૫૦ જેટલી ખાનગી શાળાઓમાં આજે રજા જાહેર કરવામાં આવી હતી.

# બાંગ્લાદેશની સરહદે આવેલા આસામના ધુબરી જિલ્લામાં હિમંતાએ આપ્યો Shoot at sightનો ઓર્ડર

નવી દીલ્હી : આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ ધુબરી જિલ્લામાં બગડતી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર કડક વલણ અપનાવ્યું છે. બાંગ્લાદેશની સરહદે આવેલા આ જિલ્લામાં તાજેતરમાં બનેલી સાંપ્રદાયિક ઘટનાઓને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રીએ શુટ એટ સાઈટનો ઓર્ડર આપ્યો છે. મુખ્યમંત્રીએ તેમના ધુબરી પ્રવાસ દરમિયાન કહ્યું હતું કે, ‘મારા ગુવાહાટી પહોંચતાની સાથે જ આ આદેશ જારી કરવામાં આવશે.

તેમજ રાત્રે બહાર ફરનારા અથવા પથ્થરમારો કરનારાઓની તાત્કાલિક ધરપ કડ કરવામાં આવશે.’

શુક્રવારે મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે ધુબરીની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે કહ્યું હતું કે, ‘જિલ્લામાં રેપિડ એક્શન ફોર્સ અને જવાનો તૈનાત કરવામાં આવશે. તેમજ ધુબરીમાં તમામ ગુનેગારોની ધરપકડ કરવામાં આવશે.’

ઘટના અંગે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ‘બકરી ઈદના બીજા દિવસે, ૭ જૂને જિલ્લા મુખ્યાલયમાં હનુમાન મંદિરની સામે એક ગાયનું માથું મળી આવ્યું હતું. તેમજ ‘નબીન બાંગ્લા’ નામના સંગઠને બકરી ઈદ ૫ હેલા ઉશ્કેરણીજનક પોસ્ટરો લગાવ્યા હતા. તેમાં ધુબરીને બાંગ્લાદેશમાં ભેળવી દેવાની વાત કરવામાં આવી હતી. જેને સરકાર સહન કરી નહિ લે. ‘

મુખ્યમંત્રીએ આ ઘટનાને રાજ્યની સાર્વભૌમત્વ પર સીધો હુમલો ગણાવ્યો અને કહ્યું કે, ‘વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને ના જવાનોને તૈનાત કરવામાં આવશે. કાયદો પોતાના હાથમાં લેનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. ટૂંક સમયમાં બધા ગુનેગારોની ઓળખ કરીને ધરપકડ કરવામાં આવશે.’મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ એમ પણ કહ્યું હતું કે, ‘આ વખતે બકરી ઈદના પ્રસંગે પશ્ચિમ બંગાળથી હજારો પશુઓ ધુબરી લાવવામાં આવ્યા હતા અને એક નવા બીફ માફિયા સક્રિય થયા છે, જેણે મોટા પાયે પશુઓ ખરીદ્યા હતા. આ સમગ્ર મામાલની તપાસ થશે અને ગેરકાયદેસર વેપારમાં સામેલ લોકોની ધરપકડ કરવામાં આવશે.’

# ગુજરાતમાં પ્રથમ ચુકાદોઃ મોરબીમાં થયેલ ત્રિપલ મર્ડરના કેસમાં ૧૧-૧૧ આરોપીઓને આજીવન કેદ

મોરબી : મોરબી તાલુકાની હદમાં લીલાપર ગામ નજીક આવેલ વજેપર ગામના સર્વે નંબરની જમીનનો વિવાદ ચાલતો હતો જેથી વર્ષ ૨૦૧૮ માં જીવલેણ હુમલો કરવામાં આવેલ હતો જે બનાવમાં એકી સાથે ત્રણ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી જે ત્રીપલ હત્યાનો કેસ મોરબીની સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો જેમાં સરકારી વકીલની દલીલ તથા રજૂ કરવામાં આવેલ આધાર પુરાવાઓને ધ્યાન રાખીને કોર્ટે ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા અને દરેકને ૫૬-૫૬ હજારનો દંડ ફટકાર્યો છે.

વર્ષ ૨૦૧૮ન ઓગસ્ટ મહિનાની ૧૨ મી તારીખે મોરબી નજીકના લીલાપર ગામ પાસે બોરીયા પાટી નજીક આવેલ ખેતીની જમીનના વિવાદમાં રાત્રિના સમયે જુદા જુદા છ બાઈક ઉપર આવેલા ૧૨ શખ્સો દ્વારા લાકડી, પાઈપ ધોકા, ટામી જેવા હથિયારો સાથે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો અને ત્યારે ત્યાં વાડીએ હાજર રહેલા દિલાવર પઠાણ, અફઝલ પઠાણ અને મોમીન પઠાણ નામના ત્રણ વ્યક્તિઓની હત્યા કરવામાં આવી હતી.જે બનાવ સંદર્ભે મૃતક વ્યક્તિના દીકરા વસિમભાઈ પઠાણએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે કુલ મળીને ૧૨ શખ્સોની સામે ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે હત્યા, રાયોટીંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીઓની ધરપ કડ કરી હતી અને આ ગુનામાં પકડાયેલા આરોપીઓ મોરબીની સબ જેલમાં હતા દરમ્યાન શુક્રવારના રોજ મોરબીની સેશન્સ કોર્ટે હત્યાના આ કેસમાં ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.

મોરબીની સેશન્સ કોર્ટમાં ચાલી ગયેલ હત્યાના આ કેસમાં સરકારી વકીલ વિજયભાઈ જાની દ્વારા રજુ કરવામાં આવેલ આધાર પુરાવાઓ, જુદીજુદી કોર્ટના ચૂકદાઓને ધ્યાને લઈને તેમજ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને રાખીને સેશન્સ કોર્ટના જજ ડી.પી. મહિડા સાહેબ દ્વારા હત્યાના ચકચારી કેસમાં કુલ મળીને જે ૧૨ આરોપીઓ હતા તે પૈકીના ૧ આરોપી શીવાભાઈ રામજીભાઈનું જેલમાં અગાઉ અવસાન થયું હતું.

ભુજ સહિત કચ્છમાં બિલાડીના ટોપની જેમ ફુટી નિકળેલા

# ખાણી-પીણીના અમુક લારી-ગલ્લા અને રેસ્ટોરન્ટમાં જન આરોગ્યની ઐસી-તૈસી

**ભુજમાં ખોરાકી ઝેરની અસરનો બનાવ બન્યા બાદ બજારૂ ખોરાકની ગુણવત્તાનો મુદ્દો બન્યો ટોક ઓફ ધ ટાઉન**

## દર રવિવાર અને રજાના દિવસોમાં બહારનું ખાવાના શોખીન ભુજવાસીઓને પ્રબુદ્ધ નાગરિકોની ટકોર : બજારૂ ભોજન આરોગતા પહેલાં હાઈજીન, સાફ-સફાઈ અને ગુણવત્તાની ચોક્સાઈ કરી લેવા સલાહ

**સ્ટાફ ઘટની બિમારીથી પીડાતા ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ખાણી-પીણીના ખુમચાઓની નિયમિત તપાસ થવી જરૂરી : જન આરોગ્ય સાથે ચેડા કરી વાસી ખોરાક પીરસતા ધંધાર્થીઓ સામે કડક કાર્યવાહી થાય તેવી પ્રવર્તતી લોક લાગણી**

ભુજ : આધુનિક ટેકનોલોજીના યુગમાં દરેક સોશિયલ મીડિયા પર આરોગ્યને લગતી ટિપ્સના સંદેશ મળતા રહે છે. દાદીમાના ઘરગથ્થુ ઉપચારોથી માંડી આરોગ્યપ્રદ ખાણી-પીણી માટેનું માર્ગદર્શન સોશિયલ મીડિયાના ગ્રૂપમાં સતત વહેતું રહેતું હોવા છતાં ભુજ અને કચ્છવાસીઓને બહાર લારી-ગલ્લાઓ પર મળતું બિન આરોગ્ય પ્રદ ખાવાની લત ઓછી થતી નથી.

ભુજવાસીઓ ખાણી-પીણીના ખુબ શોખીન છે તેથી જ શહેર અને આસપાસના ગામોમાં ખાણી-પીણીની લારી-ગલ્લાઓથી માંડી રેસ્ટોરન્ટ, ભોજનાલયો, નવા નવા ખુલી રહ્યા છે પરંતુ આવા રેસ્ટોરન્ટ કે ખુમચાઓ પર હાઈજિન કેટલું મેઈન્ટેન કરાતું હશે તેની કોઈ દરકાર લેવામાં આવતી નથી. ન તો ખાણી-પીણીના રસિક ભુજવાસીઓ કે ન તો ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ બિલાડીના ટોપની જેમ ફુટી નિકળેલા ખાણી-પીણીના કેન્દ્રો પર ગુણવત્તાની દરકાર લે છે. એટલે જ ભુજમાં અવનાર-નવાર ફૂડ પોઈઝનિંગના કિસ્સાઓ ઉજાગર થતા રહે છે. તાજેતરમાં શહેરના એક રેસ્ટોરન્ટમાંથી મગાવેલું ભોજન આરોગ્ય બાદ એક જ પરિવારના ચારેક લોકોને ખોરાકી ઝેરની અસર થતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવાની ફરજ પડી હતી.

આ કિસ્સો પ્રકાશમાં આવતા ફરી એક વખત બજારૂ ખોરાકની ગુણવતાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. ભુજમાં કોડકી રોડ, એરપોર્ટ રોડથી માંડી મિરજાપર, માધાપર, ભુજોડી સુધીના વિસ્તારોમાં અનેક નવા રેસ્ટોરન્ટ, ખાણી-પીણીના લારી-ગલ્લાઓ શરૂ થયા છે જે પૈકી કેટલાક ધંધાદારીઓએ તો એફએસએસએઆઈનું રજિસ્ટ્રેશન પણ કરાવ્યું નથી. પાણીપુરીથી માંડી પાંઉભાજી, પીઝાથી માંડી ચાઈનીઝ કે પંજાબી વિવિધ પ્રકારની વાનગીઓ આરોગવાનું વડગણ ભુજવાસીઓને થયું છે.

ખાસ કરીને રવિવાર કે રજાના દિવસોમાં દરેક લારીગલ્લા અને હોટલોમાં ભારે ભીડ જોવા મળતી હોય છે. લોકો કલાકો સુધી વેઈટીંગમાં ઊભા રહી વારો આવે તેની રાહ જોતા હોય છે.

ભુજમાં મોટાભાગના ઘરોમાં રવિવારે જાણે રસોડામાં રજા પાડવામાં આવતી હોય તેવો માહોલ જોવા મળતો હોય છે. બીજી તરફ કેટલાક રેસ્ટોરન્ટ કે લારી ગલ્લાઓ પર ખાદ્ય પદાર્થોની ગુણવતા બાબતે લાપરવાહી રાખવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠતી રહેતી હોય છે. વાસી ખોરાક ગ્રાહકોને પીરસવામાં આવતો હોય છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા નિયમિત ચેકિંગ કરવામાં આવતું ન હોવાની ધંધાર્થીઓને મોકળું મેદાન મળી જાય છે. ભુજના પ્રબુદ્ધ નાગરિકો કચ્છવાસીઓને વર્તમાન સમયે જ્યારે બિમારીઓનું પ્રમાણ વધ્યું છે ત્યારે ઘરની બહાર ખાવામાં કન્ટ્રોલ કરવા અને ગુણવતાયુક્ત, તાજો ખોરાક ખાવાની સલાહ આપે છે. ઘરની બહારનું ભોજન લેતી પૂર્વે ગુણવત્તા, સાફ-સફાઈ વગેરેની ચકાસણી કરી લેવા ટકોર કરે છે.

ભુજમાં બનેલી ખોરાકી ઝેરની ઘટના બાદ ફૂડ અને ડ્રગ્સ વિભાગની ઉંઘ ઉડશે કે કેમ તેવો વેધક સવાલ ઉઠી રહ્યો છે. જન આરોગ્ય સાથે ચેડા કરતા આવા લારી-ગલ્લા અને રેસ્ટોરન્ટ પર અંકૂશ લાદવામાં આવે તેવી લોકલાગણી પ્રવર્તી રહી છે.

# ગાંધીધામમાં બીજા દિવસે પણ દબાણ હટાવવાની ઝુંબેશ યથાવત



**ટાગોર રોડથી રોટરી સર્કલ સુધીના વિસ્તારમાંથી દબાણ દૂર : મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગે સંયુક્ત કામગીરી હાથ ધરી**

ગાંધીધામ : શહેરમાં દબાણ કરનાર તત્વો સામે તંત્રે સતત બીજા દિવસે પણ ઝુંબેશરૂપ કાર્યવાહી જારી રાખી હતી. મહાનગરપાલિકા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિશેષ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, જેમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે તંત્રનું બુલડોઝર આગળ વધ્યું હતું. ટાગોર રોડ વિસ્તારમાં દબાણ તોડફોડ બાદ ઈફકોથી રોટરી સર્કલ સુધીના વિસ્તારમાં રસ્તાની બાજુમાં થયેલા અસંખ્ય અતિક્રમણો દૂર કરવામાં આવ્યા. આ કામગીરીથી દબાણકારોમાં ફફડાટનો માહોલ સર્જાયો હતો. કાર્યવાહી દરમિયાન રોટરી સર્કલ, ઓશિયા મોલ આસપાસના વિસ્તારોમાંથી અંદાજે ૪૦થી વધુ દબાણ દૂર કરવામાં આવ્યા. સાથે સાથે પાંચથી વધુ બિનવારસુ કેબિન પણ તોડી પાડવામાં આવી હતી. કાર્યવાહી દરમિયાન કેટલાક દબાણકારોએ પોતાનો સામાન સર્વિસ રોડ પર ફરીથી ગોઠવીને તંત્રની કાર્યશૈલીને પડકાર આપવા પ્રયાસ કર્યો હતો. મહા નગરપાલિકા અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ પ્રકારના દબાણકારો સામે પણ આગામી દિવસોમાં સખત પગલાં લેવામાં આવશે. હાલના તબક્કે મુખ્ય રસ્તાઓ ઉપરનું દબાણ હટાવવાનું લક્ષ્ય છે. દબાણથી જમતા ટ્રાફિકના પ્રશ્નો, ટાગોર રોડથી આદિપુર સુધી ઝુંબેશ વિસ્તરશે. ટાગોર રોડ ઉપર દબાણના કારણે સતત ટ્રાફિક સમસ્યાઓ સર્જાતી હતી, જેના કારણે ઘણા વખતથી સ્થાનિકો હાલાકી ભોગવી રહ્યા હતા. કેટલાક વખત દબાણોના કારણે ટ્રાફિક અકસ્માતો પણ સર્જાયા હતાં, જેને લઈને તંત્ર હરકતમાં આવ્યું છે.

# કુરિયાણી નદી પાર આડબંધનો કામ બંધ કરવા માંગ કરાઈ



લખપત : તાલુકાના કુરિયાણી નદી અને કપુરાશી નદી ઉપર આડ બંધનો કામ ચાલુ છે, તેને બંધ કરવા માટે તેવી માંગ કરવામાં આવી હતી. સામાજીક અગ્રણી દશરથ શંકરલાલ બ્રાહ્મણએ નાયબ કાર્યપાલક એન્જીનીયરને લેખિતમાં રજુઆત કરી કે, કુરિયાણી અને કપુરાશી નદી ઉપર આડનો કામ ચાલુ છે. જે વિસ્તારમાં લોકોની જમીન આવી છે. આડ બંધ થવાથી ખેતરોમાં પાણી ભરાયા છે.

આ કામ માટે કોઈ પણ જગ્યાનો સર્વે કરવામાં આવી નથી. ટેન્ડર બહાર પાડી કામ કરાવે છે. ખેતીની જમીનમાં પાણી ભરાવવાથી ખેડૂતોને શારીરિક આર્થિક રીતે ખુબ જ નુકશાન વેઠવાનો વારો આવે છે. આમાં કિન્નાખોરીનો આક્ષેપ કરાયો છે અને વળતર પણ અપાતો નથી. આ બાબતે યોગ્ય કરવા અરજી કરનારની સાથે નરણાજી વીરજી બ્રાહ્મણ અને વરધાજી ધીરજી બ્રાહ્મણ સાથે રહ્યા હતા.



જાયન્ટસ ગ્રૂપ ઓફ ભુજ દ્વારા ભુજના ડોક્ટર દેવજ્યોતિ શર્માના દવાખાના માં માનસિક તણાવ, ચિંતા, આત્મહત્યાના વિચારો વગેરેના માર્ગદર્શન તેમજ તેના નિરાકરણ માટેનો કેમ્પ દર માસના પ્રથમ અઠવાડીએ હોસ્પિટલ રોડ સ્થિત મનઊર્જા ક્લીનિક ખાતે દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. કાર્યમાં ભુજ ગ્રૂપના પ્રમુખ અશોકભાઈ માંડલિયા, ઉપપ્રમુખ અભિલાષભાઈ મહેતા, યુડી. હેમતભાઈ ઠક્કર વગેરે હાજર રહી સેવા આપી હતી.

# સરહદી લખપત તાલુકાના અનેક ગામો પાણી માટે વલખા મારે છે

# છેવાડાના બૈયાવો ગામના લોકો અને પશુઓ પાણી માટે તરસ્યા

**કાળી નદીનું પાણી ઉપયોગી થતું પરંતુ ઔદ્યોગિક એકમો દ્વારા દુષિત પાણી છોડાતા આ આધાર પણ છીનવાયો : વરસાદ સિવાય પાણીનો કોઈ વિકલ્પ ન બચતાં સરકાર હવે વિકાસશીલ તાલુકામાં ટેન્કરથી પાણી પહોંચાડે તેવી માંગ : પાણી પુરવઠા બોર્ડ પણ પાણી પહોંચાડતું નથી**



ભુજ : સરહદી લખપત તાલુકાને સરકાર દ્વારા વિકાસશીલ તાલુકો ગણાવાયો છે. આ વિસ્તારમાં લોકોને રોજગારી મળે એ માટે સરકારના જીએમડીસી, કેએલટીપીએસ સહિતના પ્રોજેક્ટો સ્થપાયા છે. જો કે, સુવિધા મળવાના બદલે દુવિધા મળી રહી છે. કારણ કે, કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર પ્રોજેક્ટ પાન્ધ્રો દ્વારા એકમનું કેમિકલ યુક્ત પાણી કાળી નદીમાં છોડવામાં આવ્યું છે, જેના કારણે બૈયાબો ગામના લોકો અને પશુઓ પાણી માટે વલખાં મારી રહ્યા છે. અહીં પાણી પુરવઠા બોર્ડ દ્વારા પાણી પુહોચાડવા આગળ આવતું નથી.

બૈયાબો ગામની બાજુમાં જીએમડીસી લિગ્નાઈટ ઉમરસર પ્રોજેક્ટ આવે છે અને જીએમડીસી દ્વારા પુનરાજપર અને લખપતમાં નવા પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવનાર છે. જીએમડીસી અને કેએલટીપીએસના અધિકારીઓ દ્વારા ગામડાઓમાં શિક્ષણ, આરોગ્ય અને રોજગાર આપવાની જાહેરાતો કરાય છે, પરંતુ હાલે ઉનાળામાં ગ્રામજનો તેમજ પશુઓને પીવા માટે પાણી મળતું નથી. સ્થાનિક રહેવાસીઓને પહેલા પાનધ્રોથી આવતી કાળી નદીમાંથી પાણી મળી રહેતું હતું. જે નદી બૈયાબો ગામ માટે આશિર્વાદરૂપ હતી, પરંતુ કાળી નદીમાં કચ્છ લિગ્નાઈટ થર્મલ પાવર પ્રોજેક્ટ પાનધ્રો દ્વારા કેમીકલ યુક્ત પાણી છોડવામાં આવતા નદી પ્રદુષિત થઈ છે, જેના કારણે ગામના લોકો અને પશુઓને પીવા માટે પાણી ઉપયોગી નથી તેવું જાડેજા બળુભાએ જણાવ્યું હતું. વધુમાં રજુઆત કારતાએ જણાવ્યું હતું કે, જીએમડીસીના અધિકારીઓ દ્વારા ગ્રામજનોને મોટી મોટી વાતો કરવામાં આવી હતી, પરંતુ લખપત તાલુકાના બૈયાબોમા સાત દિવસથી પાણી ન મળતાં લોકોની પશુધનને પીવાના પાણી માટે વલખાં મારવા પડી રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા સ્થાનિક લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે દિશામાં પગલાં ભરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## વિજયભાઈ ગોરની ભુજ રાજગોર સમાજમાં પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થતાં કરાયું સન્માન



ભુજ : વિજયભાઈ ગોર ની ભુજ રાજગોર સમાજમાં પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થતાં કચ્છ જિલ્લા કર્મચારી સંકલન સમિતિના નેજા હેઠળ વિવિધ ગુજરાત રાજ્ય સરકારી ફરજ બજાવતા કર્મચારી મંડળના હોદેદારો દ્વારા વિજયભાઈનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં વર્ગ ચાર બોર્ડ નિગમ મંડળના પ્રમુખ ઉમરશીભાઈ કાનજી મહેશ્વરી, અંશકાલીન કામદાર સંઘના પ્રમુખ અલી મહંમદભાઈ મુતવા, કચ્છ જિલ્લા નગરપાલિકા વર્ગ ચાર કર્મચારી મંડળ દિલીપભાઈ ગોર, કચ્છ જિલ્લા વર્ગ ચાર વર્ક ચાર્જ આર. એન. બી. રોજમદાર મંડળના પ્રમુખ સંજયભાઈ ઠક્કર, કચ્છ જિલ્લા ચોથા વર્ગ કર્મચારી મહામંડળ તથા કચ્છ જિલ્લા ચોથા વર્ગ કર્મચારી સંકલન સમિતિ અશ્વિનભાઈ એસ. ગોર, કચ્છ જિલ્લા ચોથા વર્ગ કર્મચારી મંડળ મહામંત્રી તથા મંત્રી કચ્છ જિલ્લા ચોથા વર્ગ સંકલન સમિતિ હિતેશભાઈ ગોર, વર્ગ ચાર કર્મચારી મંડળ કચ્છ યુનિટના ઉપપ્રમુખ વિનોદભાઈ રાજપુત તેમજ એમ. આઈ. બાયડ (વર્ગ - ૩) મંત્રી - બહુમાળી ભવન સહકારી મંડળી ભુજ વગેરે મંડળો દ્વારા વિજયભાઈ ગોરનું સન્માન કરવામાં આવ્યું હતું.

## અખિલ કચ્છ વીશા શ્રીમાળી સોની સમાજ દ્વારા વિદ્યાર્થિઓને નોટબુક વિતરણ કરાયું

ભુજ : અખિલ કચ્છ વીશા શ્રીમાળી સોની સમાજ દ્વારા છેલ્લા આઠ વર્ષથી દર વર્ષે જિલ્લા ભરતી વિદ્યાર્થીઓને રાહતદરે નોટબુક ઉપલબ્ધ કરાવવાનો પ્રોજેક્ટ યોજાય છે. અંજાર ખાતે નોટબુક વિતરણ કાર્યક્રમ સાથે દાતાઓના સન્માન સમારંભનું ભવ્ય આયોજન કરાયું હતું. દાતાઓના સહકારથી સમગ્ર સમાજના વિદ્યાર્થીઓને દર વર્ષે નોટબુક વિતરણ કરવામાં આવે છે. આ વર્ષે મુખ્ય દાતા તરીકે ગં.સ્વ. જશવંતીબેન બાબુલાલ ચાંપાનેરિયા (ભુજપુર) તેમજ પરિવારજનોમાંથી દીપક ચાંપાનેરિયાએ યોગદાન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દિનેશ ચાંપાનેરિયાની આગેવાની હેઠળ દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે થઈ હતી. સમાજના પ્રમુખ કિરીટ ચાંપાનેરિયાએ શુભેચ્છા પાઠવતાં મહેમાનો અને ઉપસ્થિત અગ્રણીઓનું હાર્દિક સ્વાગત કર્યું હતું. આગામી બે વર્ષ માટેના મુખ્ય દાતાઓ તરીકે રણછોડભાઈ દેવશી ચાંપાનેરિયા (અંજાર) અને કીર્તિભાઈ તુલસીદાસ પાટડિયા (રાજકોટ)ના નામોની જાહેરાત કરાઈ હતી. પ્રોજેક્ટ ચેરમેન પરેશભાઈ પાટડિયાએ નોટબુક વિતરણનો વિસ્તૃત હિસાબ અને ફાળવણીની માહિતી આપી હતી. કાર્યક્રમ દરમિયાન ભરત કલોલિયા, ચંદુલાલ પાટડિયા અને હરેશ ગેરિયા દ્વારા સમાજના વિકાસ માટે ઉપયોગી સૂચનો રજૂ કરાયા હતા. કાર્યક્રમમાં સ્થાપક પ્રમુખ ચંદુભાઈ ચાંપાનેરિયા, અંજાર વાગડ પ્રમુખ મોહનલાલ પાટડિયા, અંજાર શહેર પ્રમુખ રાજેન્દ્ર આડેસરા, રાપર પ્રમુખ વિનોદ સોની, માંડવી, મુન્દ્રા, ભચાઉ, ગાંધીધામ, આદિપુર, ભુજ સહિતના ગામોના સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન મંત્રી રશ્મિકાંત ઝિંઝુંવાડિયાએ અને આભારવિધિ મંત્રી દિનેશ પારેખએ ભાવસભરે કર્યું હતું.

## સૃષ્ટિ વિરૂદ્ધના કૃત્યના ગુનામાં બે આરોપીઓના જામીન મંજૂર

ભુજ : તાલુકાનો નાની રોહાતડ ગામમાં કારમાં યુવાન સાથે ત્રણ શખ્સો દ્વારા કરવામાં આવેલ સૃષ્ટિ વિરૂદ્ધના કૃત્યના ગુનામાં ભુજની અદાલતે બે આરોપીઓના જામીન મંજૂર કર્યા હતા. આ કેસની વિગત મુજબ ખાવડા પોલીસ મથકે ત્રણ આરોપીઓ વિરૂદ્ધ સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્યની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં રજાક આમદ સમા, સનાવાલા ઉર્ફે સનાઉલા સાલે સમા સામે પણ ગુનો દાખલ થયો હતો. આ આરોપીઓએ ભુજની સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા અરજી કરી હતી. અદાલતે બન્ને પક્ષની દલીલો સાંભળી અદાલતે આરોપીઓની આગોતરા જામીનની અરજી મંજૂર કરી હતી. આરોપીઓ તરફે એડવોકેટ કે.પી.ગઢવીએ દલીલો કરી હતી. તેમની સાથે ભાવિકા ભાનુશાલી અને પ્રિયા આહિર હાજર રહ્યા હતા.

## ભુજની ઇન્નરવ્હીલ ક્લબ ફ્લેમિન્ગો દ્વારા વિકલાંગ યુવતીને રાશનકીટ અર્પણ

ભુજ : ઈન્નરવ્હીલ ક્લબ ફ્લેમિન્ગોનાં પ્રમુખ નેહાબેન પૂજારાએ ગામની જન્મજાત વિકલાંગ યુવતી શીતલ રાઠોડ પરિવારને રાશન કીટ અર્પણ કરી હતી. આ માટે સંસ્થાનાં પદાધિકારીઓ આરતીબેન શાહ, રચનાબેન શાહ, બિંદીબેન ભટ્ટી, માનવ જ્યોતના શંભુભાઈ જોશી, કનૈયાલાલ અબોટી, જગદીશચંદ્ર છાયા ઉપસ્થિત રહ્યા હતા. કપિરાજ મંદિરના પૂજારી હરસુખભાઈ સુથાર, પ્રબોધભાઈ મુનવરે શુભેચ્છા પાઠવી હતી.

## સામખિયાળી ખાતે પૂર્વ મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ સભા યોજાશે

ભચાઉ : ગુજરાતના જીવદયાપ્રેમી, સંવેદનશીલ માજી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને શ્રધ્ધાંજલી અર્પણ કરવા સમસ્ત વાગડ પ્રદેશની પાંજરાપોળો, ગૌશાળાઓ અને જીવદયાપ્રેમી, ગૌ પ્રેમી, રાષ્ટ્ર ભક્ત નાગરિકો દ્વારા શ્રધ્ધાંજલી સભાનું આયોજન વાગડ વિકાસ સંઘના ઉપક્રમે કરવામાં આવશે. આ શ્રધ્ધાંજલી સભામાં જોડાવવા માંગતી સંસ્થાઓ, પાંજરાપોળો અને ગૌશાળાના અધિકારીઓને તેમનું નામ નોંધાવવા ૯૮૬૭૫ ૪૫૭૪૪ ઉપર લક્ષ્મીચંદ ચરલા અથવા મહેશ શાહ ૮૨૦૦૦ ૨૪૫૭૮ નો સંપર્ક કરવા અનુરોધ કરાયો છે. સામખિયાળીના 'રણહાક' ખાતે શ્રદ્ધાંજલિ સભા યોજાશે.

## ૧૨મી જુલાઈએ રાપરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન

રાપર : રાષ્ટ્રીય કાનુની સેવા સત્તા મંડળ, નવી દિલ્લી તથા ગુજરાત રાજય સેવા સત્તા મંડળ અમદાવાદ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ભુજના ચેરમેન તથા પ્રિન્સીપાલ ડીસ્ટ્રકીટ જજ એ.એલ. વ્યાસની સુચના તથા માર્ગદર્શનમાં રાપર ન્યાયાલય ખાતે તા.૧૨-૭ના શનિવારના રાષ્ટ્રીય લોક-અદાલતનું આયોજન કરવામાં આવેલ હોય તેનો વધુમા વધુ લાભ લેવા પક્ષકારો,વકીલોને જણાવવામાં આવ્યું છે.

અદાલતમાં ફોજદારી સમાધાન લાયક તથા કબુલાતને પાત્ર કેસો, નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ના કેસો, લગ્ન સબંધી ફેમીલી કેસો, ભરણ પોષણના કેસો, દિવાની દાવા જેવા કે ભાડાના, બેંકોના વિગેરે તથા પ્રિલીટીગેશન કેસોમાં લોકનું ઝડપી અને સંતોષકારક રીતે સમાધાન કરવા માટે જે પક્ષકારો ઈચ્છતા હોય તેઓએ તાલુકા કાનુની સેવા સમિતિ, રાપરના ન્યાયાલયના આસી. એસ. ડી. ઘાંચીનાઓનો સંપર્ક સાધવા એ.એમ. પાટડીયા ચેરમેન તાલુકા કાનુની સેવા સમિતિ, રાપરની યાદીમાં જણાવ્યું છે.


૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે શુભેચ્છા...
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
• શ્રી આદિપુર લોહાણા સમાજ
• શ્રી આદિપુર લોહાણા યુવક મંડળ
• શ્રી આદિપુર લોહાણા મહિલા મંડળ
તમામ કારોબારી સભ્યો-કોપ્ટ સભ્યો અને સલાહકારશ્રીઓ

કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
શ્રી ગાંધીધામ લોહાણા મહાજન
ગાંધીધામ-કચ્છ.

૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે શુભેચ્છા...
લોક વાંચકોના વિશાળહિતને ધ્યાનમાં રાખી સત્યના સાથી બનવામાં અનેક કઠીન ડગરો પાર કરી અને પ્રચાર-પ્રસાર ક્ષેત્રે ૩૧ વર્ષ પૂર્ણ કરી ૩૨ માં વર્ષમાં મંગલ પ્રવેશ વેળાએ કચ્છના અગ્રીમ સાંધ્ય દૈનિક કચ્છઉદયને ખુબ ખુબ શુભેચ્છાઓ...
+ જોષી ક્લીનિક +
ડો.નરેશ.એલ.જોષી (M.B.B.S)
S.A.X-21 આદિપુર-કચ્છ -૩૭૦૨૦૧
Ph. 02836-260666

કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
પ્રજાના પોતિકા અખબાર તરીકે લોકહૃદયમાં સ્થાન અંકિત કરનાર સાંધ્યદૈનિક કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ અવસરે ખૂબ ખૂબ અભિનંદન સહ શુભેચ્છા...

કરો યોગ....
રહો નિરોગ...
પતંજલી ચિકિત્સાલય
જલારામ મંદિર સામે આદિપુર
Mo. 94282 43652

કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
શ્રી વાગડ લોહાણા રઘુવંશી પરિવાર, ગાંધીધામ
• નવીનભાઈ બી. રઘુવંશી - મેનેજીંગટ્રસ્ટીશ્રી તથા ટ્રસ્ટીગણ
• દેવેન્દ્રભાઈ અમૃતલાલ સોમેશ્વર- પ્રમુખશ્રી, તથા સર્વે હોદ્દેદારો, કારોબારી અને આમંત્રીત સભ્યશ્રીઓ,
• હરેશભાઈ કે. મજેઠીયા - પ્રમુખશ્રી વાગડ લોહાણા રઘુવંશી યુવક મંડળ, ગાંધીધામ તથા હોદેદારો કારોબારી અને આમંત્રીત સભ્યશ્રીઓ
• સરોજબેન એસ. રૈયા, પ્રમુખશ્રી, વાગડ લોહાણા રઘુવંશી મહિલા મંડળ, ગાંધીધામ
તથા હોદેદારો કારોબારી સભ્યશ્રીઓ

સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છ ઉદય ને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...
KAMAL V. VERMA & ASSOCIATES
Advocate & Maritime Lawyer
Patent, Trademarks, Copyright & G.I. Attorney, Silk Mark, Agmark, FSSAI, Barcode.
THX - 48, ADIPUR - 370 205 (KUTCH) GUJARAT-INDIA
TeleFax : +91 -2836-262010 Mobile : +91 -94269 77365
Mail : advocatekvverma@gmail.com / info@kamalvverma.com
Web : www.kamalvverma.com

કચ્છ ઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે હાર્દિક શુભેચ્છા.
સત્યના પર્યાય સમાન કચ્છીજનોની અસ્મિતાના દર્પણ એવા જાગૃત લોકપ્રહરી કચ્છઉદયને ૩૨માં વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છા...

Parkar Water Products
PACKAGED DRINKING WATER
200 ML-500 ML 1 Ltr બોટલ
20 Ltr (ISI Certified)
58/B, Industrial Area, Adipur-Kutch-370 205.
E-mail : care@blite.co.in Website : www.blite.co.in
Help line : No. +91-9978-666-84, Ph. : 0836 - 261550

# મીઠીરોહર જી.આઈ.ડી.સી.ની સુવિધાના પાયાના પ્રશ્નો મુદ્દે ગાંધીધામ ચેમ્બર દ્વારા રાજ્ય સરકારને તથા લોકપ્રતિનિધિઓને અપીલ

**કચ્છની અન્ય જીઆઇડીસી વિસ્તારોની દયનિય હાલત બદલાય તેવી સમયસૂચક માંગ કરાઇ**

ગાંધીધામ : ગુજરાત રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં જી.આઈ.ડી.સી.ઓનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. કચ્છ જેવા પોર્ટ આધારિત ઔદ્યોગિક વિસ્તારમાં તો જી.આઈ.ડી.સી. ઓ એ ઉત્તર ગુજરાત અને સમગ્ર પશ્ચિમ ભારતના ઔદ્યોગિક ગેટવે તરીકે ઊભરતાં ઔદ્યોગિક વિકાસના નકશા પર વિશિષ્ટ ઓળખ બનાવી છે.ખાસ કરીને કંડલા અને મુન્દ્રા પોર્ટ્સ સાથે જોડાયેલા વિસ્તારોએ ગુજરાતને નિકાસના ક્ષેત્રે આગેવાન બનાવવામાં ઘણી મહત્વની ભૂમિકા ભજવી છે. પરંતુ આજે, કચ્છના જી.આઈ.ડી.સી. વિસ્તારો સામે ઊભી થયેલી મૌલિક સમસ્યાઓ અને માળખાગત સુવિધાઓના અભાવને કારણે સ્થાનિક ઉદ્યોગોને મોટાં પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. ગાંધીધામ નજીક આવેલ મીઠીરોહર જીઆઈડીસી તેમાં વધુ ગંભીર જણાઈ રહી છે. એશિયાના સહુથી મોટા લાકડા ઉદ્યોગનું ક્લસ્ટર ધરાવતી મીઠીરોહર જીઆઈડીસી આજે બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ચિંતિત છે. દેશના મોટા શહેરોમાં પહોંચતા લાકડાના ઉત્પાદનો, પ્લાયવુડ, સ્ફ્લ્ક અને ચોખા પોલિશિંગના એકમો અહીંથી ચાલે છે. આટલી વ્યાપક ઔદ્યોગિક પ્રવૃત્તિઓ હોવા છતાં મીઠીરોહર જી.આઈ.ડી.સી.ના મુખ્ય માર્ગોની હાલત અત્યંત દયનીય છે.રોજબરોજ હજારો ટન માલ પરિવહન થતો હોવા છતાં, NH-41 થી જોડતો માર્ગ તૂટી ગયો છે, ખાડાઓ અને કાદવભરેલી ગટર સમસ્યાઓએ લોજિસ્ટિક્સ અને સપ્લાય ચેઈનને ખોરવી છે. રાજ્ય સરકાર 'Ease of Doing Business' માટે મક્કમ છે, છતાં આવા કાર્યરત જી.આઈ.ડી.સી.ઓ માટે તાત્કાલિક કામગીરી થવી જરૂરી છે. ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી રાજ્યના ઉદ્યોગ કેબિનેટ મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતને સ્પષ્ટ રજૂઆત સાથે પત્ર મોકલવામાં આવ્યો છે કે, મીઠીરોહર માટે અલગ ઔદ્યોગિક વિકાસ યોજના ઘડીને ખાસ નાણાંકીય ફાળવણી સાથે તાકીદે કામગીરી કરાવવા અંગે સંબંધિત વિભાગોને સૂચના અપાય. ચેમ્બર પ્રમુખ મહેશ પુજ દ્વારા વિશિષ્ટ અને વિશાળ દ્રષ્ટિકોણ સાથે નિવેદન આપતાં જણાવેલ કે, "કચ્છ જેવા બંદર આધારિત ઔદ્યોગિક વિસ્તારમાં એક પછી એક જી.આઈ.ડી.સી.ઓની મુશ્કેલીઓ સામે લાવવી આજે મજબૂરી નહીં, પણ જરૂરિયાત બની ગઈ છે. મીઠીરોહર જી.આઈ.ડી.સી. પણ બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર માંગી રહી છે. Ease of Doing Business ફક્ત એક કાગળ પરની નીતિ નહીં રહેવી જોઈ નહીં; પરંતુ એ જમીન પર ઉદ્યોગકારોને અનુભવાય તે જરૂરી છે. જો આજે ગુજરાતના પોર્ટઆધારિત ઔદ્યોગિક વિસ્તારોને બળ આપવું હોય તો કચ્છના જી.આઈ.ડી.સી. ઓ માટે અલગ ઔદ્યોગિક પેકેજ અને વિશિષ્ટ યોજનાઓ ઘડવી ફરજિયાત બની ગઈ છે."

# ગાંધીધામ ભારત વિકાસ પરિષદ દ્વારા વિમાન દુર્ઘટનાના હતભાગીઓને અંજલિ

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે યોગ સંગમ અને રક્તદાન કેમ્પનું આયોજન કરાશે**

ગાંધીધામ : ગુરુવારે અમદાવાદમાં સર્જાયેલા ગોઝારા વિમાન અકસ્માતનો ભોગ બનેલા દિવંગતોને ભારત વિકાસ પરિષદ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. હતભાગીઓની આત્માની શાંતિ માટે પ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાડી પરિષદના સભ્યોએ સંવેદના વ્યક્ત કરી હતી.

ભારત વિકાસ પરિષદની બેઠકમાં આંતરરાષ્ટ્રીય યોગા દિવસ નિમિત્તે તા.૨૧ જૂનના આયોજિત થનારા યોગ સંગમ કાર્યક્રમ અંગે વિચારણા કરવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસે સવારે છ વાગ્યાથી શહેરના કિરણ પાર્ટી પ્લોટ ખાતે ભારત વિકાસ પરિષદ અને કંડલા-મુન્દ્રા કન્ટેનર વેલ્ફેર એસોસિએશન અને તેમજ અન્ય સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે યોગાના કાર્યક્રમ બાદ સવારે ૮થી ૪ વાગ્યા સુધી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન અંબાજી મંદિર ખાતે કરવામાં આવશે.

બ્લડ ડોનેશન કેમ્પના સહયોગી આયોજકો દ્વારા દરેક રક્ત દાતાને ખાસ ભેટ આપવામાં આવશે. યોગ સંગમ અને રક્તદાન કેમ્પ માટે એડવાન્સ રજિસ્ટ્રેશન ફોર્મ દ્વારા નોંધણીની પ્રક્રિયા શરૂ થઈ છે. આ બેઠકમાં પરિષદના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો હાજર રહ્યા હતા. તેવું પ્રચાર-પ્રસાર મંત્રી રાજેશ લાલવાણીની યાદીમાં જણાવાયું હતું.

**વિશ્વ રક્તદાતા દિવસ**

# કચ્છના રક્તદાતાઓમાં આવેલી જાગૃતિમાં સામજિક અને વ્યવસાયિક સંસ્થાઓનો મોટો ફાળો

**અદાણી સંચાલિત GAIMS જી.કે. જન. હોસ્પિ.ના બ્લડબેંક વિભાગે વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે રક્તદાતાઓને બિરદાવ્યા**

ગાંધીધામ :કચ્છમાં હવે રક્તદાન પ્રત્યે દિવસે દિવસે જાગૃતિ વધી રહી છે. વ્યક્તિગત ધોરણે લોકો જરૂર પડે ત્યારે તેમજ જિલ્લામાં ગ્રામ વિસ્તાર સુધી કાર્યરત સામાજિક અને વ્યવસાયિક સંસ્થાઓ પણ રક્તદાન કેમ્પ યોજીને જાગૃતિનું કામ કરતી હોવા તેઓ પણ પ્રત્યક્ષ રીતે લોકોને પ્રેરણા આપે છે.પરિણામે આવશ્યક રક્ત મળી રહે છે.

અદાણી સંચાલિત GAIMS જી.કે.જનરલ હોસ્પિટલના બ્લડબેંકના હેડ ડૉ.જિગ્નાબેન ઉપાધ્યાયએ ૧૪મી જૂન વિશ્વ રક્તદાતા દિવસ નિમિતે જણાવ્યુ કે, રક્તદાન કરવાની સાથે કોઈની મહામૂલી જિંદગી તો બચી જ શકે છે સાથે વ્યક્તિ પોતાના સ્વાસ્થ્યની સાચી જાણકારી પ્રાપ્ત કરવા ઉપરાંત રક્તદાનથી ભાવનાત્મક આરોગ્યમાં પણ સુધારો જોવા મળે છે.તેમણે કહ્યું કે રક્તની જરૂરિયાત અનેક કારણોને લીધે હોય છે કોઈ દુર્ઘટનામાં ઘાયલો,ગર્ભવતી મહિલાઓ, ઓપરેશન કરાવેલા પીડિત, થેલેસેમિયા દર્દીઓ માટે તેમજ કેન્સર અને એનિમિયાના દર્દીઓને પણ રક્તની વારંવાર જરૂર પડતી હોવાથી રક્ત સંગ્રહ એક પડકારરૂપ બની રહે છે.

બ્લડબેંકના આસી.પ્રો. ડો.સુમનબેન ખોજાએ કહ્યું કે, આજે પણ ટેકનોલોજીના યુગમાં લાંબા સમય સુધી રક્તનો સંગ્રહ કરી શકાતો નથી એટલે જ તેની અછત લગાતાર જોવા મળે છે, પરિણામે સમયાંતરે રક્ત મેળવવા રક્તદાતાઓને અનુરોધ કરવામાં આવે છે જો કે તેનો હંમેશા સાનુકૂળ પ્રતિસાદ મળતો રહે છે. એમ બ્લડ બેક્ર ના કાઉન્સેલર દર્શન રાવલે વધુમાં જણાવ્યું કે માટે જ નિયમિત કેમ્પ યોજી રક્ત એકત્રિત કરવા ઝુંબેશ ચલાવવામાં આવે છે.

રક્તદાન કરવાથી શરીરમાંથી રક્ત ઓછું થઈ જાય છે, એવો છુપો ભય કે ભ્રાંતિ લોકોમાં હોવાથી ક્યારેક રક્તદાન કરવાથી લોકો દૂર રહે છે એ બાબતે તબીબોએ કહ્યું કે સામાન્ય રીતે એક યુનિટ રક્તદાન કરવાથી શરીરની કુદરતી રચના જ એવી હોય છે કે બે ત્રણ દિવસમાં જ લોહી બની જાય છે, એટલે આવી બાબતોથી ડરવાની જરૂર નથી.

તબીબોએ કહ્યું કે, જો કે રક્તદાન પૂર્વે કેટલીક બાબતો અવશ્ય ધ્યાન રાખવી જોઈએ જેમકે પૂરતું પાણી પીવું જરૂરી છે. ખાલી પેટે રક્તદાન ન થાય એ પણ આવશ્યક છે. કોઈને ગંભીર બીમારીના લક્ષણ હોય તો પણ રક્તદાન ન કરી શકાય. એકવાર રક્તદાન કર્યા પછી ચાર મહિને રક્તદાનની સલાહ અપાય છે. તેમ છતાં કોઈ સમસ્યા જણાય તો તબીબો જ રક્ત લેવાની મનાઈ કરે છે.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | |
| 5 | | | | | | | | 6 |
| | | | 2 | | 1 | | | |
| | | 2 | 9 | | 6 | 5 | | |
| | 8 | | | | | | 9 | |
| | | 4 | 1 | | 5 | 7 | | |
| | | | 8 | | 4 | | | |
| 2 | | | | | | | | 9 |
| | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 5 | 8 | 6 | 9 | 2 | 3 |
| 3 | 5 | 9 | 1 | 2 | 7 | 6 | 4 | 8 |
| 6 | 2 | 8 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 1 |
| 7 | 4 | 3 | 2 | 1 | 8 | 5 | 9 | 6 |
| 8 | 1 | 5 | 7 | 6 | 9 | 4 | 3 | 2 |
| 1 | 9 | 4 | 6 | 7 | 2 | 3 | 8 | 5 |
| 2 | 8 | 6 | 4 | 5 | 3 | 7 | 1 | 9 |
| 5 | 3 | 7 | 8 | 9 | 1 | 2 | 6 | 4 |

# અવસાન નોંધ



**ભુજ** : રાજગોર ચિંતન (ઉ.વ. ૩૬) તે સ્વ. સાવિત્રીબેન કિશોરભાઈ (નયન) માલાણીના પુત્ર, સ્વ. રામીબેન રામજી માલાણીના પૌત્ર, દિપાલીબેનનાના પતિ, પાર્વીના પિતા, મુકુંદ, જિનિશાબેન હિરેનભાઈ ભટ્ટ, રીતુબેન પ્રતીકભાઈ ભટ્ટ, ધૈર્યાબેન અતુલભાઈ માલાણીના મોટા ભાઈ, જુહીબેનના જેઠ, ચંચળબેન જયેશ મારાજ (ગૌભકત), અર્ચનાબેન અતુલભાઈ (રિ. ડે. મામલતદાર)ના મોટા ભત્રીજા, મધુબેન અમૃતલાલ મોતાના દોહિત્ર, મિત્તલબેન બિપિનભાઈ ગોર, જયાબેન ભરતભાઈ વ્યાસ, દેવિલાબેન વિપુલભાઈ માલાણી, શિલ્પાબેન ચંદ્રેશભાઈ માલાણીના ભાણેજ, મિવાનના મામા, ક્રિષ્નાબેન જગદીશભાઈ મણિશંકર નાકરના જમાઈ, જાનકીબેન આશુતોષભાઈ મોતાના બનેવી તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫-૬ના રવિવારે સાંજે ૫:૩૦થી ૬:૩૦ રાજગોર સમાજવાડી, આર.ટી.ઓ. રિલોકેશન સાઈટ ખાતે.

**કુંભારિયા (તા. અંજાર)** : મૂળ નાગલપરના કચ્છ ગુર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) વેલજીભાઈ શામજીભાઈ ચૌહાણ (ઉ.વ. ૮૨) તે જગદીશભાઈ, રંજનબેન ભરતભાઈ સોલંકી, સ્વ. તારાબેન મહેશભાઈ વેગડ, રમેશભાઈના પિતા, સ્વ. જમનાબેન શામજીભાઈ શિવજી ચૌહાણના પુત્ર, સ્વ. મોહનલાલ શામજીભાઈ ચૌહાણ, ડાયાલાલ શામજી ચૌહાણ, સ્વ. દેવરામભાઈ શામજી ચૌહાણ, સ્વ. ગોદાવરીબેન માધવજી રાઠોડ, સ્વ. પ્રવીણભાઈ શામજી ચૌહાણના ભાઈ, ડિમ્પલ, કેવલના દાદા તા. ૧૧-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના શનિવારે સાંજે ૫થી ૬ નિવાસસ્થાન કુંભારિયા ખાતે.

**માધાપર (તા. ભુજ)** : મૂળ રવાના હાલે નવી મુંબઈ કચ્છી સેવક બ્રાહ્મણ કિશોરભાઈ ગૌરીશંકર મૂળજી સેવક (બાપટ) (ઉ.વ. ૫૭) તે ગં.સ્વ. ગૌરીબેન ગૌરીશંકર બાપટના પુત્ર, સ્વ. ચંદ્રિકાબેન વ્રજલાલ નારણજી આચાર્યના જમાઈ, કુસુમબેનના પતિ, પ્રિયંકા, ભાગ્યશ્રી, પર્વના પિતા, નીલેશભાઈ, સ્વ. સાવિત્રીબેન, મીનાબેન, લીલાવંતીબેન, ગં.સ્વ. કસ્તૂરબેન, પ્રભાબેન, ગં.સ્વ. જ્યોતિબેનના ભાઈ, જયશ્રીબેનના દિયર, હિરેન, ધ્રુવના કાકા, યોગેશ આચાર્ય, પુષ્પાબેન, રંજનબેન, શાંતિબેનના બનેવી, જાનકીબેનના નણદોઈ, સ્વ. કુવરજી મૂળજી બાપટના ભત્રીજા, દામજીભાઈ, જયશંકરભાઈ, કલ્યાણજીભાઈ, મનસુખભાઈ, સ્વ. અનસૂયાબેન, નીમુબેન, રમાબેન, સ્વ. પદમાબેનના કાકાઈ ભાઈ, સ્વ. હીરાલાલ, બેચરલાલ, નવીનભાઈ જોશીના ભાણેજ, સ્વ. સરસ્વતીબેન, સ્વ. પાર્વતીબેન, પુષ્પાબેન, ઝવેરબેનના ભત્રીજા તા. ૯-૬ના નવી મુંબઈ ખાતે અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના શનિવારે સાંજે ૪થી ૫ સોરઠિયા સમાજવાડી, ગાયત્રી મંદિરની બાજુમાં, સ્ટેશન રોડ, માધાપર ખાતે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
**કચ્છ જિલ્લામાં સર્વે ગ્રાહકો મિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં મરણનોંધ બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.**
**અવસાન નોંધ માટે મરણનો દાખલો, આધાર પુરાવો, ગામ પંચાયતનો લેટર, તથા કાઉન્સીલરનો લેટર હશે તો અવસાન નોંધ સ્વીકારવામાં આવશે.**
**સંપર્ક : પ્લોટ નં.૨૮૭, સેક્ટર-૧/એ, ગાંધીધામ**

**ભુજ** : મ.ક.સ.સુ. દરજી નટવરલાલ દયારામ પરમાર (ઉ.વ. ૫૫) તે સ્વ. જયાબેન દયારામ કરશનદાસ પરમારના પુત્ર, ગૌતમ, સ્વ. ભગવતીબેન જગદીશભાઈ (અંજાર)ના મોટાભાઈ, સ્વ. વાલજીભાઈ, સ્વ. બાબુલાલ, સ્વ. અમૃતલાલ, સ્વ. શંકરલાલ, સ્વ. કાનજીભાઈ, વૃજલાલ, વિનોદભાઈ, સ્વ. સાવિત્રીબેન અમૃતલાલ સાચલા (અંજાર)ના ભત્રીજા, મોહનલાલ મૂળજી પરમાર (મુંદરા), વિશનજી મૂળજી પરમાર (મુંદરા), ગં.સ્વ. હંસાબેન કાન્તિલાલ ધામેચા (બિદડા), સ્વ. દમયંતીબેન અમૃતલાલ (કાનપુર)ના ભાણેજ, સ્વ. મહેશભાઈ, રાજેશભાઈ, સ્વ. આનંદભાઈ, મેહુલભાઈ, બ્રિજેશભાઈ, સ્વ. વીણાબેન (ગુંદાલા), માલતીબેન (અંજાર), રાધાબેન (મુંદરા), રમીલાબેન (માધાપર), ગીતાબેન (નારાણપર), દક્ષાબેન (વિરાણી), પ્રીતિબેન (ભચાઉ), માધવીબેન (બળદિયા), સુમનબેન (ભુજ)ના કાકાઈ ભાઈ, બંસરી, હર્ષના મામા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના સાંજે ૫થી ૬ દરજી જ્ઞાતિની વાડી, નાગર ચકલા, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ ખાવડાના રમેશ (શૈલેશ) જેઠાલાલ દાવડા (ઠક્કર) (ઉ.વ. ૫૫) તે સ્વ. હીરાબેન માણસીંગ ઠક્કર (દાવડા)ના પૌત્ર, વિનુબેન જેઠાલાલ દાવડાના પુત્ર, મધુબેનના પતિ, હિતેશ, આકાશના પિતા, સ્વ. કિશોર, ઉદયના ભાઈ, મિત્તલબેનના સસરા, સોનલના જેઠ, નયનાબેન વિશ્રામભાઈ, સ્વ. પુષ્પાબેન નારાણજી, ભગવતીબેન બાબુલાલ, ગં.સ્વ. જયશ્રીબેન નવીનચંદ્ર, જશોદાબેન ઉમેદલાલ વર્મા (ખાવડા), ખિયાબેન ચંદુલાલ રાયકુંડલ (આદિપુર)ના ભત્રીજા, જશોદાબેન શંભુલાલ કક્કડના જમાઈ, લક્ષ્મીબેન વસંતભાઈ, નિતેશ શંભુલાલ, ભગવાનજી શંભુલાલના બનેવી, સ્વ. નેણાબેન રતનશીના દોહિત્ર, માનાબેન ઘનશ્યામભાઈ તન્ના, સ્વ. બબીબેન દેવેન્દ્રના ભાણેજ, સ્વ. પ્રાણ, જિગર, ગીતાબેન, અજય, સરલાબેન, જિજ્ઞાબેન, દેવકૃષ્ણ, ધર્મેન્દ્ર, કોકીલાબેન, વિશાલ, પરેશ, ચાંદનીબેનના કાકાઈ ભાઈ, એકાક્ષના દાદા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. બન્ને પક્ષની સાદડી તા. ૧૩-૬ના શુક્રવારે સાંજે ૫થી ૭ નિવાસસ્થાને પ્લોટ નંબર સી-૭૧, શેરી નંબર ૬, નરાસિંહ મેહતા નગર, ગોપનાથ મહાદેવ મંદિરની બાજુમાં, ભુજ ખાતે તથા પ્રાર્થનાસભા તા. ૧૪-૬ના શનિવારે સાંજે ૫થી ૬ રસિક કતિરા હોલ, લોહાણા સમાજવાડી, વી.ડી. હાઈસ્કૂલની બાજુમાં, ભુજ ખાતે.

**ભુજ** : મૂળ ઝુરાના માનબાઈ ગોપાલભાઈ ખોયલા (ઉ.વ. ૭૨) તે તુગા નથુના ભાભી, ખીતુબાઈ નારાણ જેપાર, જશુબેન હરિલાલ સીજુ, ખીમજીના માતા, કમલેશ તુગા, નરેશ, હરેશના મોટામા, આશા ભીમા, સામત, રામજી, ભારમલ, વિશ્રામ, પૂંજાભાઈ, અરજણ કરશન, નારાણ, હીરજી, સ્વ. ગોવિંદ પચાણ, ગણેશદાસ પચાણના કાકી, ભરત ગોવિંદ (ભોપા), હરિલાલ, વિનોદ, અરૂણા, જયા, ભારતી, જેઠાલાલ, મોહન, અરૂણાબેન હરેશ સીજુ (ભડલી)ના દાદી, આચારભાઈ, લાલજીભાઈ, કાનાભાઈ લાખાભાઈ નંજાર (નિરોણા)ના બહેન તા. ૯-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૧૪-૬ના શનિવારે રાત્રે આગરી અને તા. ૧૫-૬ના રવિવારે સવારે ઘડાઢોળ (પાણી) નિવાસસ્થાન રાવલવાડી, ભુજ ખાતે.

**બિદડા (તા. માંડવી)** : હાશબાઈ ખમુભાઈ વિંઝોડા (ઉ.વ. ૬૫) તે ખમુભાઈ ભીમાભાઈના પત્ની, સામજીભાઈ ખમુભાઈ વિંઝોડા, રમેશભાઈ ખમુભાઈ વિંઝોડાના માતા, કાનજીભાઈ ધેડા (કારાગોગા)ના પુત્રી, રામજીભાઈ કાનજીભાઈ ધેડાના બહેન, સીમાબેન, ક્રિષ્નાબેન, અલ્પેશ, સપના, કાર્તિક, તમન્ના, દર્શનાના દાદી તા. ૮-૬ના અવસાન પામ્યા છે.

**મુંદરા** : વાલબાઈ ખેંગારભાઈ નંજણ સરપંચ શ્રી વડાલા જૂથ ગ્રામ પંચાયત ગામ -વડાલા, તાલુકો. -મુદરા કચ્છ તારીખ ૧૦/૦૬/૨૦૨૫ના રોજ શ્રી ધણી માતંગ દેવ શરણે થયેલ છે, તેમનું દિયાણો તા-૧૫/૦૬/૨૦૨૫ના રોજ આગરી તથા તા-૧૬/૦૬/૨૦૨૫ના રોજ ગડાઢોર (પાણી) તેમના નિવાસસ્થાને વડાલા મુકામે રાખેલ છે.

**ધ્રબ (તા. મુંદરા)** : સોતા હુશેન અબ્દુલ્લા (ઉ.વ. ૪૯) તે સોતા અલીમામદના ભાઈ, બરકતઅલીના પિતા, સોતા કાસમ જુસબ, ઈકબાલ જુસબ, ગુલામ જુસબ, સદામ જુસબ, શકુર ઈબ્રાહીમના કાકાઈ ભાઈ, ઈરફાનના મામા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૫-૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ તુર્ક સુન્ની મુસ્લિમ જમાતખાના, ધ્રબ ખાતે.

**પત્રી (તા. મુંદરા)** : વાલબાઈ દેશરભાઈ વરોંધ (મહેશ્વરી) (ઉ.વ. ૧૦૭) તે દેશર જુમાના પત્ની, સ્વ. મગા દેશર, સ્વ. સુમાર દેશર, મેઘબાઈ, સ્વ. કેશરબાઈ, રાણબાઈના માતા, હીરજી મગા, ગોવિંદ સુમાર, રાજેશ મગા, સ્વ. દેવજીભાઈના દાદી, હરેશ, જેન્તી, મહેશ, દિનેશ, સુરેશ, ગીતા, હંસા, મંજુલા, દિવ્યાના મોટા દાદી, આશબાઈ, લીલબાઈ, લક્ષ્મીબેનના દાદીસાસુ, સ્વ. નાનબાઈ મગાભાઈ, સ્વ. માલબાઈ સુમારભાઈના સાસુ, લધારામ કાનજી સુંઢા, સ્વ. ગોવિંદભાઈ કાનજીભાઈ સુંઢા (તલોદ), સ્વ. બાબુભાઈ વાલજી દાફડા (ગાંધીધામ - ગણેશનગર), સ્વ. આશબાઈ જુમાના નાના બહેન, સ્વ. શામજી જુમા, સ્વ. આતુ જુમા, સ્વ. મગા જુમા, સ્વ. વાલજી જુમા (વારોંધ)ના માસી તા. ૮-૬ના અવસાન પામ્યા છે. બેસણું મહેશ્વરીવાસ, પત્રી ખાતે.

**રવાપર (તા. નખત્રાણા)** : નોડે સુમાર રહીમના (ઉ.વ. ૮૫) તે મ. નોડે હમીર રહીમના, મ. આધમ રહીમનાના ભાઈ, નોડે જુસબ, રમધાન, હાસમના પિતા, જુણસ હમીર, અલીમામદ હમીર (રવાપર), ફકીરમામદ આમધ, ખમીશા આમધ, જાકબ આમધ (વિગોડી)ના કાકા તા. ૧૩-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૫-૬ના રવિવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ નિવાસસ્થાન ડેમ વિસ્તાર, રવાપર ખાતે.

**રતડિયા (તા. નખત્રાણા)** : સાટી મુહમ્મદ રહીશ (ઉ.વ. ૫) તે મુહમ્મદ રફીકના પુત્ર, અફસરના ભાઈ, જાવેદના ભાણેજ, અબ્બાસના ભત્રીજા તા. ૧૩-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૫-૬ના સવારે ૧૦ વાગ્યે સાટી સમાજવાડી, રતડિયા ખાતે.

**વિંઝાણ (તા. અબડાસા)** : કુંભાર ઓસમાણ અભુ તે કુંભાર અલીમામદના ભાઈ, મ. હાસમ, અભુભખર, મામદ, સુલતાન, જુણસના પિતા તા. ૧૨-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧૫-૬ના રવિવારે સવારે ૧૦ કલાકે કુંભાર મસ્જિદ, વિંઝાણ ખાતે.

# અંજાર શહેરમાં રોડ-રસ્તાના કામોમાં વ્યાપક ભ્રષ્ટાચારના આક્ષેપ

**જિલ્લા વહીવટી તંત્રને આવેદન પત્ર પાઠવી ગેરરીતિ આચરનાર સામે કાયદાકીય પગલાં લેવા કોંગ્રેસે કરી માંગ**





અંજાર : હાલમાં શહેરમાં રોડ રસ્તા માટે ડામર રોડ, સી.સી. રોડ તેમજ પેવર બ્લોક રોડનાં કામો માટે કરોડોની ગ્રાન્ટ ફાળવેલ છે. જેમાં ડામર રોડનાં કામ અંજારનાં અલગ અલગ વિસ્તારોમાં કોન્ટ્રાકટર દ્વારા શરૂ કરવામાં આવેલ છે. અમુક કામ તો બે કે ત્રણ દિવસમાં પૂર્ણ કરી દેવાયેલ છે.

હાલમાં વિજયનગરનાં એક આંતરીક રોડનું કામ કરવામાં આવેલ છે. જે કામમાં હયાત રોડની બંને તરફ નિર્દિષ્ટ માપ મુજબ વાયડીંગ કરીને તે રસ્તાને ૭ મીટરનો કરવાનો હતો. કામ કરતી એજન્સીએ રોડમાં એક મીટર ઓછી કરીને કામ પૂરું કરી દીધેલ છે. આ કામમાં મેજર મેન્ટમાં ફેરફાર કરી મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે. તેવો આક્ષેપ અંજાર કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો છે. રોડ-રસ્તાના કામોમાં સુધરાઈના જવાબદારોએ કર્મચારીઓ દ્વારા સ્થળ પર કામગીરીની ચકાસણી કરવાની દરકાર લેવામાં આવતી નથી. આ કામમાં વર્ક ઓર્ડર મુજબ કામ ન કરીને માપમાં ભ્રષ્ટાચાર કરીને બનાવેલ હોઈ તેની યોગ્ય તપાસ કરવા માંગ કરી હતી. આ ઉપરાંત એક ડામરનું કામ માનવ સર્કલથી પ્રજાપતિ સ્મશાનનાં ત્રણ રસ્તા સુધીનું ચાલે છે, જે રોડ વાઈડીંગનાં કામમાં જે નિયમ મુજબ કામ કરવાનું થાય તે મુજબ થયેલ નથી. તેમાં પણ કોઈ જગ્યાએ સાઈડમાં યોગ્ય રીતે ખોદીને માપ મેજરમેન્ટ મજબ જે લેર મુજબ કામની શરતો હોય તે મુજબ કરવામાં આવતું નથી. થીગડા પુરી દેવામાં આવેલ છે. કામની ખરેખર ગુણવતા જાળવવી હોય તો જ્યાંથી શરૂ થાય ત્યાં સુધી બંને બાજુ એક સરખા માપ મેજરમેન્ટ મુજબ જ સાઈડ વધારીને કરવું જોઈએ. તેનાં બદલે ઘણી જગ્યાએ રોડ સુધીનાં પેવર બ્લોક પાથરેલા છે. અગાઉ તેને ડિસ્ટર્બ કરેલ નથી અને આથી આ કામમાં પણ કામ ઓછું (માત્રા ઘટાડી) સ્થળ પર કામ કરીને ભરપૂર ભ્રષ્ટાચાર આચરવામાં આવે છે.

તેમજ રોડ વાઈડીંગ કરીને રોડ પહોળો કરવાનું કામ અંજાર દેવળીયા નાકા મસ્જિદ તરફથી ભરેશ્વર મંદિરથી ક્રિષ્ના નગર નવી કોર્ટ થઈને સોરઠીયા સમાજનાં સ્મશાન સુધી જે હાલનો હયાત રોડ છે તે બનાવવાનું કામ પણ અધુરું છે ત્યારે જે કામ બી.આર.સી. ભવન સુધી કરેલ છે. ત્યારબાદનાં આગળનાં રોડનું કામ બાકીમાં છે. આ કામ પણ યોગ્ય વાઈડીંગ કામ કર્યા વિના રાતોરાત કામ પુર્ણ કરી નાખેલ છે. તમામ કામગીરી નગરપાલિકાના જવાબદારોની દેખરેખ કે ચકાસણીમાં થયા નથી તેથી કામની ગુણવત્તાની ચકાસણી કર્યા વગર બીલ મંજૂર કરવામાં આવે તેવી માંગ કચ્છ જિલ્લા કોંગ્રેસના મંત્રી દિલીપસિંહ ઝાલા દ્વારા જિલ્લા વહીવટી તંત્રને પાઠવેલા આવેદન પત્રમાં કરવામાં આવી હતી. સાથે જ પ્રજાના પૈસે થતી કામગીરીમાં ભ્રષ્ટાચાર કરનાર તમામ જવાબદાર સામે કાયદાકીય પગલાં લેવા માંગ કરી હતી.

# અંજારના લક્ષ્મી બાલાજી મંદિરના ૧૬ વાર્ષિક કલ્યાણ મહોત્સવની ઉજવણીનો પ્રારંભ



અંજાર : બાલાજી સેવા ટ્રસ્ટના લક્ષ્મી બાલાજી મંદિરના ૧૬ મા વાર્ષિક કલ્યાણ મહોત્સવની ઉજવણીનો શનિવારથી પ્રારંભ થયો છે. આ ત્રિ-દિવસીય ધર્મમહોત્સવ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

શનિવારે સવારે વિશ્વ સેન પૂજા સાથે કલ્યાણ મહોત્સવ ઉજવણીનો પ્રારંભ થયો હતો ત્યારબાદ સાંજે લક્ષ્મી બાલાજી મંદિરે અંકુર અર્પણાનો કાર્યક્રમ યોજાશે. રવિવારે સવારે અષ્ટોતર કળશાભિષેક, રાત્રે ૯ કલાકે ગુર્જર ક્ષત્રિય સમાજવાડી ખાતે મહાપ્રસાદનું આયોજન કરાયું છે. મહોત્સવના ત્રીજા દિવસે સોમવારે સવારે સુદર્શન યજ્ઞ અને સાંજે લક્ષ્મી બાલાજી મંદિરેથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. લક્ષ્મી બાલાજી મંદિર કલ્યાણ મહોત્સવ સમિતિ દ્વારા ધર્મોત્સવનો લાભ લેવા ભાવિક ભક્તોને નિમંત્રણ પાઠવાયું છે.

## કચ્છ કચ્છનોંધ

**ભુજમાં બ્લડ ડોનેશન કેમ્પ**

• માનવસેવા માટે સમર્પિત સંસ્થા ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ભુજ દ્વારા વિશ્વ રક્તદાતા દિવસ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ભુજ તરફથી સંપૂર્ણ સહયોગ આપવામાં આવી રહ્યો છે. તા. ૧૫ જૂનના રવિવારે સવારે ૯:૩૦ કલાકથી તપાસણી કરવામાં આવશે. કોઈ પણ વ્યક્તિ આવીને રક્તદાન કરી શકે છે. જેથી વધુમાં વધુ લોકોને રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે.

## રત્નકણિકા

**અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઇ જાય છે.- અથર્વવેદ**

## પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૭, પા. બહમન-૧૩૯૪, મુ. જીલ્હજ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, જયેષ્ઠ વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૧૦:૨૬ ક.) તા.૧૪ જૂન ૨૦૨૫, શનિવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૭, ઉત્તરાષાઢા નક્ષત્ર, બ્રહ્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૦૫, સૂ.અ.૭:૩૭

આજનો દિવસ સામાન્ય છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

## આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** – પ્રણય પ્રસંગમાં સફળતા મળે. સંતાન સાથે સુમેળ રહે, માંગલિક પ્રસંગનું આયોજન થાય.

**વૃષભ** – સામાજિક પ્રતિષ્ઠા વધે. ધંધાકીય પ્રવૃત્તિમાં હકારાત્મક વાતાવરણ રહેતું જણાય.

**મિથુન** – નવા સાહસનું આયોજન થતું જણાય. ભાઈ-ભાંડુ સાથે સુમેળ સર્જાય.

**કર્ક** – કુટુંબમાં સુમેળભર્યું વાતાવરણ રહે. જમીન-મકાનના કામમાં સરળતા રહે.

**સિંહ** – ભાઈ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.

**કન્યા** – કોઈ લક્ઝરીયસ ચીજ-વસ્તુની ખરીદી થાય. મુસાફરીનું આયોજન થઈ શકે.

**તુલા** – જામીનગીરીના કામકાજમાં સરળતા રહે. વડીલવર્ગ તેમજ મિત્રો સાથે સુમેળ રહે.

**વૃશ્ચિક** – પિતા સાથે એકવાક્યતા રહે. જમીન-મકાનના કાર્ય સરળતાથી પાર થાય.

**ધન** – કોર્ટ-કચેરીના કામકાજમાં સરળતા રહે. પડોશી સાથે સુમેળ રહે.

**મકર** – નાણાકીય કટોકટી થતી જણાય. વાણી ઉપર અંકુશ રાખવો જરૂરી.

**કુંભ** – જાહેર જીવનમાં માન-પ્રતિષ્ઠા વધે. ભાગીદારી પેઢીમાં એકવાક્યતા રહે.

**મીન** – કોર્ટ-કચેરીના કામકાજમાં પ્રતિકૂળતા રહે. મોસાળપક્ષ તરફ અસંતોષ રહે.

# ભચાઉ એસઆરપી કેમ્પ સામે કેનાલમાં ડૂબી જવાથી આધેડનું મોત





**બે વર્ષ પહેલા વરસાદી પાણીમાં ડૂબી જતાં પુત્રનું મોત થયા બાદ માનસીક રીતે અસ્વસ્થ રહેતા પિતાનું પણ નિધન થયુંઃ ત્રણ દિવસ પહેલા જ આ સ્થળે કિશોરનો જીવ ગયો હતો : અકસ્માત અટકાવવા માટે કેનાલની ફરતે ફેન્સિંગ સહિતના કામો ભૂલાયા**

ભચાઉ : શહેરમાં એસઆરપી કેમ્પ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં ડૂબી જવાના કારણે આધેડનું મોત થયું હતું. ભચાઉના હિંમતપુરામાં રહેતા ૫૨ વર્ષિય મનુભાઈ દેવાભાઈ કોલી કોઈ અગમ્ય કારણોસર કેનાલના પાણીમાં ડૂબી જતાં તેઓનું મોત થયું હતું. ભચાઉ ફાયર બ્રિગેડની ટીમે કેનાલમાંથી દેહ બહાર કાઢ્યો હતો. વિધિની વક્રતાએ છે કે, હતભાગી મનુભાઈના પુત્ર રાજુ કોલીનું બે વર્ષ પહેલા વરસાદી પાણીથી ભરાયેલા તળાવમાં ડૂબી જવાથી મોત થયું હતું. તેમના મોત બાદ પિતા માનસીક રીતે અસ્વસ્થ અને પુત્રના વિયોગમાં રહેતા હતા. ઘરેથી નિકળ્યા બાદ રાત સુધી પરત ન આવતા શોધખોળ કરાઈ અને કેનાલમાંથી દેહ મળી આવ્યો હતો. હજુ ત્રણ દિવસ પહેલા જ ધૈર્ય જોષી નામનો કિશોર આ કેનાલમાં ડૂબી જતાં મોતને ભેટયો હતો. આ વિસ્તારમાં કેનાલમાં ડૂબી જવાના કારણે મોતની ઘટનાઓ ચિંતાજનક રીતે વધી રહી છે. એક સમયે કેનાલ પર સોલાર પ્લેટ લગાવી અકસ્માત ન થાય તેવો વિચાર વ્યક્ત કરાયો હતો. અવાર નવાર કેનાલની બંને બાજુ ફેન્સિંગ કરવાની માંગો થઈ રહી છે. જો કે નપાણિયા નેતાઓના કારણે કોઈ ગતિવિધિ આગળ વધી નથી. અમદાવાદ શહેરમાં પણ આ જ પ્રમાણે વેરામાં ડૂબી જવાથી મોત અને ગંદકી સહિતના પ્રશ્નોને અટકાવવા માટે કેનાલ ઉપરથી પેક કરી પાર્કિંગ માટેની કાયમી વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

# અમદાવાદની ઘટનામાં મૃત્યુ પામેલા પાંચ કચ્છીને સમાજ તરફથી શોકાંજલિ

**આર.ડી.ના ૧૦૦૦ વિદ્યાર્થીએ મીણબત્તી પ્રગટાવી વિમાન દુર્ઘટનાના મૃત્યુ પામેલાને શ્રદ્ધાંજલિ અર્પી**

ભુજ : કચ્છી લેવા પટેલ સમાજ સંચાલિત માતૃશ્રી આર. ડી. વરસાણી કુમાર શાળા, કુમાર વિદ્યાધામ તથા પ્રાથમિક શાળાના મળીને ૧૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ મીણબત્તી પ્રગટાવી દુઃખદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા પાંખીઓ માટે શોકાંજલિ આપી હતી.

વિદ્યા સાથે સંવેદનાની સંસ્કાર સિંચન કરતી સંસ્થાએ સમગ્ર ઘટનાને અનુકૂળ બનાવી એક શાંત પ્રસંગ આયોજિત કર્યો હતો. કેળવણીકાર કેસરાભાઈ પિંડોરિયાએ કહ્યું કે, કોઈપણ જીવ ઉપર આવતી આપત્તિ તમામ માનવતાને સ્પર્શી જાય છે, અને એક કચ્છી સમાજ તરીકે આપણે એકબીજાના દુઃખમાં સહભાગી થવાનું નૈતિક કામ માનીએ છીએ.

શાળાના તમામ વિદ્યાર્થીઓએ શાંતિપ્રદ પ્રાર્થના ધૂન બોલાવી દુઃખ વ્યક્ત કર્યું હતું. શાળા સંચાલક વસંતભાઈ પટેલે સમગ્ર ટ્રસ્ટ તરફથી મૃતકો માટે શ્રદ્ધાંજલિ પાઠવી અને શોકસંતપ્ત પરિવારજનોને આત્મશાંતિ અને સહનશક્તિ માટે ઈશ્વર પ્રાર્થના કરી હતી.

દુર્ઘટનામાં પાંચ કચ્છી કણબી પરિવારજનોનું નિધન થયું છે. તેમની યાદમાં કચ્છી લેવા પટેલ સમાજના ભુજ પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, એજ્યુકેશન - મેડિકલ ટ્રસ્ટના અધ્યક્ષ ગોપાલભાઈ ગોરસિયા તેમજ મોભી અર્જણભાઈ પિંડોરિયાએ ત્રણેય પાંખ તરફથી સામૂહિક શ્રદ્ધાંજલિ આપી હતી. યુ.કે. કોમ્યુનિટી અધ્યક્ષ માવજીભાઈ વેકરિયા (કેન્ફોર્ડ), નાઈરોબી સમાજ પ્રમુખ આર. ડી. વર્સાણી, અમદાવાદ સમાજ પ્રમુખ કરશનભાઈ રાઘવાણી અને મોમ્બાસા પ્રમુખ ધનજીભાઈ પિંડોરિયા સહિત અનેક કચ્છી વર્ગના આગેવાનો દ્વારા સમગ્ર દુઃખદ ઘટનાને લઈ દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

# સમાજસેવા માટેની સ્વ. રૂપાણીની પ્રતિબદ્ધતા હંમેશા પ્રેરણારૂપ રહેશે







**રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને કચ્છ ભાજપના પૂર્વ પ્રમુખ દિલીપભાઈ ત્રિવેદીએ આપી શ્રદ્ધાંજલિ**

ભુજ : અમદાવાદમાં સર્જાયેલી ગોઝારી વિમાની ઘટનામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના દુઃખદ અવસાનથી સમગ્ર રાજ્યમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. વિજયભાઈ રૂપાણીના નિકટના મિત્ર અને રાજકોટ નાગરિક બેંકના આગેવાન તેમજ ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દિલીપભાઈ ત્રિવેદીએ તેમને સ્મરણ કરતાં ભાવુક થઈ ગયા હતા. દિલીપભાઈ ત્રિવેદીએ પૂર્વ મુખ્યમંત્રીને શ્રદ્ધા સુમન અર્પણ કરતા જણાવ્યું હતું કે, વિજયભાઈ એક સરળ, સ્પષ્ટ અને દૃઢ નિર્ણયશક્તિવાળા નેતા હતા. રાજકારણમાં તેમનો સફર પ્રશંસનીય રહ્યો છે. તેમના સાથમાં અનેક મહત્વપૂર્ણ ક્ષણોના સાક્ષી રહેવાનું તેમને સૌભાગ્ય મળ્યું છે. પાર્ટી માટેના સમર્પણ અને નીતિપ્રતિ તેમના અભિગમને દેશ અને રાજ્યે લાંબા સમય સુધી યાદ રાખશે. તેમણે ઉમેર્યું હતું કે, તેમની અચાનક વિદાય એ માત્ર રાજકીય જગત માટે નહીં પણ વ્યક્તિગત રીતે તેમના માટે પણ એક મોટી ખોટ છે. સમાજસેવા માટેની તેમની પ્રતિબદ્ધતા હંમેશા પ્રેરણારૂપ રહેશે.

# ભુજ વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન



ભુજ : વાગડ બે ચોવીસી સ્થાનકવાસી જૈન યુવક મંડળ દ્વારા બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન વીબીસી આરટીઓ સંકુલ મધ્યે કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં ચાર કેટેગરીની ૪૨ ટીમમાં ૧૦થી ૬૭ વર્ષની વયના ૩૬૧ સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મેલ કેટેગરીમાં મહાવીર ઈલેવન ચેમ્પિયન તથા ગલી બોયઝ રનર્સઅપ રહી હતી. પ્લેયર ઓફ ધ મેચ રમ્ય દોશી, બેસ્ટ બેટ્સમેન નીલ મહેતા, બેસ્ટ બોલર શ્રેણિક દોશી તથા પ્લેયર ઓફ ધ સિરીઝ મયુર મહેતા રહ્યા હતા. મેલ એબોવ ૪૫ કેટેગરીમાં લવલી સ્ટ્રાઈકર ચેમ્પિયન તથા ફ્રેન્ડ્સ ઈલેવન રનર્સઅપ રહી હતી પ્લેયર ઓફ ધ મેચ અને બેસ્ટ બોલર રાજુભાઈ પારેખ, બેસ્ટ બેટસમેન સંજય મોરબીયા તથા પ્લેયર ઓફ ધ સિરીઝ નિપુલ મહેતા રહ્યા હતા. ફિમેલ કેટેગરીમાં રૂથ્વી ફાઈટર્સ ચેમ્પિયન તથા બિગ વિઝન રનર્સઅપ રહી હતી. પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ ખુશી બાબરીયા, બેસ્ટ બેટર અંકિત મોરબીયા, બેસ્ટ બોલર શિયા મહેતા રહી હતી. વર્ષ ૧૦-૧૫ની કેટેગરીમાં ધ ઓપનર્સ ચેમ્પિયન તથા અર્હમ સ્ટ્રાઈકર્સ રનર્સઅપ રહી હતી, પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ આરવ ખંડોલ, બેસ્ટ બેટસમેન જિનાંશ ખંડોલ,બેસ્ટ બોલર વીર દોશી રહ્યો હતો.

એવોર્ડ સમારોહમાં મંડળના પ્રમુખ નીરજભાઈ દોશી તથા મંત્રી આશિષભાઈ બાબરીયાએ જણાવ્યું હતું કે, સમાજમાં શારીરિક અને માનસિક વિકાસ માટે સ્પોર્ટ્સ અત્યંત આવશ્યક છે. ભુજ સમાજના પ્રમુખ કિશોરભાઈ મોરબીયાએ મંડળને આયોજન બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે વિવિધ આયોજન દ્વારા મંડળ સમાજને એક તાંતણે બાંધવાનું ઉત્કૃષ્ઠ કાર્ય કરી રહ્યું છે.

મોટા સમાજના ઉપપ્રમુખ મહેશભાઈ મહેતા તથા મહામંત્રી સંદીપભાઈ દોશી, મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન ખંડોલ, યુવતી મંડળના પ્રમુખ નેહલબેન શેઠે સફળ આયોજન બદલ પ્રોજેક્ટ ચેરમેન મિતેશભાઈ મોરબીયા તથા હાર્દિકભાઈ બાબરીયા, સ્પોર્ટ્સ કમિટી તથા મંડળની સંપૂર્ણ કારોબારીને અભિનંદન આપ્યા હતા.

અમ્પાયરની સેવા ધીરેનભાઈ પાસડ, જેકીભાઈ મહેતા તથા પાવનભાઈ ત્રેવાડીયાએ આપી હતી. કોમેન્ટેટર તરીકે તુષારભાઈ પારેખ તથા યશ દોશી રહ્યા હતા. સ્કોરર તરીકે રોનકભાઈ દોશી, પ્રતિકભાઈ દેવાણી તથા સાવનભાઈ મહેતા રહ્યા હતા. સ્પોર્ટ્સ કમિટીમાં પ્રોજેક્ટ ચેરમેન મિતેશભાઈ મોરબીયા, હાર્દિકભાઈ બાબરીયા, ટીમમાં હિરેનભાઈ દોશી, ભવ્યભાઈ દોશી, રાજભાઈ દોશી, પ્રતિકભાઈ દેવાણી, રાજભાઈ મોરબીયા, જીગરભાઈ બાબરીયા, આદર્શભાઈ સંઘવી રહ્યા હતા. ટુર્નામેન્ટ દરમિયાન અલ્પાહારની વ્યવસ્થા જિનેશભાઈ બાબરીયાએ સંભાળી હતી. વિડીયોગ્રાફી જીયા શેઠે કરી હતી. આયોજનને સફળ બનાવવા યુવક મંડળની કારોબારી ટીમે જહેમત ઉઠાવી હતી.

# વિમાની દુર્ઘટનાના હતભાગીઓને અપાઈ શ્રદ્ધાંજલિ

ભુજ : ગુરૂવારે અમદાવાદ ખાતે સર્જાયેલ વિમાની દુર્ઘટનાનો ભોગ બનેલા હતભાગીઓને કચ્છની વિવિધ સંસ્થાઓ, સામાજીક સંગઠન દ્વારા શ્રધ્ધાંજલિ અપાઈ હતી. ભુજના ગીતાજી કેન્દ્ર દ્વારા સંસ્કૃત પાઠશાળા ખાતે સંસ્કૃત,હિન્દી, ગાંધી વિચાર સહિતની સંસ્થાઓ દ્વારા સંયુક્ત રીતે શ્રધ્ધાંજલિ અપાઈ હતી. કેન્દ્ર સંચાલક વિભાકર અંતાણીએ ગીતાજીના અધ્યાયનું સમુહ પાઠ કરાવ્યું હતું. જયશ્રીબેન હાથી સહિતનાઓએ શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. કવિ કલાવૃંદ સંસ્થા દ્વારા વિમાન દુર્ઘટનામાં જીવ ગુમાવનાર દિવંગતોને શ્રધ્ધાજંલિ અપાઈ હતી.દિલીપ આચાર્ય, મદન ભટ્ટ, જીતેન્દ્ર દવે, પ્રદિપજોષી,ચંદુલાલ આચાર્ય વગેરેએ અંજલિ આપી હતી.

ભુજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અમદાવાદ વિમાની દુર્ઘટના વિશે દુઃખ વ્યક્ત કરવામાં આવી વિભાગ અધ્યક્ષ સુરેશભાઈ ગુપ્તાએ જણાવ્યું હતું કે, આ ઘટનામાં મુસાફરો કર્મચારીઓ અને અન્ય લોકોનું જે અવસાન થયું છે તે ખૂબ જ દુઃખદ ઘટના છે. તમામ આત્માઓને ભગવાન રામ શાંતિ આપે.

અમદાવાદ મધ્યે વિમાનના ખૂબ જ ગંભીર અકસ્માત દરમિયાન ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી જેમનું આકસ્મિત નિધન તથા ખૂબ જ દુઃખદ ઘટનાના સમાચાર પ્રાપ્ત થયેલ છે. ત્યારે લોક સેવા સાર્વજનિક ટ્રસ્ટ ભુજના ટ્રસ્ટીગણ તેમજ સંસ્થાના સ્ટાફગણ દ્વારા અંજલિ આપવામાં આવી હતી.

વિમાની દુર્ઘટનામાં અવસાન પામેલા નામી અનામીઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના પણ અવસાન બદલ ભુજની સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા આજથીત્રણ દિવસ લગી શ્રદ્ધાંજલિના ભાગરૂપે ગાયોને ઘાસચારો, પંખીને ચણ અને શ્વાનોને બિસ્કીટ રોટલા અપાશે. હોસ્પિટલની આસપાસ બાળકોને અને નાના મોટા સૌને છાશ પાણીનું વિતરણ શ્રદ્ધાંજલિરૂપે અપાશે સંસ્થાના અધ્યક્ષ દર્શકભાઈ અંતાણી, નર્મદાબેન ગામોટ, મનજીભાઈ ગામોટ, નરેન્દ્રભાઈ સ્વાદિયા, રાજુલાબેન શાહ, અંકિતાબેન ધોકાઈ, જટુભાઈ ડુડીયા, ઘનશ્યામભાઈ લાખાણી, શિવાંગભાઈ અંતાણી, કાર્તિકભાઈ અંતાણી, નયનભાઈ શુક્લ, દર્શનભાઈ જનાર્દનભાઈ વૈષ્ણવ વગેરે શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

ભુજ સંસ્કૃત પાઠશાળામાં માજી હોમગાર્ડ પરિવાર દ્વારા તાજેતરમાં અમદાવાદ ખાતે વિમાન ક્રેશ થતા તેમાં મૃત્યુ પામેલ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે માજી હોમગાર્ડ પરિવારના પ્રમુખ ઈસ્માઈલભાઈ જુણેજા, વિભાકરભાઈ અંતાણી, વારીસ પટ્ટણી, હાટકેશ અંબિકા મહિલા મંડળના પ્રમુખ જયશ્રીબેન હાથી દ્વારા મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. તેમજ દર્શનાબેન મુનશી દ્વારા ગીતાજીનો પંદરમો અધ્યાય બોલવામાં આવ્યો હતો તેવું તુષારભાઈ ધોળકિયાની યાદીમાં જણાવ્યું છે.

# વિમાન દુર્ઘટના નામ મૃતકોને પુનિત વન ગ્રુપ દ્વારા શ્રદ્ધાંજલિ અપાઈ



ભુજ : ગુરુવારે અમદાવાદમાં થયેલી વિમાની દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરોના મોત થયા હતા. ભુજના પુનિતવન ગ્રુપ દ્વારા તમામ હતભાગીઓને શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

પુનિત્વાન ગ્રુપના સભ્યોએ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તેમજ તમામ હતભાગી મુસાફરોને શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા. આ ઉપરાંત ગ્રુપના જુના સભ્યો દિપકભાઈ ઠક્કર તથા લખુભાઈ ચોથાણીની દ્વિતીય પુણ્યતિથિએ બે મિનિટનું મૌન પાડી શ્રદ્ધાંજલિ અપાઈ હતી.

વિમાની દુર્ઘટનામાં જીવ ગુમાવનાર તમામ દિવંગતોની આત્માની શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.


# કચ્છમાં કોરોનાના વધુ ૪ કેસ નોંધાયા

**ભુજમાં ૩ અને મુંદરામાં એક સંક્રમિત : સક્રિય કેસનો આંક ૩૪ થયો**

ભુજ : કચ્છમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે. શુક્રવારે જિલ્લામાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા હતા. જિલ્લામાં સક્રિય કેસોનો આંક ૩૪ થયો છે. શુક્રવારે ભુજમાં ૩૯ વર્ષિય મહિલા, ૨૨ વર્ષિય યુવતી, ૩૦ વર્ષિય પુરૂષ અને મુંદરામાં ૩૭ વર્ષિય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો. તમામ દર્દીઓને હોમ આઈસોલેશન રખાયા હોવાનું જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો. કેશવકુમારે જણાવ્યું હતું. કચ્છમાં નોંધાયેલા કોરોનાના કુલ કેસનો આંક ૫૬ થયો છે, જેમાંથી ૨૨ દર્દીઓ સ્વસ્થ થતાં સક્રિય કેસનો આંક ૩૪ થયો છે. જિલ્લા આરોગ્ય તંત્રએ લોકોને સાવચેત રાખવા અને કોરોનાના લક્ષણો જોવા મળે તો પરીક્ષણ કરાવી લેવા અનુરોધ કર્યો છે.

# જીંજાય ગામે આરોગ્ય ટીમ દ્વારા ઘરે ઘરે સર્વેલન્સ તથા પોરાનાશકની કામગીરી કરાઈ







ભુજ : જૂન માસ મેલેરીયા વિરોધી માસ અંતર્ગત પ્રા.આ. કેન્દ્ર દેશલપર (ગુંતલી)ના જીંજાય ગામે મેલેરીયા નિદાન તથા સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં સ્કૂલના બાળકોને વાહક જન્ય રોગો વિશે સમજણ આપવામાં આવી હતી. વાહક જન્ય રોગો વિશે જાણકારી મળે એના માટે પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ અને લોકોનું સ્થળ પર જ તપાસ, નિદાન તથા સારવાર કરવામાં આવી હતી. તાવના કેશોનું લોહી ચેક કરી સ્થળ પર નિદાન કરવામાં આવ્યું હતું. બીપી, સુગર કે અન્ય દર્દીઓને સ્થળ પર જ તપાસ નિદાન તથા સારવાર કરવામાં આવી હતી.

ટીમ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ તથા પોરાનાશક કામગીરી કરવામાં આવી જેમાં સી.એચ.ઓ, દેશલપર (ગું), રતડીયા અને આશા વર્કર હાજર રહ્યા હતા તેવી કેમ્પ અંગે સુલેમાન એ. પીંજારા તાલુકા હેલ્થ સુપરવાઈઝર નખત્રાણા માહીતી આપી હતી.

# ભુજ એલસીબીએ નાસતા ફરતા બે આરોપીને પકડ્યા



ભુજ : શહેર બી ડિવિઝનમાં દાખલ થયેલા ગેંગના ગુનામાં અને નરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ચોરીના ગુનામાં ફરાર આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. નખત્રાણાના બાંડિયારા ના સુલેમાન ઉર્ફે સલુ ઈસ્માઈલ સંઘારને આત્મારામ સર્કલ પાસેથી ઝડપી લેવામાં આવ્યો હતો. જયારે બી ડિવિઝનમાં દાખલ થયેલ ગેંગના ગુનામાં ફરાર આરોપી બાલાચોડના સિકંદર જાફર લુહારની અમનનગર ચોકડી ખાતે ચાની હોટલથી અટકાયત કરવામાં આવી હતી.

SHREE KUTCHI LEVA PATEL EDUCATION AND MEDICAL TRUST SANCHALIT
K.K.PATEL SUPER SPECIALITY HOSPITAL
CIMS (Marengo Asia Network Hospital)

**કે. કે. પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ભુજના નિષ્ણાત ડોકટર દ્વારા નિયમિત ઓપીડી હવે ગાંધીધામમાં**

**ડો. રોનક જૈન**
(MBBS, MS (General Surgery) DrNB (Surgical Oncology) (કેન્સર સર્જન)

- મોઢા અને ગળાના કેન્સર
- સ્તનના કેન્સર
- પેટ અને આંતરડાના કેન્સર
- મળમાર્ગ તથા મૂત્રાશયના કેન્સર
- ગાયનેકના કેન્સર

સ્થળ : હેલ્થ એન્ડ વેલનેસ પોલિક્લિનિક, ઈફકો કોલોની પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, ફ્લેટ નંબર ૧ અને ૨, પ્લોટ નંબર-૧, સેકટર-૨, ગાંધીધામ.
તારીખ : ૧૪ જૂન, ૨૦૨૫ - વાર : શનિવાર - સમય : સવારે ૧૧:૦૦થી બપોરે ૧.૦૦
એપોઈન્ટમેન્ટ માટે : +૯૧ ૭૦૫૯૦ ૦૧૧૧૫, વધુ માહિતી માટે : +૯૧ ૬૩૫૭૬ ૧૫૨૩૫

# સાપેડા પાસે બોલેરો હડફેટે મહિલાને ગંભીર ઈજાઓ થઈ

ભુજ : ભુજ - અંજાર હાઈવે રોડ પર રિવેરા ફાર્મ સાપેડા પાસે અકસ્માત થયો હતો. ફરિયાદી અંજારમાં રહેતા જસુબેન ભીમજીભાઈ કોલીને કોઈ અજાણ્યા બોલેરો ચાલકે ટક્કર મારતા બંને પગમાં ફેકચર અને અન્ય સાહેદોને ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. જે અંગે અંજાર પોલીસમાં ફરિયાદ થઈ છે.

# ભુજની સંસ્થામાં સ્વરચીત કૃતિઓ રજૂ કરાઈ

ભુજ : કવિ કલાવૃંદ સંસ્થા ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિન, તમાકુ દિવસ, વિશ્વ સાઈકલ દિન, ગંગા દશહરા સહિતની વિવિધ પર્વ ઉજવણીની સ્વ રચીત કૃતિ રજુ કરવાની બેઠક દિલીપ આચાર્યના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જેમાં વિનોદ ગોર, દિવ્યકાંત છાયા, ચંદ્રકાંત ધલ, કવિ નદ, અશ્વિન જાની, કેશવજી લોંચા, સોનલ ભાટિયા, મુંજાલ જાની, જગદીશ ગોર, વિનોદ સલાટે રચના રજૂ કરી હતી. કનૈયાલાલ અબોટીએ પુષ્પાબેન વૈદ્યની રચનાનું પઠન કર્યું હતું. આ પ્રસંગે ભારતી ભંડેરી, વર્ષા ભટ્ટ, મીરા વ્યાસ, કિશોર સોની, ઉષા દાવડા, રાજેશ સોની, જયંતી વેદીયા, બીના પીઠડીયા, છાયા શાહ, કવિ નુર, મનોજ પંડ્યા સહિતે ભાગ લીધો હતો.

**નખત્રાણા નગરપાલિકા**
**'ઈ-ટેન્ડરીંગ નિવિદા**

નખત્રાણા નગરપાલિકા દ્વારા આ કામના અનુભવી એજન્સીઓ પાસેથી નીચેના કામોના ઓનલાઈન ભાવો મંગાવવામાં આવે છે.


| ક્રમ | કામની વિગત | ઈ.એમ.ડી રકમ | ટેન્ડર ફી રૂ. |
|---|---|---|---|
| ૧ | નખત્રાણા ગામે એમ.કે.જાડેજા રાજપૂત ક્ષત્રિય વિદ્યાલય પાસે સરકારી જમીનમાં કૉમ્યુનિટી હૉલ બનાવવા કામે | ૧૦,૦૦૦/- | ૯૦૦/- |
| ૨ | નખત્રાણા વિસ્તારમાં આવેલ નવાવાસ અને ગૌશાળા પાસે પીવાના પાણી કામે બોરવેલ બનાવવાનું કામ | ૨૫,૦૦૦/- | ૧૫૦૦/- |

ઉપરોકત ભાવોના કામો ઓનલાઈન ટેન્ડરથી મંગાવવામાં આવેલ છે. ટેન્ડર તા.૧૩/૬/૨૦૨૫ થી ઓનલાઈન જોઈ શકાશે. ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૨૩/૬/૨૦૨૫ છે તથા ફીઝીકલ કવર નગરપાલિકાએ પહોંચાડવાની છેલ્લી તા.૨૫/૬/૨૦૨૫ છે, ઓનલાઈન ટેન્ડર શકય હશે તો તા.૨૬/૬/૨૦૨૫ ના ૦૫:૦૦ કલાકે અથવા ત્યાર પછીના અનુકુળ સમયે ખોલવામાં આવશે.સદરહુ કામના ટેન્ડર ડોકયુમેન્ટને લગતી વધુ માહિતી માટે http://www.tender.nprocure.com પર લોગ ઓન કરવું અથવા નખત્રાણા નગરપાલિકાનો સંપર્ક કરવાનો રહેશે. તથા હવે પછી ના કંઈપણ સુધારા વધારા માત્ર ઓનલાઈન પોર્ટલ પર કરવામાં આવશે. ટેન્ડર મંજુર તથા નાં-મંજુર કરવાનો હકક નખત્રાણા નગરપાલિકાને અબાધિત રહેશે.

નં/નનપા/૪૭૯/૨૦૨૫, તા ૧૨/૦૬/૨૦૨૫
(નામાનિ/કચ્છ/૩૨૫/૨૦૨૫-૨૬)

ચીફ ઓફિસર
નખત્રાણા નગરપાલિકા

**અભિનંદન**



પ્રાથરીયા આહિર સમાજ લાખાપર વઈના પ્રમુખ પદે સર્વાનુમતે વરણી થવા બદલ આપશ્રીને તેમજ સર્વે ટીમને હાર્દિક અભિનંદન... સમાજ ઉત્કર્ષના કાર્યો કરી ખુબ સારી નામના મેળવો એવી અમારી હાર્દિક શુભકામના....

**શ્રી રાણાભાઈ સવાભાઈ માતા**
સતાપર, તા. અંજાર
પ્રમુખશ્રી, પ્રાથરીયા આહિર સમાજ લાખાપર વઈ

:: શુભેચ્છક ::

- કમલભાઈ રાણાભાઈ (ફોરેસ્ટ)
- શંભુભાઈ રાણાભાઈ માતા
- ભરતભાઈ રાઘાભાઈ માતા
- રાણાભાઈ લક્ષ્મણભાઈ (માજી સરપંચ)
- ગોપાલભાઈ લક્ષ્મણભાઈ માતા
- રાઘાભાઈ સ્વાભાઈ માતા
- સામતભાઈ સ્વાભાઈ માતા
- વેલજીભાઈ વાસણભાઈ માતા
- સામતભાઈ સવાભાઈ વીસરામ
- કાનાભાઈ સવાભાઈ ભામા
- રાણાભાઈ સવાભાઈ ભામા
- રણછોડભાઈ વેલાભાઈ માતા
- દિપકભાઈ દેવાભાઈ માતા
- ધુલાભાઈ વેલાભાઈ
- ગોપાલભાઈ રાઘાભાઈ (મેડિકલ)
- નિરવભાઈ કેવડીયા

# પ્રાણશક્તિથી જ્ઞાનતેજની પ્રાપ્તિની યાત્રા : નિખિલ મહેશ્વરી

ભુજ : આર્ષ અધ્યયન કેન્દ્ર, ભુજ દ્વારા આયોજિત આધ્યાત્મિક પ્રવચનમાળાની શ્રેણી અંતર્ગત આયોજિત સત્રમાં ભુજના જાણીતા આધ્યાત્મિક વિદ્વાન તથા હિમાલય પ્રવાસી શ્રી નિખિલ મહેશ્વરીએ "નિર્જલા ઉપવાસ અને પ્રાણશક્તિનો વિકાસ" વિષય પર ઉપસ્થિત શ્રોતાઓને વિચારશીલ કરી દૈવી શક્તિ તરફ દોરી જતાં સુંદર વિચાર મૂક્યા હતા.

નિખિલ મહેશ્વરીએ પોતાનું અનુભવસિદ્ધ મંતવ્ય વ્યક્ત કરતાં જણાવ્યું કે, ખોરાક શરીરને માત્ર શક્તિ આપે છે પણ સાધક પોતાની આંતરિક પ્રાણઊર્જાનું વિકસન કરીને જ્યારે ઉપવાસના માર્ગે આગળ વધે છે, ત્યારે માત્ર નવ દિવસના નિર્જલા ઉપવાસથી શરીરમાં અસાધારણ ઊર્જાનો અનુભવ થાય છે. તેમણે ઉમેર્યું કે, સાધકને જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય છે ત્યારે ગુરુ દ્વારા જ્ઞાન સાથે ચૈતન્ય ઊર્જાની આપ-લે થાય છે, અને તે સમયે સાધકનું ચેતનતંત્ર પણ નિયંત્રણમાં આવે છે. આવા અનોખા આધ્યાત્મિક અનુભવો હિમાલયમાં લામાઓ સાથે વિતાવેલી જીવનયાત્રામાં તેમને થયા હતા.

આ પ્રસંગે આર્ષ અધ્યયન કેન્દ્રના આચાર્ય સ્વામી પ્રદીપ્તાનંદજીએ ઉપવાસ અને સાધનાનું મહત્વ સ્પષ્ટ કરતાં કહ્યું હતું કે, નિર્જલા એકાદશી, ચૈત્રી નવરાત્રિ કે અન્ય ધાર્મિક ઉપવાસથી વ્યક્તિનું મન આંતરિક શાંતિ અને જ્ઞાનપ્રાપ્તિ માટે તત્પર બને છે. તેમણે કહ્યું કે, શારીરિક તપ અને મનના નિર્વાણ દ્વારા આધ્યાત્મિક ઊંચાઈ પ્રાપ્ત કરી શકાય છે. પ્રવચન અંતે નિખિલ મહેશ્વરીનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આર્ષ અધ્યયન કેન્દ્રના ટ્રસ્ટીઓ શ્રી કિરણભાઈ ગણાત્રા, શ્રી ગુલાબભાઈ ગજ્જર તથા વરિષ્ઠ સાધક ડો. સૂર્યકાંત તિલકે તેમને શાલ ઓઢાડી અને સન્માનપત્ર આપી શ્રદ્ધાંજલિ અર્પી. સમગ્ર પ્રવૃત્તિમાં સાધક સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થાપન સહયોગ પૂરો પાડવામાં આવ્યો હતો. આ પ્રવચન માત્ર ધાર્મિક લાગણીઓને સ્પર્શનાર નહીં પરંતુ આધ્યાત્મિક સાધના માટે માર્ગદર્શક બની રહ્યું હતું. ભુજના વિદ્વત વર્ગે આ પ્રવચનમાળાની નોંધ લઈને આર્ષ અધ્યયન કેન્દ્રના પ્રયાસોને બિરદાવી હતા.

**ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો-ઓપ. બેન્ક લી.-ભુજ**
હોસ્પિટલ રોડ, વિજયનગર ચાર રસ્તા, ભુજ-કચ્છ. ફોન નં. (૦૨૮૩૨) ૨૨૧૨૬૯, ૨૫૭૬૨૬ ૨૫૧૧૪૨ ફેકસ : (૦૨૮૩૨) ૨૫૦૮૬૨, email: kdccho@yahoo.com

**:: વાર્ષિક સાધારણ સભાની નોટીસ ::**

આથી આ બેંકના તમામ સભાસદશ્રીઓને જણાવવાનું કે, આ બેંકની વાર્ષિક સાધારણ સભા તા. ૨૮/૦૬/૨૦૨૫ના શનિવારના રોજ સવારે ૧૨:૦૦ કલાકે બેંકની મુખ્ય કચેરી વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ-કચ્છ મધ્યે પ્રથમ માળે હોલમાં બેંકના ચેરમેનશ્રીની અધ્યક્ષતામાં નીચે દર્શાવેલ કાર્યસુચિ માટે મળશે. તો આ મીટીંગમાં હાજરી આપવા તમામ સભ્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે

**:: કાર્યસૂચિ ::**

::૧:: આ બેંકની ગત, તા. ૧૪/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીને બહાલી આપવા બાબત.
::૨:: તા.૩૧ મી માર્ચ ૨૦૨૫ ના પુરા થતા વર્ષના બેંકના તૈયાર કરેલ વાર્ષિક અહેવાલ તથા નાબાર્ડની પેનલના ચાટર્ડ એકાઉન્ટન્ટ ઓડીટરશ્રી KARMA & COP. LLP રાજકોટદ્વારા પ્રમાણિત થયેલ બેંકના સરવૈયા તથા નફા-નુકશાનના હિસાબોની નોંધ લઈ માન્ય રાખવા બાબત.
::૩:: બેંકના સને. ૨૦૨૪-૨૦૨૫ ના વર્ષનું નાબાર્ડની પેનલ પરના ચાટર્ડ એકાઉન્ટન્ટ ઓડીટરશ્રી દ્વારા થયેલ ઓડીટના આવેલ ઓડીટ રીપોર્ટની નોંધ લેવા બાબત. (વા.અહેવાલ મુજબ)
::૪:: આર.બી.આઈ.ના પરિપત્ર તા.૨૦/૮-૧૯/૨૩ મુજબ જુના મુદતવિતિ એન.પી.એ. થયેલ લેણાંની વસુલાત માટે મંજુર કરવામાં આવેલ વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ અંતર્ગત બેંકે માંડવાળ કરેલ લેણું મંજુર રાખવા બાબત.
::૫:: સને ૨૦૨૫-૨૦૨૬ ના વર્ષ માટે સ્ટેચ્યુટરી ઓડીટ કરાવવા માટે ઓડીટરશ્રીની નિમણૂંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરવા અંગે બોર્ડ ઓફ ડાયરેકટર્સને સતા આપવા બાબત.
::૬:: બેંકના પેટાકાયદામાં સુધારા-વધારા કરવા અંગે.
::૭:: પ્રમુખશ્રી તરફથી અગરતો તેઓશ્રીની મંજુરીથી અન્ય જે કાંઈ કામો રજુ થાય તે.

ભુજ-કચ્છ.
તા. ૧૪/૦૬/૨૦૨૫

બોર્ડ ઓફ ડાયરેકટર્સના આદેશથી
તુષાર એચ. પટ્ટણી
ચીફ એકઝીકયુટીવ ઓફિસર

**નોંધ :**
૧) નિયત સમયે કોરમ પુરૂ નહીં થાય તો આ સભા અડધા કલાક બાદ તે જ સ્થળે મળશે. જેને કોરમનો બાધ રહેશે નહીં.
૨) બેંક સાથે સંયોજીત થયેલ સહકારી સંસ્થાઓ વતી સભામાં હાજર રહેનાર પ્રતિનિધિ જે સંસ્થાવતિ પ્રતિનિધિત્વ કરતા હોય તે સહકારી સંસ્થાના પગારદાર નોકર ન હોવા જોઈએ અને મુદ્દતવિતિ બાકીદાર ન હોવા જોઈએ.
૩) સહકારી સંસ્થાઓએ બેંકની વાર્ષિક સાધારણસભામાં હાજરી આપવા માટે જે પ્રતિનિધિને મોકલવાનું ઠરાવેલ હોય તે ઠરાવની ખરી નકલ પ્રતિનિધિએ સભાના સમયે રૂબરૂ લાવવાની રહેશે. અથવા સભાની તારીખ પહેલા મુખ્ય કચેરીના સરનામે મોકલી આપવાની રહેશે.
૪) બેંકનું સભાસદ રજીસ્ટર તથા ટ્રાન્સફર રજીસ્ટર તારીખ : ૧૪/૦૬/૨૦૨૫ થી તારીખ : ૨૮/૦૬/૨૦૨૫ સુધી બંધ રહેશે.
૫) મીટીંગ પૂર્ણ થયા બાદ તેજ સ્થળે ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

2025 International Year of Cooperatives
Cooperatives Build a Better World

### ટાગોર રોડ પર આર એન્ડ બી ત્રાટક્યું, તો ટ્રાફીક પોલીસ શું કરી રહ્યું હતું?

# એસપીશ્રી કેમ ન કરાવે તપાસ? સાહેબ, બેનામી ધંધાર્થીઓ સાથેની ભાગબટાઈ દેખાય છે પણ ટ્રાફિક શાખામાં ખાખીનો ભ્રષ્ટ સટ્ટો તેનાથી અનેકઘણો છે મોટો..!

**પૂર્વ કચ્છના ઔધોગકી પાટનગર ગાંધીધામ સંકુલમાં ટાગોર રોડ પર આડેધડ ખડકાયેલા દબાણોને મને-કમને મનપાએ નોટીસો આપી કે નહી, તે તો ખ્યાલ જ નથી, તે વચ્ચે આર એન્ડ બીએ ૧૦૦ જેટલા દબાણોને દુર કર્યા, પરંતુ અહી સવાલ તો એ થાય છે ટ્રાફીકને અડચણરૂપ દબાણો હટાવવામાં ગાંધીધામ પોલીસની ટ્રાફીક શાખા કેમ વામણી થઈ પુરવાર?**

**જેટલા ઉઘરાણા ટ્રાફીકમાં થાય છે તેટલા તો દારૂ સહિતના બેનામી ધંધાઓમાં પણ નથી થતા? જાણકારોનો મોટો ઘટસ્ફોટ : સંકુલમાં ગાડી દીઠ માસીક ૧૦૦૦નો હપ્તો બાંધેલો હોવાની છે ચર્ચા, વિચાર કરોડ, અહી તો સેંકડો ગાડીઓ છે, હપ્તાનો આંક ક્યા જતો હશે? ટ્રાફિકના અમુક બની બેઠેલાઓના ભ્રષ્ટ ઉઘરાણાઓ થતા હોય તો આવા દબાણો તે હટાવવા શા માટે આવે આગળ? અકસ્માતો થતા હોય ભલે થતા રહે, ટ્રાફિક જામની પીડા થાય છે, ભલે સતાવતી રહે, બસ અમારૂ તરભાણું દબાણકારો ભરતા રહેજો.., તમને કોઈ જ નહી ઉઠાડે આ જગ્યાએથી..!**

**ચાવલા ચોકથી સરદાર વલ્લભભાઈ પટેલના પુતળા સુધી કયા ટ્રાફિક પોલીસની મોબાઈલ દુકાનો છે અને આ બધાય નાણા તેની પાસે આવ્યા છે ક્યાથી?**

## ટ્રાફીકમાં PSIની બદલી થાય છે, પણ અમુક કોન્સટેબલ-હે.કો.ને કેમ ખડીર- વાગડ નથી દેખાડાતુ?

**ગાંધીધામવાળાને ખડીર મોકલો, અંજારવાળાને દુધઈની જવાબદારી આપો, અન્યોને રાપર વિસ્તાર પણ દેખાડો, જુના અને જાણીતા અમુક ખાધેલાઓ ટ્રાફિકમાં ફરી ફરીને વરસોથી ચીટકીને બેઠા છે, જેઓ માત્ર અને માત્ર ઉઘરાણીમાં જ વ્યસ્ત પડયા હોવાની છે ચર્ચા**

ગાંધીધામ : ટ્રાફીકવિભાગમાં ધીમે ધીમે કરીને વકરી ગયેલા ભ્રષ્ટચારના સટ્ટાને ડામવાની વાત ઉઠી છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, પૂર્વ કચ્છના ઉચ્ચ અધીકારીઓએ વિચારવુ જોઈએ કે, ટ્રાફીક શાખામાં સમયાંતરે પીએસઆઈ કક્ષાના અધિકારીઓની તો બદલી કરવામા આવતી જ રહેતી હોય છે પરંતુ તેમાં લાંબા સમયથી અને વરસોથી પેંધી ગયેલા કોન્સટેબલ અથવા હેડ કોન્સટેબલ કક્ષાના અમુક તત્વોની કેમ બદલી નથી થતી? તપાસ કરાવો કે ટ્રાફિક શાખામાં કઈ જગ્યાએ કયો કર્મચારી કેટલા સમયથી તૈનાત છે? આવુ શા માટે? જે રીતે પીએસઆઈની બદલીઓ કરાવાય છે તેવી જ રીતે ગાંધીધામમાં ચીટકીને બેઠા હોય તેને ખડીરમાં મોકલો, જે અંજારમાં વરસોથી પડથાપાથર્યા હોય તેને દુધઈ પટ્ટામાં ફેકો,આવી બદલીઓ કેમ નથી કરવામા આવતી?ટ્રાફીકવાળાઓની પણ નિયમિત આ રીતે બદલીઓ કરવી જ જોઈએ.

## ખાખીના ભ્રષ્ટ તત્વોના જોરે અમુક ટ્રાવેલ્સવાળા કે, છકડાવાળા, જીપવાળા ફાટીને ગયા છે ફુલેકે...!

ગાંધીધામ : પૂર્વ કચ્છ ઉદ્યોગાથી ધમધમતો વિસ્તાર છે. અહી મોટા પ્રમાણમાં ટ્રાન્સપોર્ટેશન પણ ધમધમી રહ્યું છે. જાણકારો કહી રહ્યા છે કે ખાખના કેટલાક ભ્રષ્ટ અને પછળેલા તત્વોની ભાટબટાઈના લીધે અમુક ટ્રાવેલ્સવાળા, છકડાવાળા અને ખાનગ જીપ-વાહનોવાળા એટલા ફાટીને ફુલેકે ચડી ગયા છે, માથાભારે થઈ ગયા છે કે તેઓની કોઈ ફરીયાદ કરવા જાય છે તો ફરીયાદીને પણ લાકડા-કુવાડા અને ધારીયાથી ઝુડી નાખતા પણ વાર નથી કરતા. એટલે ખાખીનો ટ્રાફિકમાં વકરેલો આ ભ્રષટાચાર કયાંક ને કયાક કાયદાને માટે પણ મોટા પડકારો ઉભો કરી રહ્યો હોવાનો દર્શાય છે.

ગાંધીધામ : પૂર્વ કચ્છમાં ટ્રાફિક માટે શિરદર્દ બનતા ટાગોર રોડ પર આર એન્ડ બી વિભાગ દ્વારા નોટીસો ફટકારી અને અહીથી દબાણકારોને દુર કરવામા આવ્યા છે. ૧૦૦ જેટલા દબાણકારોને અહીથી તંત્ર દ્વારા ખસેડવામાં આવી ચૂકયા છે. આ કામગીરીમાં પણ ઘણા બધા જો અને તોના પ્રશ્નો તો સામે આવ્યા જ છે પરંતુ સંકુલનો જાણકારવર્ગ સવાલ કરી રહ્યો છે કે આ રોડ પર ટ્રાફિકને લગતી આટલી બધી સમસ્યાઓ થવા પામતી હતી, સવાર અને સાંજે વાહનચાલકો ત્રાહીમામ પોકારી જતા હતા તો પછી ટ્રાફિક પોલીસ તંત્ર શું કરી રહ્યુ હતુ? તેઓએ કેમ આ દબાણકારોની સામે કોઈ જ કાર્યવાહી ન કરી? જે રીતે નગરપાલીકાની ભુમિકાઓ સામે આ કાર્યવાહીમાં સવાલો ઉભા થવા પામી રહ્યા છે તે જ રીતે પોલીસતંત્રની ભુમિકાઓ પણ અહી સવાલોના ઘેરામાં આવવા પામી રહી છે.

જાણકારો અહી સવાલ કરતા કહી રહ્યા છે કે, પૂર્વ કચ્છના એસપીશ્રી સાગર બાગમાર જે રીતે અન્ય બેનામી ધંધાઓ અને ધંધાર્થીઓની સામે ધાડ બેસાડતી કાર્યવાહી કરી રહ્યા છે તે જ રીતે ટ્રાફિક શાખામાં વકરી ગયેલા ભ્રષ્ટાચારના સટ્ટાને પણ દુર કરવાની તાતી જરૂરીયાત રહેલી છે. આજે દારૂના ધંધાઓ અને બુટલેગર, આંકડા, ક્રીકેટ સટ્ટા અને ખનીજચોરી કે તેલચોરી સહિતની ઘટનાઓ અને તેમાં ભાગબટાઈના આંકડાઓ બધાયને દેખાય છે પરંતુ ટ્રાફીક શાખામાં અમુક પેંધી ગયેલાઓ દ્વારા જે રીતે ભ્રષ્ટાચાર મોટાપાયે આચરાય છે તે કોઈને દેખાતો નથી. હકીકતમાં ટ્રાફીક શાખામા જે રીતે ઉઘરાણા થાય છે તેનો આંક તો બધાય અન્ય બેનામી ધંધાઓને પણ ટપી જાય તેટલો મોટોહોવાનુ ચર્ચાય છે.

ટ્રાફિક વાળા જેટલા ઉઘરાણાઓ કરી રહ્યા છે તેટલા તો દારૂના ધંધાવાળાઓ પાસેથી પણ નથી કરવામા આવતા? કહેવાય છે કે, ગાંધીધામ સંકુલમા જેટલી પણ ગાડીઓ છે તેમની પાસેથી મહીનાના એક ગાડી દીઠ ૧૦૦૦ રૂપીયાનો હપ્તો બાંધેલો છે.આ સંકુલમાં તો ગાડીઓનો આંક હજારોમાં પોચી જાય એમ છે. હવે વિચાર કરો કે આ ગાડીઓના આંક સાથે ૧૦૦૦નો આંક જોડો તો એ આંક ખાયકીનો કયાં પહોચી જશે? આ તો માત્ર ગાડીવાળાઓ પાસેથી બેઠો હપ્તો છે? આ ઉપરાંત કામગીરીના નામે ચલણો ફાળવાના બહાને રોજબરોજની જે ગાધીછાપ નોટો ઉભી કરી લેવાતી હશે તે તો લટકામાં જ છે. ટ્રાફિકને નડતરરૂપ દબાણો થાય છે ભલે થાય, અકસ્માતોની ઘટના થાય છે, ભલે થતી હોય, ટ્રાફીકમાં એક બીજાની સાથે મોટી માથાકુટો વાહનચાલકો વચ્ચે થઈ જાય છે,ભલે ને થતી રહે, બસ તમે માત્ર અમારૂ તરભાણું ભરો? આવી જ રીતીનીતીઓમાં જે ભ્રષ્ટ ટ્રાફીકના અમુક તત્વો વર્તતા હોય તો પછી દબાણો દુર કરાવની કામગીરી તેઓ કરશે જ શુકામ? હવે તો અહી સવાલ એ પણ થાય છે કે, આર એન્ડ બીએ જે દબાણો દુર કર્યા છે ત્યાં પણ આવા ભ્રષ્ટ ટ્રાફીકવાળા દબાણકારોથી ઉઘરાણા અને સેટીંગ કરીને ફરીથી બેસાડી ન દે તો સારૂં..!

### કચ્છમાં અછતની સ્થિતિ વખતે તત્કાલિન મુખ્યમંત્રી

# વિજયભાઈ રૂપાણીએ અબોલાજીવો પ્રત્યેનો અનુકંપા અને સંવેદનશીલતાના કરાવ્યા હતા દર્શન



**કચ્છના નારાયણ સરોવર ખાતે ઝુલેલાલના મંદીર નિર્માણમાં સ્વ. વિજયભાઈ રૂપાણીનું રહ્યું છે મોટું યોગદાન**

**પ્રોહીબીશનનો કડક કાયદો અને સરકારી જમીન પર દબાણ અંગે લેન્ડ ગ્રેબીંગના કાયદાઓની કડક અમલવારી સ્વ. વિજયભાઈના સમયકાળમાં જ કરાઈ તેવી જમીન દબાણકારો સીધાદૌર થઈ ગયા અને સાચા જમીન માલિકને પણ થઈ ગઈ શાંતિ**

**કચ્છ સહિત રાજ્યમાં બેફામ બનેલા જમીન અતિક્રમણના દુષણને ડામવા લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એક્ટની કરાવી હતી અમલવારી : મૃદુભાષી છતાં મક્કમ નિર્ણય લઈ પ્રશાસનિક કુશળતાના તેમણે કરાવ્યા હતા દર્શન**

**કચ્છમાં નર્મદાના વધારાના નીરની ફાળવણીમાં મુખ્યમંત્રી તરીકે સ્વ. રૂપાણીનું મહત્વનું યોગદાન : કચ્છમાં પ્રવાસન સ્થળોના વિકાસ, કૃષિ અને વેટરનરી કોલેજની જાહેરાત સાથે કચ્છ પ્રત્યે અપાર સ્નેહની કરાવી હતી ઝાંખી : મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ પહેલા અને પછી પણ કચ્છ સાથે તેમનો સ્નેહ રહ્યો અકબંધ**

ભુજ : ગુરૂવારે અમદાવાદમાં સર્જાયેલી ગોઝારી વિમાની દુર્ઘટનામાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું નિધન થયું હતું. ૭મી ઓગસ્ટ ૨૦૧૬થી ૧૧મી સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી રાજ્યની શાસનધુરા સંભાળનાર સ્વ. વિજયભાઈ રૂપાણીએ કુશળ શાસનકર્તા તરીકે પ્રશંસા મેળવી જ હતી. અનેક પ્રજાલક્ષી નિર્ણયો સાથે કચ્છ અને ગુજરાત તેમને લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ -૨૦ની રાજ્યની અમલવારીના નિર્ણય માટે હંમેશા યાદ રાખશે. વર્ષ ૨૦૨૦માં તેમણે રાજ્યમાં લેન્ડ ગ્રેબિંગ પ્રોહિબિશન એકટ -૨૦ને અમલી બનાવવાની જાહેરાત કરી હતી. આ અધિનિયમ હેઠળ જમીન પર અતિક્રમણ કરનારને આજીવન કેદ સુધીની કડક જોગવાઈના પગલે ગેરકાયદેસર જમીન પચાવી પાડતા માથાભારે તત્ત્વોમાં હડકંપ મચી ગયો હતો. ખાસ કરીને કચ્છ જિલ્લામાં બેફામ બનેલા ભૂમાફિયાઓ અને અન્યોની જમીન પર પેશકદમી કરનાર માથાભારે તત્ત્વો પર કાયદાની લગામ કસાઈ હતી.

પોતાના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં સ્વ. રૂપાણીએ કચ્છ જિલ્લા પર અપાર સ્નેહ વરસાવ્યો હતો. વર્ષ ૨૦૧૮ અને ૧૯ના અછતના દિવસોમાં કચ્છમાં પશુધન માટે પાણી અને ઘાસચારાની વ્યવસ્થામાં કોઈ કચાસ ન રહે તે માટે તેમણે અંગત રીતે રસ દાખવ્યો હતો. પશુ સબસીડી રૂા. ૩૫થી વધારીને રૂા. ૭૦ કરી મોટી રાહત આપી હતી. માનવ વસતી કરતાં વધુ પશુધન ધરાવતા કચ્છ જિલ્લામાં અછત જેવી સ્થિતિને ગંભીરતાથી લઈ જૈન શ્રેષ્ઠી મુખ્યમંત્રીએ અબોલજીવો પ્રત્યેની પોતાની અનુકંપા અને સંવેદનશીલતાના દર્શન કરાવ્યા હતા, જેને કચ્છનો પશુપાલક અને માલધારી સમુદાય કદીયે વિસરી શકશે નહીં.

પાણીએ કચ્છ જેવા સુકા મુલક માટે કિંમતી જણસ સમાન છે. કચ્છને નર્મદાના વધારાના પાણીની ઘોષણા સાથે મોડકુબા સુધી નર્મદાના નીર પહોંચાડવાની જાહેરાત મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યકાળમાં થઈ હતી. કચ્છને નર્મદાના વધારાના પાણીની યોજના માટે તેમણે ૩૪૭૫ કરોડની ફાળવણી કરી હતી. સાથે માંડવીમાં ડિસેલિનેશન પ્લાન્ટની ભેટ પણ તેમણે જ આપી હતી.

પ્રવાસનક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી રહેલા કચ્છના નારાયણસરોવર, ઝુલેલાલનું મંદિર, માતાનામઢ જેવા પ્રવાસન સ્થળોના વિકાસ માટે મુખ્યમંત્રી તરીકે સ્વ. વિજયભાઈનું યોગદાન મહત્વનું રહ્યું છે. લખપતમાં ગુરૂદ્વારાનું ખાતમુહૂર્ત તેમના હસ્તે કરાયું હતું. તો અંજારમાં વીર બાળભૂમિ સ્મારક માટે રૂા. પાંચ કરોડની તેમણે ફાળવણી કરી હતી. કચ્છ સરહદનું રખોપુ કરતા સૈન્યના જવાનો માટે મોબાઈલ કનેકટીવીટી અને અન્ય સુવિધાઓ પહોંચાડવામાં તેમનું મહત્વનું યોગદાન વિસરી શકાય નહીં.

સ્વ. વિજયભાઈના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં જ ગુજરાત સહિત દેશભરમાં કોરોનાની મહામારીએ હાહાકાર મચાવ્યો હતો. કચ્છ - ગુજરાતમાં પણ કોરોનાથી અનેક લોકોએ જીવ ગુમાવ્યા હતા. મુખ્યમંત્રી તરીકે તેમણે ગુજરાત સરકારની તમામ શક્તિ પ્રજાને ઓછામાં ઓછી તકલીફ થાય અને લોકોને સારવાર મળી રહે તે માટે લગાવી હતી. કચ્છના કોરોનાના પ્રથમ મહિલા દર્દી સ્વસ્થ થતાં તેમણે વીડિયો કોલોના માધ્યમથી વાતચીત કરી હતી. કચ્છમાં કૃષિ અને વેટરનરી કોલેજ સ્થાપવાની જાહેરાત પણ તેમના કાર્યકાળમાં જ કરાઈ હતી.

સરહદી કચ્છ જિલ્લા સાથે તેમનો સ્નેહ મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન જ નહીં, મુખ્યમંત્રી બન્યા પહેલા અને ત્યારબાદ પણ અકબંધ રહ્યો હતો. તેમના આકસ્મિક નિધનથી કચ્છ જિલ્લાએ હિતેચ્છુ શુભચિંતક સ્નેહી ગુમાવ્યા છે.

## ભારે ઉકળાટ વચ્ચે વીજ કાપથી ભુજવાસીઓ અકળાયા

**પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે શહેરના મોટા ભાગના વિસ્તારોમાં વહેલી સવારથી જ વીજ પુરવઠો ઠપ્પ**

ભુજ : આજરોજ પીજીવીસીએલ દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીના ભાગરૂપે જિલ્લા મથક ભુજના મોટા ભાગના વિસ્તારોમાં ફીડરોના મેઈન્ટેન્સ સહિતની કામગીરી કરવામાં આવી રહી હોવાથી શહેરના મોટા ભાગના વિસ્તારોમાં આજે સવારથી જ વીજકાપ મુકવામાં આવ્યો હતો. ભુજ ઉપરાંત માધાપર જુનાવાસ સહિતના વિસ્તારોમાં વીજ વિભાગ દ્વારા અર્બન ફીડર અને ઝાડી કટીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે.

કચ્છમાં હાલે ગરમીનો કપરો દોર ચાલી રહ્યો છે. વરસાદની સંભાવના વચ્ચે હવામાં ભેજના ઉંચા પ્રમાણના કારણે પરસેવા યુક્ત બફારાથી લોકોની કસોટી થઈ રહી છે ત્યારે આજે ભારે ઉકળાટ વચ્ચે કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહેતા ભુજવાસીઓ ભારે ગરમીથી અકળાયા હતા. વહેલી સવારે જ મોટા ભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. આજે રજાનો શનિવાર હોવાથી સરકારી કચેરીઓ અને બેન્કો બંધ રહી હતી પરંતુ કોમર્શીયલ સ્થાનો પર કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યો હતો પરંતુ વીજળીનો પુરવઠો ખોરવાયેલો હોવાથી લોકોને મુશ્કેલી અનુભવી પડી હતી. ચોમાસા દરમિયાન વીજ વિક્ષેપ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા પ્રિ-મોન્સૂન કરવામાં આવતી હોય છે. કાળઝાળ ગરમીના દોરમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકો અકળાયા હતા.

### ખરીફ પાકની સીઝનના પ્રારંભ પૂર્વે

## કચ્છમાં નકલી બિયારણ અને જતુંનાશક દવાઓનો વેપલો કરતા લેભાગુઓ સક્રિય

**ચોમાસુ સીઝન માટે કચ્છના કિસાનો ખરીદીમાં તકેદારી રાખે તેવો જાગૃત કિસાન અગ્રણીઓએ કર્યો અનુરોધ : બિનસાક્ષર ખેડૂતોને સસ્તા ભાવની લાલચ આપી બનાવટી કે, હલકી ગુણવતાવાળા બિયારણ અને દવાઓ ધાબડી દેતા તત્ત્વો સામે કડક કાર્યવાહી જરૂરી**

**છેતરપીંડીથી બચવા બિયારણ, ખાતર અને જતુંનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ ધરાવતી સહકારી મંડળીઓ, સંસ્થાઓ કે, વિક્રેતાઓ પાસેથી જ કરવા અપાયું સૂચન**

ભુજ : ચોમાસાની સિઝન નજીક આવી પહોંચી છે, ત્યારે કચ્છ જિલ્લાના કિસાનોએ ખેતીની નવી સિઝન માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આવનાર દિવસોમાં ખેડૂતો દ્વારા બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીનો ધમધમાટ શરૂ થઈ જશે. ત્યારે જિલ્લામાં બનાવટી બિયારણો અને જંતુનાશક દવાઓનો ગેરકાયદેસર વેપલો કરતા તત્ત્વો સક્રિય બની જશે. વિતેલા વર્ષો દરમ્યાન પણ ખરીફ પાકની સિઝનમાં બનાવટી બિયારણ અને જતુંનાશક દવાઓ ખેડૂતોની બિનસાક્ષરતાનો લાભ લઈ ધાબડી દેવામાં આવી હોવાની ફરિયાદો ઉઠી હતી. ભોળા ખેડૂતોને સસ્તા ભાવની લાલચ આપી ગેરપ્રવૃતિ કરનારાઓએ છેતરી લીધાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી.

કચ્છ જિલ્લાના ખેડૂતોને ચોમાસુ સીઝનમાં વિવિધ પાક, શાકભાજીના વાવેતર માટે હવે બિયારણની જરૂર પડશે. પાક ઉછેર અને કિટકોના નાશ કરવા માટે જંતુનાશક દવાઓ પણ ખેડૂતો ખરીદશે. ત્યારે કચ્છ જિલ્લામાં રાફડાની જેમ ફાટી નિકળેલા બિયારણ અને જતુંનાશક દવાઓના વેપારીઓ પૈકી કેટલાક લેભાગુઓ ખેડૂતોની બિનસાક્ષરતાનો લાભ લઈ હલકી ગુણવતાવાળા બિયારણો અને જતુંનાશક દવાઓ ઓછા ભાવની લાલચ આપી પધરાવી દેવા સક્રિય બન્યા છે. આવી હલકી ગુણવતાવાળા કે નકલી બિયારણ અને જતુંનાશક દવાઓના વપરાશથી ખેડૂતોને પાક નિષ્ફળ જવાથી મોટી નુકશાની વેઠવી પડતી હોય છે. દર વર્ષે કચ્છમાં આવા લેભાગુઓ ભોળા અશિક્ષિત ખેડૂતોને સસ્તા ભાવની લાલચ આપી છેતરી જતા હોય છે. ત્યારબાદ સીઝનભર કરેલી તનતોડ મહેનત બાદ પાક નિષ્ફળ જતો હોય છે, ત્યારે ખેડૂતોને માથે હાથ દઈ રોવાનો વારો આવે છે.

રાજ્ય કૃષિ વિભાગે ખેડૂતોને છેતરપિંડીથી બચવા બિયારણ, ખાતર અને જતુંનાશક દવાઓની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ પરવાનો ધરાવતી મંડળીઓ, સંસ્થાઓ કે, વિક્રેતાઓ પાસેથી ખરીદવા અનુરોધ કર્યો છે. આ ઉપરાંત ખરીદીનું પાકું બિલ લેવાની, મુદ્દત પુરી થયેલા ઈનપુટો ન ખરીદવા, અનધિકૃત અને ભળતા નામથી વેચાતા બિયારણો, ખાતર કે, જતુંનાશક દવાઓની ખરીદી ન કરવા તથા કોઈ સ્થળે હલકી ગુણવતાવાળા કે, નકલી બિયારણ કે, જતુંનાશક દવાઓનું વેચાણ થતું હોય તો જિલ્લા ખેતીવાડી કચેરીને જાણ કરવા જણાવાયું છે.